**ગુડ મોર્નિંગ**

અસત્યનો આશરો
લઈને સત્યની શોધ
કરવી શક્ય નથી.

# જય હિન્દ

પ્રકાશ ✱ પ્રગતિ ✱ પવિત્રતા

**આજનું હવામાન**
અમદાવાદ:૩૧/૧૬°C
સૂર્યોદય :૦૭-૧૬
સૂર્યાસ્તઃ ૬-૩૦

સ્થાપકઃ- બાબુભાઇ શાહ    તંત્રીઃ યશવતભાઇ શાહ

website: www.jaihinddaily.com    પુસ્તક ૬૨ મું અંકઃ૧૩  સંવત ૨૦૭૯  મહા વદ-૩ બુધવાર,  તા.૮-૨-૨૦૨૩  પાનાં ૧૬ કિંમત રૂા.૩.૫૦

## ભૂકંપથી ૨૦ હજારથી વધુના મોતની WHOની આશંકાઃચારેકોર લાશોના ઢગલા

# તુર્કી-સીરિયામાં ભૂકંપથી મૃત્યુ આંક ૫૦૦૦ને પાર

અંકારા,તા.૭

તુર્કી અને સીરિયામાં સોમવારે આવેલા ભૂકંપથી અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ લોકોનાં મોત થયા છે. ત્રણ મોટા ભૂકંપ બાદ તુર્કી અને સીરિયામાં ભારે તબાહી સર્જાઈ છે. રિક્ટર સ્કેલ પર ૭.૮, ૭.૬ અને ૬ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. જે બાદ ચારેકોર લાશોના ઢગલાં જોવા મળી રહ્યા છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, હજારો લોકો ઘાયલ થયા છે અને કાટમાળ નીચે ફસાયેલા પોતાના લોકોને શોધી રહ્યા છે.

ભૂકંપથી સર્જાયેલી તબાહીને ધ્યાનમાં રાખીને તુર્કીના

### તુર્કીમાં ૩ મહિના માટે કટોકટી જાહેર

રાષ્ટ્રપતિ રજબ તૈયબ એર્દોગને ૧૦ પ્રાંતોમાં ૩ મહિનાની કટોકટી જાહેર કરી છે.

ભારત સહિત દુનિયાના અનેક દેશોએ રાહત સામગ્રી રવાના કરી દીધી છે. ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું કે તુર્કીમાં ભૂકંપથી ૨૯૨૧ અને સીરિયામાં ૧૪૪૪ લોકોનો મોત થઈ ચૂક્યા છે. માનવમાં આવી રહ્યું છે કે, આ મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. પહેલો ભૂકંપ તુર્કીના ગજિયાનટેપ પ્રાંતની નજીક નૂરદાગીમાં આવ્યો હતો, જે સીરિયા બોર્ડર પર છે. બીજો ભૂકંપ એકિનોઝાહુમાં આવ્યો હતો, જે કહારનમારસ પાસે છે અને ત્રીજો ભૂકંપ ગોકસનમાં આવ્યો હતો જે આજ પ્રાંતમાં છે. આ વિનાશક ભૂકંપ બાદ રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગાન તરફથી સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે. આ દરમિયાન આખા દેશમાં અને બીજા દેશોમાં તેમના દૂવાવાસો પર તુર્કીના ઝંડાને અડધો નમેલો રાખવામાં આવશે. મંગળવારે તુર્કી અને સીરિયામાં ભૂકંપના ઝટકા આવવાનું હજુ પણ ચાલુ છે. ચોવીસ કલાકમાં અહીં અનેક ઝટકા આવી ચૂક્યા છે. જે બાદ લોકોમાં પણ ભારે ડરનો માહોલ છે. WHO તરફથી એવું કહેવામાં આવ્યું છે કે, ભૂકંપના કારણે બંને દેશોનો મૃત્યુઆંક ૨૦ હજાર સુધી પહોંચી શકે છે. સંગઠનના એક સિનિયર ઈમરજન્સી ઓફિસર કૈથરીન સ્મોલવુડનું માનીએ તો હજુ સુધી તબાહીની તસવીરો સામે આવી નથી અને શરુઆતી આંકડાઓની સરખામણીમાં એ આઠ ગણો હોઈ શકે છે. વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ, ત્રણ મોટા ઝટકા બાદ અહીં ૧૦૦થી પણ વધુ ઝટકા આવી ચૂક્યા છે. આખા વિશ્વએ તુર્કી અને સીરિયા માટે રાહત સામગ્રી મોકલવાનું શરુ કરી દીધું છે. ભારત સિવાય યુકે, યુરોપિયન યૂનિયન, રશિયા, અમેરિકા, જોર્ડન, મેક્સિકો, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોએ તુર્કીની મદદ માટે પોતાનો હાથ આગળ કર્યો છે. તુર્કી અને સીરિયાના આ શક્તિશાળી ભૂકંપે દક્ષિણ પૂર્વ પ્રાંતના કહારનમારસ પ્રાંતમાં જોરદાર તબાહી સર્જી છે. પરંતુ તેની અસર લેબનાનની રાજધાની બેરુત સિવાય દમિશ્કમાં પણ જોવા મળી છે. મિસ્ર સુધી નાગરિકોમાં ભારે ડર જોવા મળ્યો છે. વર્ષ ૧૯૯૯માં તુર્કીમાં આવો જ એક ભૂકંપ આવ્યો હતો અને તેમાં ૧૮ હજાર લોકોનાં મોત થયા હતા.





**મિડલ ઈસ્ટના દેશ તુર્કીમાં ગઈકાલે ૭.૮ની તીવ્રતાના આવેલા ભૂકંપના આંચકાએ વ્યાપક વિનાશ વેર્યો છે, ભૂકંપનું કેન્દ્ર બિંદુ સીરિયાની બોર્ડર નજીક હોવાથી સીરિયામાં પણ જાનમાલની મોટી ખુંવારી થઇ છે, આજે પાંચમીવાર ૫.૪ની તીવ્રતાના આંચકા સાથે ચાલુ રહેલા આફટરશોકથી લોકોમાં દહેશત વધારી રહ્યા છે, ભૂકંપગ્રસ્ત તુર્કી અને સીરિયામાં વિશ્વભરના દેશોમાંથી માનવતાના ધોરણે રાહત સહાયનો પ્રવાહ શરૂ થયો છે, તસ્વીરોમાં સ્પેનના માડ્રિડમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે તુર્કી રાહત બચાવ કાર્ય માટે જઈ રહેલા વિમાનમાં બોર્ડ થતા પહેલા સ્પેનિશ ફાયર ફાઈટર્સ તેમનો સરંજામ તૈયાર કરી રહ્યા છે, પછીની તસ્વીરમાં તુર્કીના સૌથી અસરગ્રસ્ત શહેર અદાનામાં ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળમાં દબાયેલા લોકોને એક શખ્સ શોધી રહેલો નજરે પડે છે.**

### ભૂકંપમાં ૨૦ ખુંખાર ત્રાસવાદીઓ જેલમાંથી ફરાર

ઈસ્તંબુલઃ તુર્કીની સીરીયાઈ સીમા પાસે આવેલી રાજો જેલમાં પણ ભૂકંપની સર્જાયેલી અફડાતફડીનો લાભ ઉઠાવી ૨૦થી વધુ ખુંખાર ત્રાસવાદીઓ નાસી છુટવા હોવાના ખબર છે. જેમની કેટલીક દિવાલો તૂટી પડતા કેદીઓએ તુર્ત જ જેલ પર કબજો જમાવી દીધો હતો તથા એક ખાસ અલગ સ્થળે રખાયેલા આઈએસ સંગઠન સહિતના ૨૦ ખુંખાર ત્રાસવાદીઓ નાસી છુટયા છે. તેઓને સિકયોરીટી ગાર્ડના હથિયારો પણ સાથે લેતા ગયો હતો.

### તુર્કીની હાલત પર મોદી ભાવુક થયા



નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેઓ ૨૦૦૧ના કચ્છના વિનાશક ભૂકંપ બાદ ગુજરાતના સુકાની બન્યા હતા. તેઓએ બાદમાં કચ્છના પુનઃ નિર્માણમાં પણ જે ભૂમિકા ભજવી તે આજે પણ કચ્છના લોકો યાદ કરે છે તો આજે ભાજપની સંસદીય દળની બેઠકમાં શ્રી મોદીએ તુર્કીના ભૂકંપગ્રસ્તોને અંજલી આપતા સમયે ૨૦૦૧ના કચ્છના ભૂકંપને યાદ કરીને ભાવવાહી થઈ ગયા હતા.

કચ્છના એ ભૂકંપમાં પણ હજારો લોકોના મોત થયા હતા અને તે ગુજરાતમાં એક વિપદાની ઘડી હતી. મોદીએ તુર્કીમાં ૭.૮ની તીવ્રતા સાથેના ભૂકંપ અને બાદના બે વિનાશક આંચકાથી જે વ્યાપક તારાજી-જાનહાની સર્જાઈ છે તેમાં ભારતે તુર્ત જ મદદ મોકલી છે તે જણાવીને તુર્કી આજે ખૂબ જ ખરાબ હાલતમાં આવી ગયુ છે. ૨૦૦૧માં કચ્છમાં ભૂકંપ હું ભુલ્યો નથી જયારે મારા હજારો ગુજરાતીઓ ભોગ બન્યા હતા.

**ભાજપ સંસદીય દળની બેઠકમાં કહ્યું ૨૦૦૧ના કચ્છના ભૂકંપના દ્રશ્યો હજું આંખ સામેથી જતા નથી**

## વિશ્વભરના દેશોમાં બચાવ રાહતનો પ્રવાહ શરૂઃઆફટર શોક ચાલુ રહેતા લોકોમાં દહેશતઃયુદ્ધના ધોરણે બચાવ રાહત કાર્ય ચાલુ

### મિત્ર દેશ તૂર્કી સાથે પણ પાકિસ્તાનની દાંડાઈ

# રાહત સામગ્રી લઈ જતા ભારતીય વિમાનને એરસ્પેસનો ઉપયોગ કરવા દેવા પાક.નો ઈનકાર

નવી દિલ્હી, તા.૭

હાલ તૂર્કી ભૂકંપ જેવી મોટી મુસીબતોનો સામનો કરી રહ્યું છે. તૂર્કી અને સિરીયામાં આવેલા ભૂકંપના કારણે હજારો લોકોના મોત નિપજયા છે, તો હજારો લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. એટલું જ નહીં એક જ દિવસમાં આવેલા ૩ ભૂકંપના કારણે સંખ્યાબંધ ઈમારતો પણ ધ્વસ્ત થઈ છે. આ ઘટનામાં હજુ પણ મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. દરમિયાન તૂર્કીને મદદ કરવા માટે ભારત સહિત વિશ્વભરના દેશો આગળ આવ્યા છે, જોકે આ દુઃખ ઘટનામાં પણ પાકિસ્તાનની 'ગંદી હરકતો' સામે આવી છે. પોતાને તૂર્કીનો સૌથી મોટો મિત્ર કહેનાર પાકિસ્તાને રાહત સામગ્રી ભરેલા ભારતીય વિમાનને તેના એર સ્પેસનો ઉપયોગ કરવાની ઈનકાર કરી દીધો છે. અંગ્રેજી ન્યૂઝ ચેનલ વીઓનની વેબસાઈટને ટાંકીને જણાવાયું છે કે, પાકિસ્તાને રાહત સામગ્રી લઈને તુર્કી જઈ રહેલા ભારતીય વિમાનને એર સ્પેસ આપવાનો ઈન્કાર કરી દીધો છે.

**પાકિસ્તાન દ્વારા પોતાના એર સ્પેસનો ઉપયોગનો ઈનકાર કરાતા ભારતીય વિમાને લાંબો રૂટનો સહારો લેવો પડ્યો**

ફર્સ્ટ પોસ્ટના અહેવાલો મુજબ, પાકિસ્તાન દ્વારા પોતાના એર સ્પેસનો ઉપયોગનો ઈક્રાર કરાતા ભારતીય વિમાને લાંબો રૂટનો સહારો લેવો પડ્યો, જેના કારણે કટોકટીના સમયે તૂર્કી સુધી મદદ પહોંચાડવામાં મોડું થયું. અગાઉ તૂર્કીમાં ભૂકંપ આવ્યાના થોડાં જ સમયમાં ભારત દ્વારા મદદ કરવાની જાહેરાત કરાતા ભારતમાં તૂર્કીના એમ્બેસેડર ફિરત સુનેલે આભાર વ્યક્ત કર્યો હતો.

### હિમાલયન ક્ષેત્રમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના

# આજે દેશના પશ્ચિમ ભાગમાં વરસાદની આગાહી

નવી દિલ્હી, તા.૭

આગામી કેટલાક દિવસો દરમિયાન દેશના પશ્ચિમી ક્ષેત્રના ઘણા ભાગોમાં વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૮ થી ૧૦ ફેબ્રુઆરીની વચ્ચે દેશના પશ્ચિમ ભાગમાં છૂટાછવાયાથી ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. જયારે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થશે. ગુલમર્ગમાં ૧૩ ઈંચ (૩૫ સેમી) થી વધુ બરફ પડ્યો હતો અને જમ્મુ અને કાશ્મીરના અન્ય ભાગોમાં સતત વરસાદ પડ્યો હતો. આઈએમડીએ તેના હવામાન બુલેટિનમાં જણાવ્યું છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ આગામી ૨૪ કલાક દરમિયાન પશ્ચિમ હિમાલયના વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.



આઈએમડીના જણાવ્યા પ્રમાણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ૮ ફેબ્રુઆરીની રાતથી પશ્ચિમ હિમાલયન ક્ષેત્રને અસર કરે તેવી શક્યતા છે. તેની અસરને કારણે ૮ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન પશ્ચિમ હિમાલય વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૯ અને ૧૦ ફેબ્રુઆરીએ પણ આ વિસ્તારમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરવામાં આવી છે. ગુરુવારે કાશ્મીર ઘાટીમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની પણ સંભાવના છે. હવામાન વિભાગે ૭ ફેબ્રુઆરી સુધી અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયના વિવિધ ભાગોમાં વીજળી અને કરા સાથે વાવાઝોડાની આગાહી કરી છે.આ વચ્ચે આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો અને ત્યારબાદ ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. આગામી ત્રણ દિવસ દરમિયાન મધ્ય ભારતના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની શક્યતા નથી.

## જમ્મુ કાશ્મીરના ઘણા ભાગોમાં અવિરત વરસાદઃગુલબર્ગમાં ૧૩ ઈંચ બરફ વર્ષા

### સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ભારતનું આકરૂં વલણ

# જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે

વોશિંગ્ટન, તા.૭

હાલમાં પાકિસ્તાન પોતાના અસ્તિત્વ માટેની લડાઈ લડી રહ્યું છે અને ભયાનક આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. તેમ છતાં પાકિસ્તાન કાશ્મીર પર નજર ટકાવી બેઠું છે. પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો. જે બાદ ભારતે તેને જડબાતોડ જવાબ આપ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિએ કહ્યું કે પાકિસ્તાનના પ્રતિનિધિ ગમે તે કહે અથવા માને, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને રહેશે. ભારતીય પ્રતિનિધિએ

**પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ફરી એકવાર કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો હતો. જે બાદ ભારતે તેને જડબાતોડ જવાબ આપ્યો**

કહ્યું કે, અમને પાકિસ્તાની પ્રતિનિધિમંડળ પાસેથી કોઈ પણ જાતની અપેક્ષા નથી. ભારતની બિનસાંપ્રદાયિકતાની ઓળખાણ અને મૂલ્યો સામે તેમને તકલીફ થઈ રહી છે. અને તે ભારતના મૂળ પાયા વિરુધ નફરતની આગ ફૂંકી રહ્યું છે. ગયા વર્ષે નવેમ્બરમાં પણ પાકિસ્તાને કાશ્મીર મુદ્દે ભારતને ઘેરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, ત્યારે પણ ભારતના પ્રતિનિધિએ પાકિસ્તાનના પ્રચારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનના હતાશાથી ભર્યા પ્રયાસો અને બહુપક્ષીય મંચોનો દુરુપયોગ કરવાની ખરાબ આદત સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન છે.

# સોનિયા ગાંધીની તબિયત ફરી એકવાર લથડી, સંસદમાંથી રાહુલ ગાંધીની સાથે રવાના

ન્યુ દિલ્હી : કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની તબિયત ફરી એકવાર બગડી છે. સંસદમાં સોનિયા ગાંધીની તબિયત લથડી હોવાની માહિતી મળી રહી છે. જે બાદ સોનિયા ગાંધીને રાહુલ ગાંધી સસંદમાંથી ઘરે લઈ ગયા છે.



જ્યાં તેઓની સારવાર હાથ ધરવામાં આવશે. લોકસભાની કામગીરી પહેલા સોનિયા ગાંધીની ફરી એકવાર તબિયત લથડી છે.

સોનિયા ગાંધીએ ગરમ જેકેટ પહેર્યું હતું, ત્યારે સંસદમાં અચાનક બેચેની અનુભવવા લાગ્યા હતા . જે બાદ રાહુલ ગાંધી તેમને ઘર તરફ લઈ જવા રવાના થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી આજે સંસદમાં બોલવાના હતા પણ માતાની તબિયત અચાનક ખરાબ થઈ જતા તેઓ તેમને સંસદમાંથી ઘરે લઈ જવા નીકળી ગયા છે. ત્યારે રાહુલ સોનિયા ગાંધીને ઘરે ડ્રોપ કરી પાછા આવીને લોકસભામાં બોલશે.

આ પહેલા યુપીએ અધ્યક્ષ જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં બીમાર પડ્યા હતા. શ્વસન ચેપને કારણે તેમને સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### ભારત માટે ગૌરવ સમાન બાબત

# મૂળ ભારતીય અપ્સરા અય્યરની હાર્વર્ડ લૉ રિવ્યુના અધ્યક્ષપદે પસંદગી કરાઈ

વોશિંગ્ટન, તા.૭

દેશ માટે ગર્વની વાત છે. હાર્વર્ડ લૉ સ્કુલમાં સેકન્ડ યરની ભારતીય-અમેરિકી વિદ્યાર્થિની અપ્સરા અય્યરને પ્રતિષ્ઠિત હાર્વર્ડ લૉ રિવ્યુના અધ્યક્ષ પસંદ કરવામાં આવ્યા છે. લૉ રિવ્યુના ૧૩૬ વર્ષના ઈતિહાસમાં આ પહેલીવાર છે જ્યારે કોઈ ભારતીય મૂળની મહિલાએ આ પદ સંભાળ્યુ છે.



હાર્વર્ડ લૉ સ્કુલના અંતર્ગત સંચાલિત થનારી લૉ રિવ્યુ એક એવી સંસ્થા છે, જે કાયદા ક્ષેત્રમાં પ્રકાશિત થનારા જનકલના લેખોની સમીક્ષા અને પસંદગીનું કામ કરે છે. આની સ્થાપના વર્ષ ૧૮૮૭માં થઈ હતી. 'ધ હાર્વર્ડ ક્રિમસન' એ પોતાના એક રિપોર્ટમાં કહ્યુ છે કે અપ્સરા અય્યરને હાર્વર્ડ લૉ રિવ્યુના ૧૩૭મા અધ્યક્ષ પસંદ કરવામાં આવ્યા. હાર્વર્ડ લૉ રિવ્યુના અધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા મુદ્દે અપ્સરા અય્યરે ખુશી વ્યક્ત કરી છે. તેમણે કહ્યુ કે લૉ રિવ્યુ અધ્યક્ષ તરીકે તેમનો હેતુ લેખોની સમીક્ષા અને પસંદગીની પ્રક્રિયામાં વધુ સંપાદકોને સામેલ કરવા અને ઉચ્ચ ગુણવત્તા વાળા કાર્ય માટે પ્રકાશનની પ્રતિષ્ઠાને જાળવી રાખવાનો છે.

# તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી તા. ૧૦ માર્ચથી તા. ૭ જૂન દરમિયાન કરાશે

ગાંધીનગર, તા. ૭

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, આગામી તા. ૧૦ માર્ચથી તા. ૭ જૂન ૨૦૨૩ દરમિયાન તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે. મંત્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે, વર્ષ ૨૦૨૨-૨૩માં એડવાન્સ એસ્ટીમેટ મુજબ તુવેરનું ૨.૧૦ લાખ હેકટર, ચણનું ૭.૩૧ લાખ હેકટર તથા રાઈનું ૩.૨૧ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે. તેઓએ ઉમેર્યુ કે, વર્ષ ૨૦૨૨-૨૩માં તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી માટે ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વીસીઈ મારફતે નોંધણી નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર તા. ૧-૨-૨૦૨૩થી ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. જે આગામી તા. ૨૮-૨-૨૦૨૩ સુધી ચાલુ રહેશે. તા. ૭-૨-૨૩ સુધીમાં તુવેર પાકમાં કુલ ૧,૪૩૧, ચણા પાકમાં ૧,૧૬,૧૨૭ તથા રાયડા પાકમાં ૯૪૯ ખેડૂતોએ નોંધણી કરાવેલ છે. રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૧૦-૩-૨૩ થી તા. ૭-૬-૨૩ દરમિયાન ટેકાના ભાવે ખરીદી કરાશે તેમ પણ મંત્રીએ ઉમેર્યુ હતું.

## રાજ્યમાં વાહન સ્ક્રેપીંગ પોલીસીની અસરકારક અમલવારી માટે ૨૦૪ ફિટનેશ સેન્ટરને મંજુરીઃપ્રવક્તા મંત્રી

તેમણે વધુમાં ઉમેર્યુ કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુથી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં તુવેર પાકનો ટેકાનો ભાવ રૂા. ૬૬૦૦ પ્રતિ ક્વિન્ટલ, ચણાનો રૂા. ૫૩૩૫ પ્રતિ ક્વિન્ટલ તથા રાઈનો ભાવ રૂા .૫૪૫૦ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. તુવેરની ખરીદી ૧૩૫ કેન્દ્રો અને રાઈની ખરીદી ૧૦૩ કેન્દ્રો પરથી કરાશે.

વાહનોથી થતા પ્રદૂષણ દૂર કરવાની સાથો સાથ વાહનોની ફિટનેસ તેમજ રોડ સેફ્ટીને પ્રાધાન્ય આપવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે તેમ જણાવતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, રાજ્યમાં વાહન સ્ક્રેપીંગ પોલીસીની અસરકારક અમલવારી માટે ૨૦૪ ફિટનેશ સેન્ટર બનાવવાની પ્રાથમિક મંજૂરી આપવામાં આવી છે. આ ફિટનેશ સેન્ટરો માર્ચ ૨૦૨૩ સુધીમાં કાર્યરત થશે. આ ફિટનેશ સેન્ટરના નિર્માણથી ઓટો સેક્ટરમાં આત્મનિર્ભરતાને વેગ મળશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

મંત્રીએ ઉમેર્યુ કે, આ પોલીસીમાં ૧૫ વર્ષ જૂના કોમર્શિયલ વાહનોનું ફિટનેસ ટેસ્ટ કરાવવાની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યના ૨૩ લાખ વાહનોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેર જનતાની માલિકીના અને ખાનગી ૧૫ વર્ષ જૂના વાહનોને સ્ક્રેપ કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું નથી.

સ્ક્રેપ સેન્ટરની મંજૂરી અર્થે કેન્દ્ર સરકાર દ્વારા ઓનલાઈન સીંગલ વિન્ડો સીસ્ટમ વિક્સાવવામાં આવી છે. જેના થકી રાજ્યમાં ૨૦૪ ફિટનેશ સેન્ટર બનાવવાની પ્રાથમિક મંજૂરી આપવામાં આવી છે. આ ફિટનેશ સેન્ટરો માર્ચ ૨૦૨૩ સુધીમાં કાર્યરત થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષપણામાં કેન્દ્ર સરકાર દ્વારા ૧૩ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ વાહન સ્ક્રેપીંગ પોલીસી લાગુ કરાવવામાં આવી હતી.

# હજ યાત્રા રૂા.૫૦,૦૦૦ સસ્તી; અરજી મફતઃ કેન્દ્ર સરકારે નવી નીતિ જાહેર કરી

નવી દિલ્હી, તા.૭

ભારત સરકારે નવી હજ પોલિસીમાં કેટલાક નવા ફેરફારો કર્યા છે. નવી પોલિસી મુજબ હજ અરજી ફ્રી હશે. હજ યાત્રીઓને ૫૦ હજાર સુધીનું ડિસ્કાઉન્ટ મળશે. હજ યાત્રીઓએ છત્રી, ચાદર અને સૂટકેસ જેવી ચીજવસ્તુઓ માટે પૈસા ચૂકવવા પડશે નહીં. ટૂંક સમયમાં હજ યાત્રાળુઓ માટે હજ યાત્રાના ફોર્મ જારી કરવામાં આવશે.



નવી હજ પોલિસી ૨૦૨૩ સોમવારે જાહેર કરવામાં આવી છે. કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રાલયે જાહેરાત કરી છે. ભારત સરકારે નવી હજ પોલિસીમાં કેટલાક નવા ફેરફારો કર્યા છે. નવી પોલિસી મુજબ હજ અરજી ફ્રી હશે. હજ યાત્રીઓને ૫૦ હજાર સુધીનું ડિસ્કાઉન્ટ મળશે. હજ યાત્રીઓએ છત્રી, ચાદર અને સૂટકેસ જેવી ચીજવસ્તુઓ માટે પૈસા ચૂકવવા પડશે નહીં. ટૂંક સમયમાં હજ યાત્રાળુઓ માટે હજ યાત્રાના ફોર્મ જારી કરવામાં આવશે. દેશમાં સૌથી વધુ સંખ્યામાં હજયાત્રીઓ યુપીમાંથી હજ પર જાય છે.

નવા આદેશ મુજબ આ વખતે હજ યાત્રા માટે અરજી મફત હશે.

હવે જનાર વ્યક્તિએ ૫૦૦૦૦ થી ૬૦૦૦૦ ઓછો ખર્ચ કરવો પડશે.

ગત હજ યાત્રામાં સામાન્ય હજ યાત્રીનો સરેરાશ ખર્ચ ૩૯૦૦૦૦ હતો જે આ વખતે ઘટશે.

હજયાત્રામાં હાજીનો રોકાણનો સમયગાળો ૪૦ને બદલે ૩૦ દિવસનો રહેશે. જરૂર વાંચ્યા પછી જ ૩૦ દિવસથી લંબાવવામાં આવશે.

અગાઉ અરજી કરતી વખતે સૂટકેસ, છત્રીની થેલી, ચાદરના પૈસા લેવામાં આવતા હતા, હવે એવું નહીં થાય, મુસાફરો પોતાના હિસાબે ખરીદી શકશે. તેનાથી પૈસાની પણ બચત થશે.

આ વખતે હજયાત્રામાં વૃદ્ધો, વિકલાંગો અને ૭૦ વર્ષથી વધુ વયની મહિલાઓને પ્રાથમિકતા મળશે.

૪૫ વર્ષથી ઉપરની કોઈપણ મહિલા વ્યક્તિગત રીતે પણ અરજી કરી શકે છે. પહેલા ચાર મહિલાઓ સાથે જવાનો નિયમ હતો.

૧૭૫૦૦૦ હજ યાત્રીઓમાંથી ૮૦ ટકા હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા જશે.

૨૦ ટકા હજ યાત્રીઓ હજ ગ્રુપ ઓર્ગેનાઈઝર દ્વારા જશે.

આ વખતે ૨૫ એમ્બર્ગો પોઈન્ટ બનાવવામાં આવશે. તે હાજીની પસંદગી હશે કે તેણે કયા પ્રતિબંધ બિંદુથી જવું જોઈએ. આ વખતે હાજીનું આરોગ્ય તપાસ માત્ર સરકારી આરોગ્ય કેન્દ્રમાં જ થશે, ખાનગી હોસ્પિટલનું ચેકઅપ માન્ય રહેશે નહીં.

દરેક રાજ્યની હજ કમિટીના એક અધિકારી પણ હજ પર જશે.

હવે દર વર્ષે હજ પોલિસી જારી કરવામાં આવશે. અગાઉ તે ૫ વર્ષ માટે નક્કી કરવામાં આવ્યું હતું.

## સૂટકેસ, છત્રી, ચાદરના પૈસા નહીં લેવામાં આવેઃ ૪૫ વર્ષથી વધુની વયની મહિલાને એકલા જવાની છૂટ

# એપોલો કેન્સર સેન્ટર દ્વારા કેન્સરના દર્દીઓ માટે નવી પહેલ શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૭

**વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે એપોલો કેન્સર સેન્ટર (એસીસી) દ્વારા કેન્સરની સંભાળમાં રહેલા અંતરાયને દૂર કરવા માટે એક સમાજ તરીકે સાથે મળીને કામ કરવાના મહત્વને સ્વીકૃતિ આપી છે. એસીસીનો ઉદ્દેશ કેન્સરની સારવારને સમર્થન આપવા માટે અસરકારક સકારાત્મક ભાવનાત્મક પરિણામને ધ્યાનમાં રાખીને અનન્ય પહેલ હાથ ધરીને પોતાના દર્દીઓની સારવારની સફરમાં અલગ અનુભવ લાવવાનો છે.**

## કેન્સર યોધ્ધાઓના જીવનમાં કરૂણા અને સકારાત્મકતા ઉમેરવાનો ઉદ્દેશ



આ પહેલના ભાગ રૂપે એસીસીને આશા છે કે, આનાથી બાળરોગથી પીડિત એવા દર્દીઓના જીવનમાં પ્રકાશ આવશે અને તેમની સંભાળ લઈ શકાશે જેઓ કેન્સર પર વિજય મેળવવાની તેમની સફરમાં પડકારોનો સામનો કરી રહ્યા છે. પોતાના મિત્રો સાથે દિલથી દિલનો ખુશીઓનો સંવાદ કેન્સર ચેમ્પિયન માટે ખુશી લાવશે. સ્વસ્થ અને સ્વાદિષ્ટ ઘરે રાંધેલું ભોજન તેમના જીવનમાં ઉત્સાહ લાવવાની સાથે સાથે તેમને કેન્સર સામે લડવાની તાકાત પણ આપશે. એપોલો સીબીસીસી ખાતે આ પહેલના મિશનનો ઉદ્દેશ્ય નાની વયના કેન્સર ચેમ્પિયનના જીવનમાં શાંતિ લાવવાનો અને વધુ સારૂં જીવન જીવવા તરફની તેમની સફરમાં તેમને માનસિક રીતે મજબૂત રહી શકે તે માટે આનંદ લાવવાનો છે.

હોસ્પિટલના સીઈઓ ડેપ્યુટી મેડિકલ ડાયરેકટર ડૉ. નવીન કેસવાણીએ જણાવ્યું હતું કે એપોલો સીબીસીસી કેન્સર સેન્ટરમાં અમે અમારા દર્દીઓ સાથે ખૂબ જ ઘનિષ્ટતાપૂર્વક કામ કરીએ છીએ અને તેમની ન કહેવાયેલી જરૂરિયાતોનું પણ ધ્યાન રાખીએ છીએ. શાળા, મિત્રો અને પરિવારોથી દૂર હોય તેવા બાળ દર્દીની સારવાર કરતા હોઈ ત્યારે જરૂરી છે કે અમે માત્ર તેમનીસારવાર જ નહીં પરંતુ સારવારની આ સફર દરમિયાન શક્ય હોય તેવી રીતે ભાવનાત્મક શક્તિ પૂરી પાડવામાં આવે તેની પણ અમે ખાતરી કરીએ. અમે દર્દીઓને ઘર જેવો અનુભવ થાય તેવી રીતે શક્ય તેટલી શ્રેષ્ઠ કાળજી સાથે સંભાળના અંતરાયને દૂર કરીએ છીએ. આ પહેલ હેઠળ, જ્યારેઅમે બાળ દર્દીઓ સાથે તેમના મિત્રો અને માતા-પિતાને મુલાકાત કરવા માટે આમંત્રિત કરવાનું નક્કી કર્યુ છે તેની પાછળની એક માત્ર પ્રેરણા એ છે કે અમે આમ કરીને તેમના ચહેરા પર સ્મિત અને ઉત્સાહ લાવીશું.

### મુશ્કેલ સમયમાં મિત્રને મળી મારી ભાવના સજીવન થઈઃ દર્દી

દર્દી હસને જણાવ્યું હતું કે એપોલો સીબીસીસી સેન્ટરમાં ડોકટરો, ચિકિત્સકો અને અન્ય સ્ટાફે હંમેશા મુશ્કેલ સમયમાં મને પીઠબળ આપ્યું છે. જ્યારે મેં મારા મિત્રને હોસ્પિટલમાં મને મળવા આવતા જોયા, ત્યારે મને શાળામાં આનંદ અને મસ્તીના દિવસો યાદ આવી ગયા અને એકંદરે તેનાથી મારી ભાવના સજીવન થઈ છે. એપોલો સીબીસીસી એ મુલાકાતની વ્યવસ્થા કરી તે બદલ આભાર. મારા મુશ્કેલ દિવસોમાં તેમને અહીં મળવા બદલ હું ખૂબ આભાર માનું છું. દર્દીના મિત્ર યાસીન જણાવ્યું કે આટલા મુશ્કેલ સમયમાં મારા મિત્રને મળવાની તક મળવાથી મને ખૂબ જ આનંદ થયો.



**ધોરડોમાં જી-૨૦ની ટુરિઝમ વર્કીંગ ગ્રુપની બેઠકના પ્રથમ દિવસે સાંજે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ સહ ગાલા ડિનરનું આયોજન કરાયું હતું તે પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રિયમંત્રી જી.કે. રેડ્ડી, પરષોત્તમ રૂપાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.**

# મહિલા તબીબ સાથે છેતરપીંડી

અમદાવાદ,તા.૭

**શહેરના ઈસનપુર ખાતે મહિલા તબીબ સાથે ઓનલાઈન રૂા.૮૫,૩૦૮ની છેતરપીંડી થવા પામી હતી.**

## ઈસનપુરની ઘટનાઃરૂા.૮૫,૩૦૮ ઓનલાઈન ટ્રાન્સફર કરી દીધા

જાણવા મળતી માહિતી અનુસાર શહેરના ઈસનપુર ખાતેના અંબિકા ટેનામેન્ટમાં રહેતા ડો. જયશ્રીબહેન એન. વાઢેર તેમના મોબાઈલ ફોનમાં આઈસીઆઈસીઆઈ બેંકની એપ્લીકેશનનો ઉપયોગ કરતા હતા.

જો કે, તે એપ્લીકેશન ખુલતી ન હોઈ ગત તા.૧૮ જાન્યુઆરીના રોજ ડો. જયશ્રીબાહેનો આઈસીઆઈસીઆઈ બેંકની IBIZZ નવી એપ્લીકેશન ડાઉનલોડ કરતા તેમાં સટ્મર કેર નંબર આપ્યો હતો. તેથી તેઓએ તે નંબર ઉપર સંપર્ક કરતાં ફોન ધારકે કસ્ટમર કેરમાંથી વાત કરતાં હોવાનું જણાવ્યું હતું કે, તેમજ જયશ્રીબહેનના મોબાઈલમાં લીંક મોકલી એપ્લીકેશન ખોલવા માટે પ્રોસેસ કરાવી ડો. જયશ્રીબહેનના ખાતામાંથી ઈન્ટરનેટના માધ્યમથી રૂા.૮૫,૩૦૮ ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત- છેતરપીંડી કરી હતી.

આ બાબતે તેઓએ ઈસનપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# પૂર્વ મંત્રી ગજેન્દ્રસિંહ પરમારની ૧૭મી સુધી ધરપકડ નહીં કરવા હાઈકોર્ટનો હુકમ

અમદાવાદ, તા.૭

**છેડતી કેસમાં રાજ્યના પૂર્વ મંત્રી અને પ્રાંતિજના વર્તમાન ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને હાઈકોર્ટે આંશિક રાહત આપી છે. હાઈકોર્ટે ગજેન્દ્રસિંહની આગામી તા.૧૭ ફેબ્રુઆરી સુધી ધરપકડ ન કરવા આદેશ કર્યો છે.**

## છેડતી કેસમાં ધારાસભ્ય ગજેન્દ્રસિંહને આંશિક રાહત : તપાસમાં સહકાર આપવા કોર્ટમાં બાંહેધરી

હાઈકોર્ટે સિરોહી ડીએસપીને નોટિસ ઈશ્યૂ કરી ગજેન્દ્રસિંહની ધરપકડ ન કરવા આદેશ પણ આપ્યો છે ત્યારે ગજેન્દ્રસિંહે હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. પૂર્વ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય ગજેન્દ્રસિંહ સામે રાજસ્થાનના સિરોહી ખાતે પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.

પૂર્વ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર તથા સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશ પટેલ સહિત કુલ ચાર સામે રાજસ્થાનમાં સગીરા સાથે છેડતીની ફરિયાદ નોંધાઈ હતી. આબુ રોડ પોલીસ મથકમાં ૨૦ જાન્યુઆરીએ આ ગુનો નોંધાયો હતો. ફરિયાદ કરનાર સગીરાની માતાએ ગત વર્ષે આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો અને પીડિતાની માતાએ પૂર્વ મંત્રી સાથે શારીરિક સંબંધ હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો.

આ લોકોના ત્રાસના કારણે મેં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મેં પોલીસ મથકમાં અરજી આપી તો ફરિયાદ લેવામાં આવી નહીં. બાદમાં કોર્ટમાં અરજી કર્યા બાદ ગુનો નોંધવાનો આદેશ કર્યો હતો.

આ કેસમાં પોલીસ તેમની ધરપકડ કરવા પ્રયાસ કરી રહી હતી ત્યારે હાઈકોર્ટના ૧૭મી સુધી ધરપકડ નહીં કરવાના આદેશથી રાહત મળી છે. બીજી તરફ તેમણે પોલીસ તપાસમાં મદદ કરવાની બાંહેધરી આપી હતી.

# રાજ્યમાં કોરોનાનો એક પણ કેસ નહીં

અમદાવાદ, તા.૭


રાજ્યમાં આજે કોરોના વાયરસનો એક પણ કેસ નોંધાયો નથી. હાલમાં એક પણ દર્દી વેન્ટિલેટર ઉપર નથી. જ્યારે ૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં ૨ દર્દીઓને ડીસ્ચાર્જ કરાયા હતા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨,૬૬,૬૦૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આ સાથે કોવિડથીસાજા થવાનોદર ૯૯.૧૩ ટકા જેટલો છે. રાજ્યમાં આજે કુલ ૩૬૩૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી હતી.

## જી.કે. રેડ્ડી

(છેલ્લા પાનાનું ચાલુ)

આત્મનિર્ભર ભારત તરફ દોરી જશે. પ્રવાસનમાં ઓછામાં ઓછા રોકાણ સાથે મહત્તમ સંખ્યામાં રોજગારીનું સર્જન કરવાની સંભવિતતા છે અને એટલે પ્રવાસન આર્થિક પરિવર્તન, ગ્રામીણ વિકાસ અને સામુદાયિક સુખાકારી માટે સકારાત્મક બળ બની શકે છે. આવતીકાલે યોજાનારા મુખ્ય કાર્યક્રમમાં પ્રવાસન, સંસ્કૃતિ અને ઉત્તર પૂર્વી પ્રદેશ વિકાસ વિભાગના મંત્રી જી. કિશન રેડ્ડી, કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલા તથા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

## અમૃત બિંદુ



શ્રી સ્વામિનારાયણ મંદિર - કુમકુમ

ઘરમાં કે પરીવારમાં સંપ ના હોય તો સુખ ના આવે. ગમે એટલી સંપત્તિ હોય પણ જ્યાં સંપ નહી હોય તે ઘરમાં સુખ - શાંતિ જોવા નહીં મળે. થોડા પૈસા જતા કરીને પણ પરિવારમાં સંપ રાખવો. થોડું સહન કરતાં શીખવું. ગાડાંનાં પૈડાંમાં તેલ ખૂટે એટલે કીચુડ - કીચુડ અવાજ શરૂ થાય.... તેમ સંબંધોમાં સ્નેહ ખૂટે એટલે કચકચ શરૂ થાય. સંબંધોને સદાય ટકાવી રાખવા હોય તો કાયમ સ્નેહનું તેલ પૂરતા રહો. તો જ સુખી થવાશે. માટે નીચેનું આ વાકય સદાય યાદ રાખજો. સંપ ત્યાં જંપ, નહીં તો ધરતીકંપ.

# અમદાવાદમાં પાણીજન્ય રોગચાળો વકર્યો

અમદાવાદ, તા. ૭

**અમદાવાદમાં છેલ્લા ચાર પાંચ દિવસથી રાત્રે ઠંડી અને દિવસે ગરમી સાથે બેવડી મોસમનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરમાં પાણી જન્ય રોગચાળો વકરી રહ્યો છે. જો કે, મચ્છર જન્ય રોગચાળો કાબૂમાં હોવાનું જોવા મળે છે. ચાલુ વર્ષે ફેબ્રુઆરીના પ્રથમ ચાર દિવસમાં જ શહેરમાં ઝાડા-ઉલ્ટીના ૪૭ કેસ, કમળાના ૨૨, ટાઈફોઈડના ૩૨ અને કોલેરાનો એક કેસ નોંધાયો છે.**

## ફેબ્રુઆરીના માત્ર ૪ દિવસમાં ઝાડા-ઉલટીના ૪૭, કમળાના ૨૨, ટાઈફોઈડના ૩૨ કેસ નોંધાયા


તા. ૪ ફેબ્રુઆરી સુધીમાં ડેન્ગ્યુના ૨ કેસ નોંધાયા છે. તા. ૪ ફેબ્રુઆરી સુધીમાં સીઝનલ ફ્લુના ૨૯ કેસ નોંધાયા છે. શહેરમાં શરદી અને ખાંસીના કેસ, વાયરલ ઈન્ફેકશનના કેસોમાં પણ વધારો થયો છે અને ખાનગી અને સરકારી હોસ્પિટલની ઓપીડીમાં વાયરલ ઈન્ફેકશન, ફીવરના કેસો વધુ જોવા મળે છે.

આરોગ્ય વિભાગના અધિકારી ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે ફેબ્રુઆરીમાં ઝાડા, ઉલટીના ૧૨૧ કેસ, કમળાના ૮૫, ટાઈફોઈડના ૬૬ અને કોલેરાના ૩૪ કેસ નોંધ્યા હતા. ચલુ વર્ષે ફેબ્રુઆરીમાં ફક્ત ૪ દિવસમાં જ શહેરમાં ઝાડા-ઉલટીના ૩૩ ટકા, કમળાના ૨૫ ટકા અને ટાઈફોઈડના ૫૦ ટકા કેસ નોંધાયા છે. લોહીના નમુના ૧૭,૧૧૫ જેટલા નમૂના લેવામાં આવ્યા છે. ડેન્ગ્યુના સિરમ સેમ્પલ ૨૨૬ જેટલા લેવામાં આવ્યા છે. ગત વર્ષે ફેબ્રુઆરીમાં મેલેરિયાના ૫. ફાલસીપારમના ૫, ડેન્ગ્યુના બે કેસ નોંધાયા છે.

આમ, ફેબ્રુઆરીના પ્રારંભમાં મચ્છરજન્ય રોગચાળો કાબૂમાં રહ્યો છે જો કે, વાયરલ ફીવર, વાયરલ ઈન્ફેકશનના કેસ વધી રહ્યા છે. ઝાડા ઉલ્ટીના કેસ જોઈએ તો ચાલુ માસમાં ૪૭ જેટલા નોંધાયા છે, કમળાના ૨૨, ટાઈફોડના ૩૨ કેસ અને કોલેરાનો એક કેસ જોવા મળ્યો છે. જાન્યુઆરીથી ફેબ્રુઆરી સુધી કેસો જોઈએ તો ઝાડા ઉલ્ટીના ૩૫૦, કમળાના ૧૭૧, ટાઈફોડના ૨૧૭ કેસ, કોલેરાના ૨ કેસ નોંધાયા છે. પાણીના અનફિટ સેમ્પલ ૪૦ જેટલા લેવામાં આવ્યા છે. શહેરમાં ૧૧,૯૭૫ જેટલા ક્લોરીનની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

# મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. 'કુત્તે' ફિલ્મના ડિરેકટર (૮)
૮. અહીંના બ્રાહ્મણો જાણીતા છે (૪)
૯. ભારતીય ચલણ (૩)
૧૧. મુખ મેં ... બગલ મેં છૂરી (૨)
૧૨. સૂર્ય (૨)
૧૩. મગ્ન (૨)
૧૪. સતી-ખોટું લખો (૨)
૧૬. જમીનની નીચે (૩)
૧૭. મિનરવા-ઉંધુ લખો (૪)
૨૦. જાહેર આબરૂ (૪)
૨૨. અંજલિ (૪)
૨૪. એકધારૂ (૨)
૨૫. કાળું પક્ષી (૩)
૨૬. આંગણાની પવિત્ર વનસ્પતિ (૩)
૨૮. ત્રણ વત્તા ત્રણ (૧)
૨૯. એક વાદ્ય (૩)
૩૧. એક (૨)
૩૪. લોહી (૨)
૩૫. માણસને મારી ખાતો (૫)

### ઉભી ચાવી

૨. મંજૂરી, સહમત (૪)
૩. ફ્લોર (૨)
૪. પાંચ વત્તા ચાર (૨)
૫. એક નદી (૩)
૬. આવશ્યકતા (૪)
૭. દેહ, શરીર (૨)
૧૦. એક ધાતુ (૩)
૧૧. સરકાર તરફથી મળતું અનાજ (૩)
૧૫. લોકઅપ (૪)
૧૬. પ્રાથમિક શિક્ષણનો વિષય (૩)
૧૮. ચાંદીથી તોલવું (૫)
૧૯. અંગારો (૩)
૨૧. એકસરસાઈઝ (૪)
૨૩. ભળી જવું, એક થઇ જવું (૪)
૨૭. સીવવું (૩)
૩૦. બીયુટી (૨)
૩૨. નાટક : .., ... ખુન્નસ (૨)
૩૩. ભાઇ-મરાઠીમાં (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | લે | ન્ટા | ઈ | ન | | આ | હ | લે | ક |
| ચા | | | શા | | સા | લુ | | | રિ |
| ણ | | રૂ | વા | બ | | | કા | લિ | યા |
| | | દ્ર | શ્ય | મ | | જ | | | વ |
| મૂ | ક | | મ | | જ | લ | સા | ધ | ર |
| | ર | જ | | રા | | વા | લ | | |
| મા | ણ | સ | | હ | લ | | સા | ર | પ |
| | અ | ત | રં | ગી | | ક | | ર | ગ |
| | જૂ | | ક | ર | ણ | જો | હ | ર | |
| સ | ન | કી | | | | કં | ગ | ર | |

On Behalf of **Jaihind Publication:** Yashwant Narottamdas Shah - Publisher, Printer, Editor
• **Place of Publication :** Jaihind Press Building, Ashram Road, Navrangpura, Ahmedabad-380009
**Phone:** 079-26587052/53
• **Email Address:** info@jaihinddaily.com
@jaihinddaily @jaihinddaily

તંત્રી સ્થાનેથી...

# દેશમાં વૈકલ્પિક ઉર્જા ઉત્પાદનમાં જરૂરી ગતિ મેળવવી જોઈએ

વીજળી અને પાણી માનવ જીવન માટે પ્રાણપ્રેરક . જો કે, હવા પણ જોઈએ. ઋતુઓ વિના પણ ચાલવાનું નથી. એટલે એમ કહેવાય કે, કુદરત સાથેના સીધા અનુસંધાન વિના માણસ જીવી શકે નહીં. માણસ- માણસ વચ્ચેનો પ્રેમ, હૂંફ, સહકાર, સ્નેહતણો સથવારો, મિલન મુલાકાત, સંસર્ગથી સંસર્ગ સુધીનું જોડાણ પછી આવે. પહેલા માણસને પાણી, વીજળી, હવા મળવા જોઈએ. આપણે કેટલાક વર્ષોથી અનિયમિત ઋતુની વાતો કરીએ છીએ. કેમ કે, વરસાદ વધઘટ થયા કરે, જોઈએ ત્યારે મળે નહીં, ભરપુર તરસાવે, જરૂર ના હોય ત્યારે બારેયમેઘ ખાંગા થઈને તૂટી પડે, ચારેબાજુ જળબંબાકાર કરી નાખે. નદીઓમાં પૂર આવે. વસ્તીને નુકસાન થાય. ખેતરો ડૂબાડૂબ બને. ખેતીનો હર્યોભર્યો પાક ખરાબે ચડે. આ બધી પરિસ્થિતિ જોતા એમ જ કહી શકાય કે, માણસે પોતે જ આ સ્થિતિ માટે જવાબદાર છે. એણે જંગલો કાપ્યા, નદીના તળ ઊંડા ગયા. રેતીના ખટારેખટારા ભર્યા. નદી ઊંડી ગઇ. પાણીનો સ્ત્રોત ખલાસ થયો. નદી કાંઠાના ખેતરોને પાણી જોઈએ. એટલે ખેડૂતોએ નદીમાં પાઈપો ઉતારી, મોટર દ્વારા પાણી ખેંચવા માંડ્યું. વીજચોરી તો હવે કાયમનો વિષય બની ગયો. માણસે જંગલો કાપ્યા એટલે પર્યાવરણ ડામાડોળ બન્યું. વરસાદ ખેંચાયો. ઉનાળામાં અને શિયાળામાં માવઠું થાય. ગમે ત્યારે માવઠા થાય તેની પણ નવાઈ નથી રહીં. ગરમી લાગવી વધુ પડતી ઠંડી. હમણા ઉત્તરાખંડમાં ભૂસ્ખલન થયું ત્યારે હાહાકાર મચી ગયો હતો. તુર્કીમાં ભૂકંપના ઝટકા આવ્યા અને તેની અસરોથી સિરિયા ઘવાયું, ૨૩૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા હોવાનું કહેવાય છે. ભુસ્ખલનના કારણે ઘણા મકાનો તૂટ્યા રસ્તામાં તરાડો પડી. રસ્તા ઉપરાંત મકાનોમાં તિરાડો ઉપસી આવી. સ્થિતિ ખૂબ જ ચિંતાજનક બની. આ બધી કુદરતી આપદાઓ અને આફતો છે. નદીમાં પૂર આવે. દરિયામાં સુનામી આવે તે બધું કુદરતના પ્રકોપના કારણે બને તે સ્વાભાવિક છે, કુદરત જ્યારે વિફરે છે ત્યારે માણસ રડી શકતો નથી. હકીકતમાં માણસે જ કુદરતના નિયમોમાં અવરોધો ઊભા કર્યા તેના કારણે ભૂકંપો અને ભૂસ્ખલન જેવા ઘટનાક્રમો સામે આવ્યા છે. દેશમાં વૈકલ્પિક ઉર્જા ઉત્પાદન ના થતું હોય તેની પાછળ પણ કુદરતનું રુસણું ગણાય. ઉર્જા ઉત્પાદન માટે નૈસર્ગિક અસરો થોડા ઘણા અંશે અસર પહોંચાડે છે. પાણી અને વીજળીનો મેળ ના પડે, આમ છતાં કહેવાય છે કે, પાણી પણ વીજ સુવિધામાં ઉપયોગી થઈ શકતું હોય છે. પણ અહીં દેશમાં વૈકલ્પિક ઉર્જા ઉત્પાદન કઇ રીતે વધે તેની ગતિમાં ઝડપ કઇ રીતે આવી શકે તેની વાત કરીશું. વીજળી આમ તો એક રીતથી લાઈફ લાઈન બની ગઈ છે. એટલા માટે જ્યારે પણ વીજળીનાં સંકટના સમાચાર સામે આવે છે ત્યારે ચિંતા થાય તે સ્વાભાવિક છે. આ ચિંતા એટલા માટે પણ થાય છે કેમ કે દરેક વખતે દેશભરમાં ક્યાંક તે ક્યાંક વીજળી સંકટનો સામનો કરવો પડે છે. વૈકલ્પિક વ્યવસ્થાઓની શોધનો દાવો પણ સરકારો જોરશોરથી કરે છે. પરિણામે પણ શૂન્ય જ રહે છે. કેન્દ્રીય વિદ્યુત પ્રાધિકરણના તાજા

**માણસે જંગલો કાપ્યા એટલે પર્યાવરણ ડામાડોળ બન્યું. વરસાદ ખેંચાયો. ઉનાળામાં અને શિયાળામાં માવઠું થાય. ગમે ત્યારે માવઠા થાય તેની પણ નવાઈ નથી રહી**

ઈલેક્ટ્રિક સર્વે રિપોર્ટમાં ચેતવણી અપાઈ છે કે, આ વખતે ગરમીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને દિલ્હીમાં વીજળીની માંગના વર્ષો જૂના રેકોર્ડ ધ્વસ્ત થઈ જશે. આ માંગ ગરમીના પીક પર થવાની વાત કરાય છે. સહજ અંદાજ લગાવી શકાય છે કે, જો માંગ અનુરૂપ પર્યાપ્ત વીજળીની વ્યવસ્થા નહીં થાય તો આ પ્રદેશોમાં વીજ સંકટ ઘેરું બની શકે છે. ગત વર્ષે ગરમીના પીકમાં દેશભરમાં ૨,૧૪,૦૬૮ મિલિયન યુનિટ વીજળીની ખપત થઈ હતી જે આ વખતે ૨,૩૦.૧૪૪ મિલિયન યુનિટ સુધી થવાનું અનુમાન છે. આ સ્થિતિ ત્યારે છે જ્યારે વીજળીની અધિક માંગવામાં પ્રદેશોમાં કેટલાયે મોટા પ્રોજેક્ટ અત્યાર સુધીમાં પુરા નથી થયા. વીજળી સંકટનું મોટું કારણ કોલસાની અછત ગણાય છે. એ સાચુ પણ છે કે, કાર્બન ઉત્સર્જન રોકવા માટે કોલસા આધારિત વીજળી ઘરોને સરકારો હતોત્સાહિત કરતી જાય છે. વૈકલ્પિક ઉર્જાની વાતો આપણે ત્યાં ખૂબ થાય છે. પણ આ દિશામાં એટલું કામ નથી થતું જેટલું થવું જોઈએ. આ કારણ છે કે, જ્યારે પણ વીજળી સંકટ પેદા થાય છે ત્યારે રાજસ્થાન જ નહીં, તમામ બીજી સરકારો પણ કોલસા આધારિત વીજળી સંયંગોપર જ ધ્યાન દેવામાં ગુંથાય જાય છે. વૈકલ્પિક ઉર્જાના રૂપમાં સૌર તથા પવન ઉર્જા સંયંગો પર ગત વર્ષોમાં કામ ખૂબ થયું છે એ વાતથી ઈન્કાર થઈ શકતો નથી. પણ જે ગતિથી કામ થવું જોઈએ તે ક્યાંય દેખાતું નથી. ખેડૂતોને રાત દિવસ વીજળી પુરવઠો અપાવાના દાવા દરેક રાજનિતિક પક્ષો કરે છે પરંતુ વીજ સંકટના સમયમાં સૌથી વધુ માર પણ ખેડૂતો પર પડે છે. લગાતાર એમ પણ કહેવાય છે કે, વીજળીની જે પ્રકારે માંગ વધતી જાય છે એમાં વીજળી પુરવઠા તંત્રના સંચાલનનું કામ પણ મુશ્કેલ ભર્યું થવાનું છે. આપણે સરળતાથી ઉપલબ્ધ સૌર ઉર્જા પર વધુ ભાર મૂકવો જોઈએ.

# ભારતની G-૨૦ની અધ્યક્ષતાઃ સહિયારા વિકાસ સાથે સાર્વત્રિક એકજૂથતાનો સમન્વય

ભારતની G૨૦ની અધ્યક્ષતાની મુખ્ય થીમ - વસુધૈવ કુટુમ્બકમ રાખવામાં આવી છે તમામ સજીવો એટલે કે માણસો, પ્રાણીઓ, વનસ્પતિ અને સુક્ષ્મસજીવો બહુમૂલ્યવાન હોવાની પુષ્ટિ કરે છે અને પૃથ્વી ગ્રહ પર એકબીજા સાથે તેઓ જોડાયેલા છે.

આપણા આદરણીય પ્રધાનમંત્રીના શબ્દોમાં કહીએ તો, ભારતની G-૨૦ની અધ્યક્ષતા આ સાર્વત્રિક એકજૂથતાને આગળ ધપાવશે અને આ પ્રકારે ''એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'' સૂત્રને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે.

G૨૦નું નેતૃત્વ કરવાની તક એવા તબક્કામાં આવી છે જ્યારે અસ્તિત્વના જોખમોમાં વૃદ્ધિ થઈ રહી છે અને દીર્ઘકાલિન ઉકેલો શોધવાની અત્યંત તાકીદની જરૂર છે. વિશ્વના વિકાસશીલ દેશોને આબોહવા સંબંધિત આર્થિક સહાય અને ટેકનોલોજી દ્વારા સહકાર આપીને સહજ ઊર્જા સંક્રમણ પર ભાર મૂકીને આબોહવા પરિવર્તનને લગતા મુદ્દાઓનો ઉકેલ લાવવો એ ભારતની અધ્યક્ષ તરીકેની ટોચની પ્રાથમિકતા છે. દુનિયા માટે અર્થપૂર્ણ અને ટકાઉક્ષમ ઉકેલો મેળવવા માટે, ગ્લોબલ સાઉથને પણ તેમની આકાંક્ષાઓ અને મુદ્દાઓ પર પ્રકાશ પાડીને તેમની વાત સાંભળવામાં આવે, તેમને પોતાના મુદ્દાઓ રજૂ કરવાનો અવસર આપવામાં આવે તે અનિવાર્ય છે કારણ કે, આમાંના સંખ્યાબંધ દેશો ઉચ્ચ સ્તર પર પોતાની વાત રજૂ કરી શકતા નથી.

દુનિયા આજના સમયમાં ઊર્જા ક્ષેત્રે અનેક પડકારોનો સામનો કરી રહી છે જેમાં – સુલભતા, સુરક્ષા, પરવડતાથી લઈને આબોહવા પરિવર્તનના વૈશ્વિક મુદ્દા સુધીના તમામ પાસાઓ આવી જાય છે. ટકાઉક્ષમ ઊર્જા ભવિષ્યનું નિર્માણ કરવા માટે આ મુદ્દાઓને સર્વગ્રાહી રીતે જોવામાં આવે તે મહત્વપૂર્ણ છે.

તેના ભાગરૂપે ભારત, લૉ કાર્બન ડેવલપમેન્ટની વ્યૂહરચના માટે ખૂબ જ પ્રતિબદ્ધ છે. ભારતનું ઊર્જા ઉત્પાદનનું મિશ્રણ ઝડપથી અક્ષય ઊર્જાના સતત વધતા હિસ્સા તરફ આગળ વધી રહ્યું છે. આજે, ભારત સમગ્ર વિશ્વમાં ત્રીજો સૌથી મોટો અક્ષય ઊર્જા ઉત્પાદક દેશ છે અને તેની કુલ સ્થાપિત ઊર્જા ક્ષમતામાંથી ૪૨.૨૫% હિસ્સો બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી આવે છે.

**ભારતની G-૨૦ની અધ્યક્ષતા આ સાર્વત્રિક એકજૂથતાને આગળ ધપાવશે અને આ પ્રકારે ''એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'' સૂત્રને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે**

સ્થાપિત ક્ષમતાની દૃષ્ટિએ આપણે સમગ્ર દુનિયામાં ચોથો સૌથી મોટો દેશ પણ છીએ અને વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામી રહેલા અક્ષય ઊર્જાના મુકામ પૈકી એક છીએ.

ભારતે ૨૦૨૧માં અક્ષય ઊર્જાની ક્ષમતામાં દુનિયાભરમાં થયેલી વૃદ્ધિના સૌથી ઝડપી સ્તરો પૈકીના સ્તરે (૭૦%ના સ્તરે) વૃદ્ધિ નોંધાવી છે અને અક્ષય ઊર્જા ક્ષેત્રમાં રોકાણ મામલે ૨૦૨૧માં જ ૧૧.૩ અબજ અમેરિકી ડૉલર સુધીનું રોકાઈ થઈ ગયું છે. ભારતના GDPમાં ઉત્સર્જનની તીવ્રતા પણ ૨૦૦૫ના સ્તર કરતાં ૨૮% ઘટી ગઈ છે.

ભારત, આબોહવા પરિવર્તનને લગતી સમસ્યાઓનો દીર્ઘકાલિન ઉકેલ શોધવામાં ઝડપી ગતિએ




આગળ વધી રહ્યું છે. આ બાબત ૨૦૨૧માં ગ્લાસગો શિખર સંમેલનમાં આદરણીય પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને અનુસરે છે, જેમાં ૨૦૩૦ સુધીમાં કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો કરવાની તેમણે પ્રતિબદ્ધતા દાખવી છે. CCPI ઈન્ડેક્સ (ક્લાઈમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ)માં, ભારતને ટોચનું પ્રદર્શન કરનારા મોટા દેશોમાં સ્થાન આપવામાં આવ્યું છે. .

ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામી રહેલા અર્થતંત્રોમાંથી એક છે, જે એક અબજથી વધુ લોકોની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે.

૨૦૪૦ સુધીમાં આપણી ઊર્જાની માંગ બમણી થઈ જશે તેવું અનુમાન છે. આ અનુમાનિત વૃદ્ધિની સાથે સાથે ટકાઉક્ષમ વીજ ઉત્પાદન, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો, ઊર્જા સંરક્ષણ અને આબોહવા પરિવર્તનમાં ઘટાડો કરવાની જવાબદારી પણ આવે છે.

સરકારે દેશના દરેક ગામ અને દરેક જિલ્લાને આવરી લેતા સાર્વત્રિક પારિવારિક વિદ્યુતીકરણને પ્રાપ્ત કરવાના હેતુથી સૌભાગ્ય - 'સાર્વત્રિક વપરાશ માટેની યોજના'નો પ્રારંભ કર્યો છે. ભારતે ૨૦૧૯ના અંત સુધીમાં વિક્રમજનક સમયમાં સાર્વત્રિક વીજળી પહોંચાડવાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું હોવાથી, કુલ ૨૮.૬ મિલિયન ઘરો સુધી વીજળી પહોંચી શકી છે.

ભારતમાં ઊર્જા કાર્યક્ષમતાને ઉચ્ચ પ્રાથમિકતા પ્રાપ્ત થઈ છે. નીતિ સ્તરે, વ્યક્તિગત અને સંસ્થાકીય સ્તરે ઊર્જાના સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે સંખ્યાબંધ પહેલ હાથ ધરવામાં આવી છે અને હસ્તક્ષેપ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૫માં UJALA (સૌના માટે પરવડે તેવા LED દ્વારા ઉન્નત જ્યોતિ) જેવી યોજનાઓ શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય ઉષ્માથી પ્રકાશિત ૭૭૦ મિલિયન બલ્બના સ્થાને LED બલ્બ લગાવવા માટે સ્થાનિક ગ્રાહકોને LED બલ્બ પૂરા પાડવાનો છે, જેના કારણે તે વિશ્વનો સૌથી મોટો LED વિતરણ કાર્યક્રમ ગણાય છે. આ કાર્યક્રમમાં પ્રકાશની જરૂરિયાત માટે વપરાતી ઊર્જામાં કાર્યદક્ષતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે કારણ કે તેનાથી ઊર્જા બચાવવાની પ્રચંડ તક પ્રાપ્ત થાય છે. બીજી ખૂબ જ સફળ યોજના ઉજ્વલા છે – જેમાં પરિવારો અને ઘરોને LPG કનેક્શન પૂરા પાડવામાં આવે છે.

આ યોજના ખાસ કરીને મહિલાઓનું સશક્તિકરણ કરે છે, તેમની મુશ્કેલીઓ ઓછી કરે છે, રસોડામાં તેમણે જે સમય વિતાવવો પડે તેમાં અને એકંદરે તેમના સ્વાસ્થ્યમાં સુધારો કરે છે.

ઊર્જા સંરક્ષણ અધિનિયમ હેઠળ, અમે પ્રોગ્રામ, અચીવ એન્ડ ટ્રેડ યોજના પણ શરૂ કરી છે જેનો ઉદ્દેશ વિશિષ્ટ ઊર્જા વપરાશમાં ઘટાડો કરવાનો છે, એટલે કે, જેમાં ઊર્જાનો ખૂબ જ વપરાશ થતો હોય તેવા ક્ષેત્રોમાં નિયુક્ત ગ્રાહકો માટે સંકળાયેલા બજારના વ્યવસ્થાતંત્ર સાથે ઉત્પાદનના યુનિટ દીઠ ઊર્જાનો ઉપયોગ કરવાનું લક્ષ્ય છે જેથી વેચી શકાય તેવી વધારાની ઊર્જાની બચતના પ્રમાણીકરણ દ્વારા ખર્ચમાં ઘટાડામાં વૃદ્ધિ કરી શકાય. વધારાની ઊર્જા બચતને ઊર્જા બચત પ્રમાણપત્રો તરીકે ઓળખાતા વેપારક્ષમ સાધનોમાં રૂપાંતરિત કરવામાં આવે છે અને ઊર્જા એક્સચેન્જમાં તેનો વેપાર થાય છે.

**- ઊર્જા સચિવ શ્રી આલોક કુમાર**

**સરકારે દેશના દરેક ગામ અને દરેક જિલ્લાને આવરી લેતા સાર્વત્રિક પારિવારિક વિદ્યુતીકરણને પ્રાપ્ત કરવાના હેતુથી સૌભાગ્ય - 'સાર્વત્રિક વપરાશ માટેની યોજના'નો પ્રારંભ કર્યો છે**

## અમૃતા શેરગીલ

# ચિત્રકલાના માધ્યમથી વિશ્વ સમક્ષ ભારતની મહિલાઓની વાસ્તવિક સ્થિતિને રજૂ કરી

વિદેશમાં જન્મેલી અને ભારતમાં ઉછરેલી અમૃતા શેર-ગિલની કળાની સરખામણી 'બંગાળ પુનરુજ્જીવન' દરમિયાન કરવામાં આવેલી સિદ્ધિઓ સાથે કરવામાં આવે છે. આ પ્રતિભાશાળી મહિલા ચિત્રકારને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા ૧૯૭૬ અને ૧૯૭૯માં ભારતના નવ શ્રેષ્ઠ કલાકારોની યાદીમાં સામેલ કરવામાં આવી હતી. અમૃતા શેરગીલનો જન્મ હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં થયો હતો. તેમનું મોટાભાગનું બાળપણ બુડાપેસ્ટમાં વીત્યું હતું. કેમ કે તેમના માતાપિતા ભારત છોડીને હંગેરીમાં જઈ વસ્યા હતા.



૧૯૨૧માં અમૃતા શેરગીલનો પરિવાર શિમલા ગયો. ત્યાં તેણે પિયાનો અને વાયોલિન શીખવાનું શરૂ કર્યું, અને નવ વર્ષની ઉંમરે, તેની બહેન ઈન્દિરા સાથે, કોન્સર્ટ આપવાનું અને નાટકોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. ૧૯૨૪માં, અમૃતાને ઈટાલીના ફ્લોરેન્સની એક આર્ટ સ્કૂલમાં દાખલ કરવામાં આવી. તે શાળામાં તે લાંબો સમય રોકાઈ શકી નહીં. ટૂંક સમયમાં ભારત પરત ફરી, જો કે ત્યાં સુધીમાં તેઓ મહાન ઈટાલિયન ચિત્રકારોની કૃતિઓથી સારી રીતે પરિચિત થઈ ગઇ હતી.

સોળ વર્ષની ઉંમરે તે પેરિસમાં પેઈન્ટિંગ શીખવા ગઈ. પેરિસમાં તેણે પિયર વેલાન્ટ અને લ્યુસિયન સિમોન જેવા ઘણા પ્રખ્યાત કલાકારો પાસેથી પેઈન્ટિંગ શીખ્યા. તેમણે યુરોપિયન ચિત્રકારો પાસેથી પ્રેરણા લીધી. તેમના પ્રારંભિક ચિત્રોમાં યુરોપિયન પ્રભાવ સ્પષ્ટ છે. ૧૯૩૨માં, તેમણે તેમની પ્રથમ સૌથી મહત્વપૂર્ણ કૃતિ 'યંગ ગર્લ્સ' બનાવી, જેના કારણે તેઓ ૧૯૩૩માં પેરિસના 'ગ્રાન્ડ સલૂન' ના સહયોગી તરીકે ચૂંટાયા. આ સન્માન મેળવનાર તે પ્રથમ એશિયન અને સૌથી યુવા કલાકાર હતી.

**રવીન્દ્રનાથ અને અબનીન્દ્રનાથની કળાએ અમૃતા શેર-ગિલને પણ પ્રભાવિત કર્યા, જેનું ઉદાહરણ અમૃતાના ચિત્રોમાં સ્ત્રીઓનું ચિત્રણ છે.**

તે ૧૯૩૪ માં ભારત પરત ફર્યા અને ભારતની પરંપરાગત કલાની શોધ શરૂ કરી. તેણી શિમલામાં તેના પૈતૃક ઘરમાં થોડો સમય રહી, પછી ૧૯૩૬ ની આસપાસ ભારતીય કલાની શોધમાં પ્રવાસ પર નીકળી. તે મુઘલ અને પહારી ચિત્રોથી ખૂબ પ્રભાવિત હતી અને અજંતા ગુફાઓના ચિત્રોએ પણ તેના પર ખૂબ પ્રભાવ પાડ્યો હતો.

અમૃતા શેરગીલની વિશેષતા એ છે કે તેણે પેઈન્ટીંગના પ્રારંભિક ગાળામાં આવા વાસ્તવિક ચિત્રો બનાવ્યા હતા, જેની વિશ્વભરમાં ચર્ચા થઈ હતી. તેમણે ભારતીય ગ્રામીણ મહિલાઓ અને ભારતીય નારીની વાસ્તવિક સ્થિતિને રજૂ કરવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો. જ્યારે તેમણે દક્ષિણ ભારતનો પ્રવાસ કર્યો ત્યારે તેમના ચિત્રોની વિવિધતા વધી. તેમનો ઝુકાવ ભારતની વાસ્તવિક આધુનિકતા તરફ હતો અને તે સમયે શાંતિનિકેતનમાં ચાલી રહેલી પ્રાચીન કલા ચળવળ તરફ ન હતી.

હંગેરીનાં શ્રીમંત કુટુંબોમાં ઍન્તૉનિયેતના પિતાનો આવરોજાવરો હતો. એઓ પોતે પણ શ્રીમંત હતા અને ઊંચા સરકારી હોદ્દા પર હતા. ઍન્તૉનિયેતને પ્રશિષ્ટ યુરોપિયન સંગીતમાં અને તેમાં પણ બીથોવનમાં ખાસ ઊંડી રુચિ હતી. તે સારી પિયાનિસ્ટ હતી. તે ધાર્મિક વૃત્તિ ધરાવતી નહિ છતાં બંને પુત્રીઓ કે જેમાં અમૃતાનો પણ સમાવેશ થાય છે તેને રોમન કૅથલિક સંપ્રદાય અનુસાર બૅપ્ટિઝમ સંસ્કાર આપેલા. એ વધુ પડતી લાગણીશીલ હતી; એને ગમે ત્યારે હતાશાના લાંબા હુમલા પણ આવતા.

ઍન્તૉનિયેત બંને પુત્રીઓને હંગેરિયન પરીકથાઓ અને લોકકથાઓ કહી સંભળાવતાં. અમૃતાએ પાંચ વરસની ઉંમરથી ચિત્રકલામાં ઊંડી દિલચસ્પી દાખવી. એ પેન્સિલ અને જળરંગો વડે કાગળ પર આલેખન કરતી, એણે હંગેરીની મુખ્ય ભાષા 'મૅગ્યાર' પર કાબૂ મેળવ્યો. અમૃતા અને ઈન્દિરાને સ્કૂલમાં દાખલ કરેલાં નહિ, એક શિક્ષકે ઘેર આવીને તેમને મૅગ્યાર લખતાં અને વાંચતાં શિખવાડ્યું.


# માનવ પાસે વિશિષ્ટ શક્તિ છે તેનું નામ છે મનોશક્તિ

એક શિક્ષણ પોતાના કલાસમાં બાળકોને ભણાવતા હતા ને હાથમાં ફૂટપટ્ટી લીધી અને બાળકોને પૂછ્યું કે મારા હાથમાં શું છે તો બાળકો એ જવાબ આપ્યો કે, ફૂટપટ્ટી આગળ પ્રશ્ન કર્યો કે, એનો શો ઉપયોગ તો કોઈએ કહ્યું કે, માપવા માટે કોઈએ કહ્યું કે, મારવા માટે છે. વસ્તુ એકની એક છતાં ય જેમ તેના ઉપયોગ પર આધારિત છે. કોઈક શિક્ષક તેનો ઉપયોગ માપવા સાથે મારવા માટે પણ કરતાં હોય છે.

ઉપરોકત ઉપનયથી મનોશક્તિને ઘટિત કરતાં ગીતાર્થ ગચ્છાધિપતિ ગુરુદેવે ચિંતનધારામાં આગળ વધતા સમજાવેલ કે, માનવ પાસે વિશિષ્ટ શક્તિ છે તેનું નામ છે મનોશક્તિ. આ મનોશક્તિનો ઉપયોગ જો સંકલ્પ માટે થાય તો વિકાસની સાધનામાં આગળ વધાય. સંકલ્પ કોને કહેવાય? એક જ વિચારને દઢતાપૂર્વક પોતાનામાં સ્થિર કરવો તે વિચારમાં તન્મય થઈ જવું તે સંકલ્પ કહેવાય દુનિયા છે ઉંચુ-નીચું આઘુ-પાછું ચાલ્યા જ કરશે તેમાં પણ આપણે આપણા સંકલ્પમાં સ્થિર રહીને મનનું નિયંત્રણ કરવાનું છે.

જે પોતાના મન પર બ્રેક લગાડી શકે છે તે પોતાના મનને સંકલ્પ- વિકલ્પ રૂપ ચકડોળે ન ચઢાવતાં દ્વંદ્વાત્મક પરિસ્થિતિમાં અટવાયા વિના એક સ્થિરતાપૂર્વક સંકલ્પબધ્ધ બની જીવનમાં આગળ વધે છે અને પ્રભુની આજ્ઞામાં પોતાના મનને જોડી દે છે. અને આધ્યાત્મિકતામાં આગળ વધે છે.

મનની અકળ ગતિ છે યાને સમજાય તેવું નથી એટલે જ કોઈ ચિંતકે આ પંક્તિઓ આલેખી છે. 'ક્યાં કરું મન સ્થિર નહીં રહેતા અધર ફિરે મનમેરા રે- યહ મન કો બેર બેર સમજાયા- સમજ સમજ મન મેરા રે' આમ વારંવાર મનને મનાવવું પડે છે, સમજાવવું પડે છે. ઠેકાણે લાવવું પડે છે, સ્થિર કરવું પડે છે નિયંત્રિત કરવું પડે છે તો જ તે વશમાં આવી શકે છે.



જૈન જગત

- રાજયશસૂરિશ્વરજી મ.સા.

માટે જ કહેવાય છે કે, 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' જેણે મનને વશ કર્યું છે તેના માટે તન પણ વશમાં અને વિશ્વ પણ વશમાં બની જાય છે.

કદાચિત્ એટલે જ પૂર્વકાલીન પુરૂષો 'મનસુખ' નામ પાડતાં હતા, કારણ કે જ્યારે માણસને મનમાં સુખની અનુભૂતિ થવા લાગે છે. પછી તેને બધામાં જ સુખ-સુખ- સુખ લાગે છે. અને સુખની વ્યાખ્યા માટે તો એવું છે કે, 'જેણે જેમાં સુખ માન્યુ તે તેહમાં' આખરે બધે જ મનના ખેલ છે આ રીતે ભાવાત્મક માનસિક પૃથક્કરણ પૂજ્ય ગુરૂદેવ વારંવાર કરે છે. અને મનના વિવિધ ભાવોનો સ્પષ્ટતયા ખ્યાલ આપે છે.

માનવ પાસે બીજી મહાશક્તિ છે. 'વાચન શક્તિ' જે શબ્દો દ્વારા પ્રગટિત થાય છે, તે શબ્દ શણગારે છે અને સળગાવે પણ છે. ઉપયોગ પર નિર્ધારિત છે. મહાભારતમાં દ્રૌપદીએ કહ્યું કે, 'આંધળા ના છોકરા આંધળા' એમાં એક મહાભારતનું સર્જન થયું અને અનેક માનવોના સંહાર થયો કેટલાય પ્રાણીઓનો નાશ થયો. ચિંતકો કહે છે કે હાડકા વિનાની જીભ કેટલાય ના હાડકા ભાંગી નાંખે છે.

શબ્દનો ઉપયોગ વરદાન આપવા માટે પણ થાય છે અને અભિશાપ આપવા માટે પણ થાય છે. શાસ્ત્રીય પંક્તિના સારને સમજાવતાં સૂરિજીએ કહેલ કે, સાવદ્યવચન યાને પાપકારી વચન ન બોલવું- પાપકારી વચન કોને કહેવાય તેનું વિશ્લેષણ કરતાં પૂજ્યશ્રીએ ફરમાવેલ- કોઈને ખોટું લાગે- તેવું બોલવું નહીં, ટોન્ટીંગ કે ટોર્ચરીંગ વાળી ભાષા સામેનાની માટે મર્મ ભેદી બને છે માટે તેવું ન બોલવું જોઈએ. અને કદાચ કોઈએ પાપ કર્યું હોય તેની અનુમોદના તેને શાબાશી- પ્રોત્સાહિત વિગેરે વાક્યો બોલી શબ્દોનો યાને વચનશક્તિનો દુરૂપયોગ કરીએ છીએ, તેના પરિવાર- સમાજ- જ્ઞાતિ- દેશ- રાષ્ટ્ર વિશ્વના તમામ સારા કાર્યોની પ્રશંસારૂપ અનુમોદના કરીએ.

**'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' જેણે મનને વશ કર્યું છે તેના માટે તન પણ વશમાં અને વિશ્વ પણ વશમાં બની જાય છે**

વચનશક્તિના સદુપયોગ માટે પૂજયશ્રીએ સુંદર સુભાષિતનું સ્મરણ કરેલ. 'વચને કા દરિદ્રતા' વચનશક્તિમાં ગરીબાઈ શા માટે એમાં તો યાને સારૂં બોલવામાં તો પૈસા નથી જતાં રહેવાના તો પછી સમજ કે 'મીઠું મીઠું' બોલ થારો કોઈ બિગડે' મીઠું બોલવાથી તારૂં શું બગડશે મીઠું બોલવાથી તે લોકોમાં પ્રિય બને છે આ વાક્યને ચરિતાર્થ કરતી એક પંક્તિ પૂજ્યશ્રીએ કહેલ કે, 'કાકા કીસીકા કુછ ન હરે- કોયલ કિસીકો ન દે.

આનાથી જ સમજવાનું છે કે, મીઠું અને મધુર બોલો. તીર્થંકર પ્રભુ જાણે છે કે, કોઈક આત્મા મૃત્યુ પામી પરલોકમાં દુર્ગતિ તરફ જવાનો છે છતાં પણ પ્રભુ કેવા શબ્દો ફરમાવે છે હે દેવાનુપ્રિય! દેવોને પણ પ્રિય કહે છે પણ સ્વર્ગગામી કે નરકગામી- દુર્ગતિગામી જેવા શબ્દપ્રયોગો ન કરતાં કેવા સુંદર સરસ શબ્દોનો સદુપયોગ કરે છે. આવા પ્રભુની સ્તુતિ કરતાં પણ આપણી જીભ ધન્ય ધન્ય થઈ જાય એટલે જ કોક કવિએ ગાયું છે કે, 'જે જીભ જિનવર ને સ્તવે તે જીભને પણ ધન્ય છે' અર્થાત્ સદાય સારા કાર્યોમાં જીભનો ઉપયોગ થાય તો વચનસિધ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ભક્તિ પ્રિય પૂજ્યપાદશ્રીએ પ્રરૂપેલ કે પ્રભુ ભક્તિ-શિવશક્તિ જીવભક્તિ વિ. કાર્યોમાં જોડાવાથી કાયાની શક્તિ વૃદ્ધિગત થાય છે. મન- વચન- કાયા અમૃતમય બની જાય છે અને સતતને સતત શુભ ભાવોની રમણાતા- શુભવચનોનો પ્રયોગો- શુભ કાર્યોમાં કાયા વ્યસ્ત બની જાય છે. આ રીતે મળેલી ત્રિશક્તિનો ઉપયોગ નહીં પણ સદુપયોગ કરીને. જીવનને ધન્ય બનાવીને અને જો કદાચ તેમાં નિષ્ફળતા મળે તો પ્રભુના ચરણનો સ્પર્શ કરીને કહીએ કે હે પ્રભો!

આપે તો નિરંતર આ શક્તિનો સદુપયોગ જ કર્યો છે મારી પર એવી કૃપા વરસાવો કે આપના સ્પર્શથી દર્શનથી વંદનથી પૂજનથી મારા પણ સર્વયોગો શુભકાર્યમાં જ લાગેલા રહે. આ પદાર્થો પૂજ્યશ્રી ઉત્તરાધ્યન સૂત્રમાંથી નિરૂપણ કરેલ.

### રાજ્ય પોલીસ વડા આશીષ ભાટીયાના હસ્તે

# મોડાસાની મહિલા પીએસઆઈને કમાન્ડેશન ડીસ્ક એવોર્ડ અપાયો



મોડાસા, તા. ૭

મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કોમલ રાઠોડ સાબરકાંઠા જિલ્લામાં ફરજ દરમિયાન એસઓજી, પેરોલફર્લો અને હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં કામગીરી માટે તેમજ એસઓજી અને પેરોલ ફર્લોમાં ફરજ દરમિયાન અનેક નામચીન નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દેતા તેમની કામગીરીની નોંધ લઈ ગુજરાત રાજ્ય પોલીસવડા આશિષ ભાટિયાએ કમાન્ડેશન ડીસ્ક એવોર્ડથી સન્માનિત કર્યા હતા.

**નામચીન આરોપીઓને ઝડપી જેલ હવાલે કર્યા હતા**

અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા કિશોરસિંહ સીસોદીયા અરવલ્લી જિલ્લા પેરોલ ફર્લો ટીમ પીએસઆઈ ફરજ દરમિયાન અનેક ખૂંખાર આરોપીઓને રાજ્ય સહીત રાજસ્થાનમાં ત્રાટકી દબોચી લીધા હતા એક વર્ષમાં ૧૦૧ આરોપીને દબોચી લઈ જેલ હવાલે કરી દીધા હતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે. એસ. સિસોદીયાની ઉત્તર ગુજરાતમાં શ્રેષ્ઠ કામગીરીને લીધે પસંદગી કરવામાં આવી હતી અને કમાન્ડેશન ડિસ્ક એવોર્ડથી સન્માનિત કર્યા હતા.

પૂર્વ રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ રાજયમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની સારી કામગીરીને બિરદાવવા અને પ્રોત્સાહીત કરવા ડી.જી.પી. કમાન્ડેડ એવોર્ડથી શરૂઆત કરવામાં આવી હતી ત્યારે સતત ત્રીજા વર્ષે રાજ્ય પોલીસ વડા આશિષ ભાટીયાના હસ્તે રાજ્યમાંથી આ એવોર્ડ માટે પસંદગી થયેલ ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કરાઈ પોલીસ એકેડેમી ખાતે એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા જેમાં મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કોમલ રાઠોડ અને અમદાવાદ શહેર પીએસઆઈ કે. એસ. સીસોદીયાને કમાન્ડેશન ડીસ્ક એવોર્ડથી સન્માનિત કર્યા હતા.



### રમતો રમવા ન મળતાં સ્થાનિકોમાં નારાજગી ફેલાઈ

# નડિયાદમાં મેળાના આયોજકોને વિવિધ રમતોની મંજૂરી આપવા માગ

નડિયાદ, તા.૭

નડિયાદમાં માઘ પૂર્ણિમાએ શ્રી સંતરામ મંદિરમાં સાકરવર્ષા કરવામાં આવે છે. ઉપરાંત મેળાનું આયોજન પણ કરવામાં આવે છે. આ મેળો ત્રણ દિવસ માટે ભરાય છે. ચાલુ વર્ષે મેળામાં ચકડોળ સહિત અન્ય રમતોને તંત્ર દ્વારા મંજૂરી આપવામાં ન આવતા સામાન્ય નાગરિકો નિરાશ થયા છે. મેળાના આયોજકો દ્વારા ચકડોળ સહિતની અન્ય રાઈડો મૂકવામાં આવી હતી. આથી જરૂરી મંજૂરી ન મળતા મેળાના આયોજકોને ભારે આર્થિક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. મેળાના આયોજકોને જરૂરી મંજૂરી આપવા સ્થાનિકોની માંગ છે.

**ડભાણના કેળવણીકારનું જૈફ વયે અવસાન**

ખેડા જિલ્લાના ડભાણના કેળવણીકાર શિક્ષક નરસિંહભાઈ પટેલનું જૈફ વયે ડભાણ ખાતે અવસાન થયું છે. સ્વ.નરસિંહભાઈ પટેલના પુત્ર હાલ વિદેશમાં અભ્યાસ કરી રહ્યાં છે.

### જરૂરિયાત મંદોને મદદ કરવા બ્રહ્માકુમારીઝની ટીમ કામે લાગી

# બ્રહ્માકુમારીઝ સંસ્થાના તુર્કીમાં આવેલા સેવા કેન્દ્રોના ભાઈઓ-બહેનો સલામત

પાલનપુર, તા. ૭

તુર્કીમાં આવેલ ૭.૮ના રીક્ટલ સ્કેલના ભૂકંપે ફરી વિશ્વને હચમચાવી દિધું છે.

બ્રહ્માકુમારીઝના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર સંસ્થાના તુર્કીમાં આવેલ અનેક સેવા કેન્દ્રોના બ્રહ્માકુમાર ભાઈ-બહેને સંગઠીત એક પત્ર સંસ્થાના વડા ડૉ. દાદી રતન મોહીનીજીને મોકલ્યો છે. જેમાં જણાવ્યું છે કે તુર્કીના દક્ષીણ પૂર્વમાં આવેલ ઈસ્તાંબુલ, અંતાલ્યા વગેરે શહેરોમાં આવેલ સેવા કેન્દ્રો તથા રાજયોગા ઈશ્વરીય જ્ઞાન દ્વારા પોતાને અધ્યાત્મ સશકત કરતા અનેક બ્રહ્માકુમાર ભાઈ-બહેનો સલામત છે. તુર્કીથી ગુજરાતના બ્રહ્માકુમાર યોગેશભાઈએ જણાવેલ કે અતિ ઠંડીને કારણે તથા કેટલાય કસ્બા ગામડાઓ શહેરોના રોડ પર મોટી તિરાડ પડવાથી ત્યદ્યં પહોંચી શક્યા નથી જયાં મોટા પ્રમાણમાં ભૂકંપગ્રસ્તો ફસાયેલા છે હજુ મોટી ઈમારતો પડવાથી હજારોની સંખ્યામાં લોકો જીવન-મરણ વચ્ચેની અવસ્થામાં પ્રાણ ત્યાગી રહેલ છે. અસંખ્ય બાળકો જેને પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેના રૂદનને શાંત કરવા આશ્વાસન-શાંતિ-ભોજન આપવા બ્રહ્માકુમારીઝની ટીમ કામે લાગવા તૈયારી કરેલ છે તથા મેડીકલ ગ્રુપ બનાવેલ છે. રાજયોગાના માધ્યમથી અખંડ તપસ્યા દ્વારા શકિતશાળી સંકલ્પશકિતને પિડીતો સુધી પહોંચાડવાનું સત્કાર્ય પણ ચાલુ કરેલ છે તથા મૃતાત્માની શાંતિ માટે યોગા કરવામાં આવી રહેલ છે.

**દાદી રતન મોહીનીજીએ સેવા કાર્ય કરવા સૂચન કર્યુ**

બ્રહ્માકુમારીઝના વડા દાદી રતનમોહીનીજીએ પોતાના સંદેશમાં તુર્કીના શ્રધ્ધાળુ ભાઈ-બહેનોને જલદી અસરગ્રસ્ત વિસ્તારમાં જઈ માનવ સેવાના કાર્યમાં લાગી જવા સર્વને અનુરોધ કરેલ છે.

ભારતમાંથી મદદ માટે મોકલેલ એનડીઆરની ટીમ જરૂરી સાધનો, મેડીકલ ટીમ સાથેનું પ્લેન તુર્કી પહોંચી ગયેલ છે તથા મૃત્યુઆંક ૪૦૦૦થી વધુ નો આવેલ છે.

### ચબૂતરો, મંદિર, મૂર્તિઓ મૂકવામાં આવશે

# મોડાસા મહાજન મંડળ દ્વારા મોક્ષધામના નવીનીકરણનો પ્રોજેક્ટ હાથ ધરાયો

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય વડા મથક મોડાસા નગરના સીમાડેથી વહેતી માઝુમ નદીના કિનારે આવેલ અંતમિ ધામ (સ્મશાન ગૃહ)ને જરૂરી સુવિધાઓથી સજ્જ બનાવી આ મોક્ષધામના નવીનીકરણનો પ્રોજેક્ટ મોડાસા મહાજન મંડળ દ્વારા અમલમાં મુકાયો છે અને રૂા. ૫૫ લાખથી વધુના ખર્ચે આ અંતિમ ધામમાં રોડ, રસ્તા, પાણી, ચબુતરો, મંદિર, દેવી દેવતાઓની મૂર્તિઓ સહિત અસ્થિકુંભ કેન્દ્ર, શબ સાચવવા કોલ્ડ સ્ટોરેજથી માંડી વિદેશમાં રહેતા સ્વજનોને અંતિમ સંસ્કાર લાઈવ જોવા માટે સી.સી.ટી.વી. કેમેરા સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવનાર છે. આ અંતિમ ધામને ગેસ આધારીત કરવામાં આવનાર છે. આ અંતિમધામને ગેસ આધારિત કરવા મોડાસા મહાજન મંડળ દ્વારા નગરપાલિકાનો સાથ સહયોગ મેળવાશે. જો કે હાલ અગ્નિ સંસ્કાર માટે લાકડા વ્હોરા સમાજના અબ્દુલ રહેમાન બરોડીયા પાસેથી મેળવી કોમી એકતાનું દ્રષ્ટાંત મહાજન મહાજન મંડળે આપેલ છે.

**હાલમાં અગ્નિ સંસ્કાર માટે લાકડા વ્હોરા સમાજ દ્વારા આપવામાં આવી રહ્યા છે**



રોજગાર કચેરી મોડાસા દ્વારા સ્વરોજગાર શિબિર ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાઈ હતી. (તસ્વીર : અતુલ બ્રહ્મભટ્ટ - ધનસુરા)

### માંડવીના સાલૈયામાં સંસ્કૃતિ પર્વ યોજાશે

અંકલેશ્વર, તા.૭

ઘેર-ઘેર ગાયો પાળો, ઘેર-ઘેર વૃક્ષ વાવો, ઘેર-ઘેર સંસ્કાર આપો, કોમી-એકતા, ભાઈચારો, વ્યસનમુકિત, શિક્ષણ, અધ્યાત્મ અને માનવસેવાનો ઉપદેશ આપતી પરંપરાગત ઐતિહાસિક મોટામિયાં માંગરોલની ગાદીના હાલના ગાદીપતિ - સજ્જાદાનશીન આદરણીય હિઝ હોલીનેસ પીર સલીમુદ્દીન ફરીદુદ્દીન ચિશ્તી સાહેબના સુપુત્ર-ઉત્તરાધિકારી આદરણીય પીર ડૉ. મતાઉદ્દીન ચિશ્તી - પીરઝાદા સાહેબ તા.૧૧-૦૨-૨૦૨૩ શનિવારના રોજ સાલૈયા મુકામે પધારશે. જયાં પ્રવચન તથા ભજન સહિત વિવિધ કાર્યક્રમો થશે. રાત્રે ૯-૩૦ કલાકે પ્રાર્થના અને ત્યારબાદ પ્રવચન, મુલાકાત અને ભજનનો કાર્યક્રમ થશે.

### માર્જિન વાળી જમીન પર સીડી બનાવી હતી

# મોડાસા પાલિકા દ્વારા સોસાયટીમાં બંધાયેલુ ગેરકાયદેસર દબાણ દૂર કરાયું

મોડાસા, તા. ૭

મોડાસા નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલિકાના પ્રમુખ જલ્પાબેન ભાવસાર અને મુખ્ય અધિકારી સંજયભાઈ પંડ્યાએ સક્રીય થઈ દબાણો દુર કરવાની સાથે ગેરકાયદેસરના બાંધકામો દૂર કરવાની ઝુંબેશ ઉપાડી છે. તેના ભાગરૂપે મોડાસા નગરની બદ્રીનાથ સોસાયટીમાં શખ્સ દ્વારા મારજીનની જમીન ખુલ્લી રાખવાની જગામાં સીડી સહિત ધાબુ બાંધી અનધિકૃત બાંધકામ કરતા વહીવટી તંત્ર દ્વારા આ ગેરકાયદેસર પાકુ બાંધકામ તોડી પડાયું હતું.

દબાણો હટાવી દુર કર્યા છે, તેમજ મોડાસામાં ૧૬ ગેરકાયદેસર બાંધકામો ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જ્યારે નગરમાંથી પસાર થતાં ૮૦ ફુટના ડી.પી. રોડ ઉપર ઠેર ઠેર બાંધકામો ઉભા કરી દેવાયા છે. તે ગેરકાયદેસર બાંધકામો દુર કરવા પાલિકા ઈજનેર દેવાંગ સોની અને મિહિર કડીયાની રાહબરી હેઠળ વ્યાપક ઝુંબેશ હાથ ધરાઈ રહી છે.

### મોડાસાના માધુપુરમાં તળાવમાં ડુબી જતા કિશોરનું મોત થયું

મોડાસા, તા. ૭

માધુપુર ગામે અનીલભાઈ તખાભાઈ તરાર સાંજના સમયે ગામ નજીકના તળાવ પાસે પશુ ચરાવવા ગયા હતા. જે સમયે કેટલીક ભેંસો તળાવના ઉંડા પાણીમાં ઉતરી હતી. જેથી ડુબી જવાથી આશંકામાં યુવક ભેંસોને તળાવમાંથી બહાર કાઢવાના પ્રયાસમાં તેનો પગ અચાનક લપસી જતાં તે તળાવમાં ઉંડા પાણીમાં ગરક થતાં ડુબી જવાથી મોત નિપજયું હતું. આ બનાવની જાણ થતા લોકો તળાવે આવ્યા હતા પરંતુ યુવકને બચાવી શકાયો ન હોતો. તળાવમાં ડુબી જવાથી મોત થતાં પોલીસે અકસ્માત ગુનો નોંધ્યો હતો.

### હવાવાળો રાયડો સુકાઈ ગયો

# મોડાસા યાર્ડમાં હરાજીમાં રાયડાનો ભાવ ઓછો મળતા ખેડૂતોમાં કચવાટ થયો

મોડાસા, તા. ૭

વર્તમાન ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લામાં વાવેતર કરાયેલ રવિ પાકો હવે લણણી બાદ ખેડૂતો દ્વારા વેચાણ હાથ ધરાઈ રહ્યું છે ત્યારે મોડાસા માર્કેટ યાર્ડમાં રાયડો વેચવા આવેલા ખેડૂતોમાં રાયડાની હરાજીમાં પડેલા ઓછા ભાવને લઈ નારાજગી સરી હતી અને રાયડો વેચવા આવેલ ખેડૂતોને પોષણક્ષમ ભાવ નહીં મળ્યાની ફરિયાદના જવાબરૂપે માર્કેટ યાર્ડના સેક્રેટરી ઘનશ્યામ ભટ્ટએ જણાવ્યું હતું કે, યાર્ડમાં ૧૧૫ બોરી રાયડાની આવક થઈ હતી. પરંતુ સોમવારના રોજ આવક થયેલ રાયડામાં હવા હોઈ અને હવાવાળો રાયડો સુકાઈ જતાં બોરીએ ૩ થી ૪ કિલોની ઘટ પડવાની સંભાવના હોઈ રાયડાની હરાજીમાં ઓછા ભાવ પડ્યા હશે. આ સંજોગોમાં સોમવારે ખુલ્લી હરાજીમાં રાયડાનો ભાવ પ્રતિમણ ૮૫૦ થી ૧૦૦૬ પડતાં ખેડૂતોમાં હતાશા અને નિરાશા વર્તાઈ હતી. ત્યારે સરકારે ઠરાવેલ રાયડાના પ્રતિમણ રૂા. ૧૦૯૦ના ભાવ કરતા ઓછા ભાવ મળી રહ્યા છે માટે રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં રાયડાની ટેકાના ભાવે ખરીદી સત્વરે શરૂ કરવા માંગ છે.

**રાયડાનો પ્રતિ મણે રૂા. ૮૫૦ થી ૧૦૦૬નો ભાવ બોલાયો**

### રોજગાર કચેરીની સેવા વિશે માર્ગદર્શન અપાયું

# ધનસુરામાં સ્વરોજગાર શિબિરનું આયોજન કરાયું

ધનસુરા, તા.૭

રોજગાર કચેરી મોડાસા દ્વારા સ્વરોજગાર શિબિર ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાવામાં આવી હતી. જેમાં રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર ધારાબેન પંડયા દ્વારા રોજગાર કચેરીની સેવાઓ, અનુબંધમ પોર્ટલ તેમજ કારકિર્દી લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શિબિરમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મોડાસામાંથી અનિરુદ્ધસિંહ રાજપૂત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાંથી એકતાબેન, મહિલા અને બાળ વિકાસ કચેરીમાંથી મનીષાબેન, પ્રેમીલાબેન વગેરે દ્વારા ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને સ્વરોજગાર લક્ષી વિવિધ યોજનાકીય માહિતી આપવામાં આવી હતી.

સ્થાનિક ઉદ્યોગો દ્વારા વધુને વધુ સ્થાનિક લોકોને રોજગારી મળે અને ઉદ્યોગોને બુસ્ટ મળે તેવા પગલા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સતત લેવામાં આવી રહ્યા છે. નિષ્ઠાપૂર્વકની કોશિશ દ્વારા ઉદ્યોગોને વેગ મળે અને સ્થાનિક યુવાનોને અલગ-અલગ સ્તરની રોજગારીની તકો ઉપલબ્ધ થાય તે માટે તે કાર્યની કુશળતા મેળવવા તાલીમ તેઓને પ્રાપ્ત થાય અને તેઓ સ્વમાનભેર જીવનનિર્વાહ કરી શકે તે માટે સરકાર સતત કટિબદ્ધ છે.

**કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ હાજર રહ્યાં**

શિબિરમાં રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર ધારાબેન પંડયા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મોડાસામાંથી અનિરુદ્ધસિંહ રાજપૂત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાંથી એકતાબેન, મહિલા અને બાળ વિકાસ કચેરીમાંથી મનીષાબેન, પ્રેમીલાબેન તેમજ કોલેજના ચેરમેને અતુલભાઈ, આચાર્ય પ્રફુલાબેન તમામ પ્રોફેસર હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



કાંકરેજ તાલુકાના બુકોલી પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં સ્વ.સાંકાભાઈ ગોવાભાઈ દેસાઈની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના પુત્રો દેસાઈ જયરામભાઈ, દેસાઈ ગેમરભાઈ, રાજુભાઈ તરફથી બુકોલી ગામની તમામ શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. તે બદલ શાળા પરિવાર વતી તિથિ ભોજન દાતાનું શાળાના આચાર્ય અમરતભાઈ પટેલ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. (તસ્વીર : ગજુભા વાઘેલા - કાંકરેજ)

### ૮૯ દુકાનોના સંચાલકો પર કેસ કરાયો

# હિંમતનગર પાલિકા દ્વારા પરવાના વગરની આઠ મીટ શોપ સીલ કરાઈ

મોડાસા, તા. ૭

સાબરકાંઠા જિલ્લાની ૬ નગરપાલિકા અને અરવલ્લી જિલ્લાની ૨ નગરપાલિકા મળી બંને જિલ્લાની કુલ ૮ નગરપાલિકામાંથી એકમાત્ર હિંમતનગર નગરપાલિકામાં સ્લોટર હાઉસ (કતલખાનુ) છે. તેમ છતાં જિલ્લા ફુડ વિભાગના આદેશ બાદ હિંમતનગર પાલિકા દ્વારા લાયસન્સ વગર ગેરકાયદે ચાલતી હિંમતનગરના જુના વોર્ડ નં. ૧૦ની પરવાના વિનાની મટનની છાપરીયા વિસ્તારની ૭ દુકાને અને મોતીપુરા વિસ્તારની લાયસન્સ વગરની મટનની ૧ દુકાનને સીલ મારી દેવાયા હતા. આમ હિંમતનગર શહેરના બે વિસ્તારોની લાયસન્સ વગરની કુલ ૮ મટનની દુકાનો બંધ કરાવી સીલ મારી દેવાઈ હતી અને અરવલ્લીમાં ગેરકાયદેસર ૮૯ દુકાનો ઉપર કેસ કરેલ છે. જિલ્લા ફુડ અને ડ્રગ વિભાગે આપેલ લીસ્ટ મુજબની યાદીમાંથી પરવાના વગરની મટનની ૮ દુકાનો સીલ કરાયા બાદ હવે આગામી બે દિવસમાં હિંમતનગર શહેરના એ ડિવિઝન, બી ડિવિઝન અને ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આવેલ લાયસન્સ વગરની ગેરકાયદેસર નોનવેજનો વેપાર કરતી મટનની ૩૯ દુકાનો ને સીલ મારી બંધ કરાવવાની કામગીરી પૂર્ણ કરાશે.

**લાયસન્સ વાળી મીટ શોપ પર પગલા લેવામાં આવશે નહીં**

જે મટન વેપારના લાયસન્સ ધરાવતી મટનની દુકાન હશે તેના ઉપર કોઈ પગલા ભરાશે નહીં કે બંધ કરાશે નહીં.

### પાટણ-સિધ્ધપુર હાઈવે પરનો બનાવ

# દારૂની ખેપ મારતા કારચાલકે અકસ્માત કરતા ચાર જણાને ઈજા

પાટણ, તા.૭

પાટણ-સિદ્ધપુર રોડ પર પુનાસણ પાસે સ્કોડા કાર અને ઈકો કાર વચ્ચે અકસામત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાર ઈસમો ઈજાગ્રસ્ત બન્યા હતા તો અકસ્માતગ્રસ્ત સ્કોડા કારમા વિદેશી દારૂનો જથ્થો હોય લોકોએ વિદેશી દારૂની બોટલો, બિયરના ટીનોની લૂંટફાટ કરી હતી. બનાવની જાણ પોલીસને થતાં ઘટના સ્થળે આવી કાર્યવાહી હાથ ધરી હતી.સિદ્ધપુર હાઈવે પર સ્કોડા કારમાં દારૂની ખેપ મારી રહેલ ચાલકે માર્ગ પરથી પસાર થતી ઈકો કાર સાથે અકસ્માત સર્જતા ઈકો ગાડીમાં બેઠેલા ચાર મુસાફરોને ઈજાઓ થવા પામી હતી જ્યારે સ્કોડા કારનો ચાલક પોતાની કાર ઘટના સ્થળે મૂકી ફરાર થયો હતો. આ અકસ્માતની જાણ આજુબાજુના લોકોને થતા ઈજાગ્રસ્તોને સારવારઅર્થે ખસેડી સ્કોડા કારમાં રહેલા દારૂના તેમજ બિયરના જથ્થાની લૂંટફાટ મચાવી હતી તો બનાવના પગલે પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે આવી કાર્યવાહી હાથ ધરી હતી.

**કારમાં રહેલા દારૂના જથ્થાની લોકોએ લૂંટફાટ કરી**

### બનાસકાંઠામાં અન્ડર-૧૪ ભાઈ, બહેનો માટે હાઈટ-હન્ટનું આયોજન કરાયું

વડગામ, તા.૭

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલમાં પ્રવેશ અંગે આયોજીત વોલીબોલ, બાસ્કેટબોલ, હેન્ડબોલ, ફેંસિન્ગ, જુડો અને એથ્લેટીક્સ રમતમાં અંડર-૧૪ ભાઈઓ-બહેનોના પ્રવેશ માટે હાઈટ- હન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં નીચે જણાવેલ વય અને ઉંચાઈની મર્યાદામાં રસ ધરાવનાર ભાઈઓ-બહેનોએ તા.૮/૨/૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦ કલાકે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, પાલનપુર ખાતે પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, ડીસા, ધાનેરા તાલુકાના ભાઈઓ/બહેનોએ વી. કે. વાઘેલા હાઈસ્કુલ, દિયોદર ખાતે દિયોદર, લાખણી, થરાદ, વાવ, સુઈગામ, ભાભર, કાંકરેજ તાલુકાના ભાઈઓ/બહેનોએ હાજર રહેવા જણાવવાયું છે.

### ગટરની કામગીરી બાદ રોડમાં પૂરાણ કરવામાં ન આવ્યું

# સુરેન્દ્રનગરમાં કાર ખાડામાં ફસાઈ જતા ટ્રાફિક વ્યવહાર ખોરવાયો

વઢવાણ, તા.૭

સુરેન્દ્રનગર શહેરના સી.જે. હોસ્પિટલ પાસે અને તેની સામેના વિસ્તારમાં ભૂગર્ભ ગટર નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. શ્રમિકો દ્વારા અવ્યવસ્થિત રોડ કરી નાંખવામાં આવ્યો છે આથી લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડની અંદર કાર ખૂંપી જતા કારને નુકસાન થવા પામ્યું હતું. આ વિસ્તારમાં વાહન વ્યવહાર અને હોસ્પિટલો હોવાના કારણે ૧૦૮થી લઈ અને અનેક વાહનો દર્દીઓને લઈ અને સી.જે. હોસ્પિટલ તેમજ પ્રસૂતિ વિભાગ તેમજ ઓર્થોપેડિક વિભાગ સહિતની હોસ્પિટલોમાં આવતી જતી હોય છે. છેલ્લા ૧૫ દિવસથી આ કામગીરી ચાલુ છે અને ધીરી કામગીરી ચાલતી હોવાની આ વિસ્તારના લોકો જણાવી રહ્યા છે. આ વિસ્તારમાં ગર્લ્સ સ્કૂલ આવેલી છે તે છૂટે ત્યારે સમસ્યાનો સામનો વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. આ કામગીરીને લઈ અને પૂરતા પ્રમાણમાં પુરાણ ન કરવામાં આવતા અનેક વાહનો ખાડામાં ફસાય છે. રોડ અંગેની કામગીરી પૂર્ણ કરી અને રોડને વ્યવસ્થિત કરવા માટેની માંગણી કરવામાં આવી છે.

**ઉબડ-ખાબડ રોડથી સ્થાનિકોને મુશ્કેલી**

# ગ્રામીણ ડાક સેવકની ખાલી જગ્યાઓ માટે આવેદન પ્રક્રિયા શરૂ થઈ

ડાકોર, તા.૭

ગુજરાત સર્કલ ટપાલ વિભાગ દ્વારા જીડીએસ (ગ્રામીણ ડાક સેવક)ની ૨૦૧૭ ખાલી જગ્યાઓ પર પસંદગી માટે લાયક અરજદારો પાસેથી તારીખ ૨૭-૧-૨૦૨૩ થી ૧૬-૨-૨૦૨૩ દરમ્યાન ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે.

આ ભરતીમાં શૈક્ષણિક લાયકાત સંબંધિત રાજય કેન્દ્ર સરકાર દ્વારા મંજુર બોર્ડ દ્વારા ગુજરાતી, અંગ્રેજી, ગણિત વિષયો સાથે એસ.એસ.સી./ ધોરણ ૧૦ પાસ રહેશે. પસંદગી માત્ર એસ.એસ.સી. /ધોરણ ૧૦માં મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે તેમ સુપ્રિટેન્ડેન્ટ ઓફપોસ્ટ ઓફિસ, ખેડા ડિવિઝન, નડિયાદ દ્વારા જણાવવામાં આવ્યું છે.



**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂજી સાથે શુભેચ્છા મુલાકાત કરતા વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરી ચેરમેન શંકરભાઈ ચૌધરી.** (તસ્વીર : પુષ્કર ગોસ્વામી - વડગામ)

### પુત્ર બિમાર થતા રહીશ ખોરજ ગામે ગયા હતા

# જંત્રાલમાં ઘરના પ્રસંગમાં બહેન અને માતા માટે લાવેલા લાખોના દાગીનાની ચોરી

વિજાપુર, તા.૭

વિજાપુર પંચમ સોસાયટી ૩૧ નંબરના મકાનમાં રહેતા રણાસણ શાળાના શિક્ષક જે. ડી. મેસરીયા અમદાવાદ દીકરીના ઘરે લગ્ન પ્રસંગે ગયેલા તે સમયે તેમના મકાનને ટાર્ગેટ બનાવીને સોનાના દરદાગીના, રોકડ રકમ સહિતની ચોરીની ફરિયાદ વિજાપુર પોલીસ મથકે નોંધાઈ હતી.આવી જ બીજી ચોરીની ઘટનાને ચોરોએ વિજાપુરના જંત્રાલ ગામે એક બંધ મકાનમાં હાથફેરો કરીને અંજામ આપ્યો છે. મહુલી હોટલના મેનેજર સંજયકુમાર વિષ્ણુભાઈ પટેલ માતા અને પત્ની તથા બે બાળકો સહિત પરિવાર હાલ ઉમિયાનગર સોસાયટી ૧૦૯, એવન પાર્ક ગામ, ખોરજ, જી.ગાંધીનગર, રહેતા હતા જેઓનું મૂળ મકાન વિજાપુર તાલુકાના જંત્રાલ ગામે આવેલ છે. સંજયભાઈ વાર-તહેવાર તથા સામાજિક પ્રસંગે પોતાના મૂળ વતન જંત્રાલ ગામના ઘરે આવતા-જતા રહેતા હતાં.

આ વખતે પોતાના ઘરનો પ્રસંગ હોય બહેન હેતલ તથા

**બંધ ઘરમાં તસ્કરોએ ત્રાટકી રોકડ સહિત દાગીનાની ચોરી કરી**

માતાના માટે સોનાના દાગીના લઈને ખોરજ થી વિજાપુરના જંત્રાલ ગામે આવ્યાં હતા તથા તે સોનાના દાગીનાની સાચવણી માટે ઘરની અંદરની તિજોરીમાં લોક કરીને મૂક્યા હતા. અચાનક દિકરો આરવ બીમાર પડી જતા ઘર બંધ કરીને ખોરજ ગામે ગયા હતા તે સવારે નવ એક વાગ્યા દરમિયાન ફરિયાદીના માસીએ ફોન કરીને જણાવ્યું હતું કે, તમારા ઘરના દરવાજા ખુલ્લા છે ઘરની અંદર ચોરી થઈ હોવાનું જણાઈ આવે છે. ફરિયાદી સંજયભાઈ ચિંતિત થઈને પોતાની માતાની સાથે ખોરજથી પોતાના વતન જંત્રાલ ગામે પોતાના ઘરે આવી પહોંચ્યા હતાં. આવીને જોતા ઘરના મુખ્ય દરવાજાનું નકુચો તૂટેલો હતો અને ઘરનો સર-સામાન વેર-વિખેર પડ્યો હતો. ઘરના છેલ્લા રૂમમાં દિવાલમાં લગાવેલી તિજોરીમાં જેમાં દાગીના મૂકેલા હતા તે ખુલ્લી હતી અને અંદર સોનાના દાગીના જણાઈ આવેલ ન હતાં. તસ્કરો રૂા.૧.૭૦ લાખના દાગીના અને રોકડ લઈ જતા સંજયભાઈએ લાડોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### મુખ્ય આરોપી અને સાગરીતને વૉન્ટેડ જાહેર કરાયો

# અંકલેશ્વરમાં વીજ ટ્રાન્સફોર્મર તોડી કોપરની ચોરી કરનાર આરોપી ઝડપાયો

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વરમાં અલગ-અલગ વિસ્તારોમાંથી થયેલા ૨૩ વીજ ટ્રાન્સફોર્મર ચોરીનો પર્દાફાશ કરી ૧૧ વણ શોધાયેલા ગુનાનો ભેદ એલસીબી ટીમે ઉકેલી કાઢ્યો છે. પોલીસે એક આરોપીને ઝડપી મુખ્ય આરોપીને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર ડિવિઝન વિસ્તારમાં થોડા દિવસો પહેલાં વીજ ટ્રાન્સફોર્મર ચોરીના ગુના નોંધાયા હતા જેના કારણે વીજ કંપની લાખો રૂપિયાનું નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. જેને લઈને જિલ્લા એસ.પી. ડો.લીના પાટીલે ગુનેગારોને ઝડપી પાડવા આદેશ આપ્યા હતાં. જેના આધારે ભરૂચ એલ.સી.બી.ના અલગ અલગ ટીમો બનાવી ટીમને જિલ્લામાં થતી વીજ ટ્રાન્સફોર્મર ચોરીના વિસ્તારોની વિઝીટ કરી હતી. જરૂરી નકશા બનાવી, સીસીટીવી ફૂટેજ અને ટેકનીકલ સર્વેલન્સની મદદ મેળવી વીજ ટ્રાન્સફોર્મર ચોરીના ગુનાઓ શોધી કાઢવા કામગીરી

**૨૩ વીજ ટ્રાન્સફોર્મરમાંથી થયેલ કોપર ચોરીનો પર્દાફાશ થયો**

હાથ ધરવામાં આવી હતી. એલ.સી.બી. ટીમ હ્યુમન ઈન્ટેલિજન્સ તથા ટેક્નિકલ સર્વેલન્સ આધારે બાતમી મળેલ કે, ડીપી ચોરીનો શંકાસ્પદ આરોપી નરપતસિંહ ચારણ સુરત ખાતે રહે છે. જેથી પીએસઆઈ એમ. એમ. રાઠોડ તેમની ટીમ સાથે સુરત પહોંચી આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. તેમણે સને ૨૦૨૨ જાન્યુઆરી-ફેબ્રુઆરી તથા એપ્રિલ મહિનામાં આશરે ૨૩ વખત અંકલેશ્વરમાં આવીને ચોરીનો મુદ્દામાલ તેના સહ આરોપી પાસેથી લઈ જઈ સુરત ખાતે ભંગારના વેપારીને વેચ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી કોપર કોઈલમાંથી ગાળીને બનાવેલું કોપર પ્લેટ નંગ-૩ આશરે ૨૧૫ કિલો કિંમત રૂ.૧,૫૦,૫૦૦ તથા બે મોબાઈલ કી.રૂ.૫૫૦૦ મળી કુલ કિં.રૂ.૧,૫૬,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે ૧૧ વણઉકેલાયેલા ગુનાઓ શોધી વીજ ટ્રાન્સફોર્મર તોડી ચોરી કરનાર ઉત્તરપ્રદેશના મુખ્ય આરોપી રામસુરત રતી પાલ યાદવ અને અન્ય સાગરીતો વોન્ટેડ જાહેર કરીને તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.



**શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટ્સ કૉલેજમાં વ્યાખ્યાન યોજાયું હતું.** (તસ્વીર : સંજય ગાંધી - શામળાજી)

### ‘રમત-ગમત અને યુવા વિષય પર’

# આર્ટ્સ કૉલેજ શામળાજીમાં વ્યાખ્યાનનું આયોજન કરાયું

શામળાજી, તા.૭

શ્રી કલજીભાઈ આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજી વિદ્યાર્થીલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમી રહી છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા વાય-૨૦ અંતર્ગત ચાલી રહેલી પ્રવૃત્તિઓ પૈકી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. એ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ "રમતગમત અને યુવા" વિષય

**વિદ્યાર્થીઓને વિવિધ રમતો રમવા સૂચન કરાયું**

પર કૉલેજના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. અજિતસિંહ ચૌહાણ દ્વારા વિદ્યાર્થીઓ ભણવાની સાથે સાથે રમત-ગમતની પ્રવૃત્તિથી સ્વસ્થ અને નિરોગી જીવન જીવી પોતાની ઉત્કૃષ્ટ કારકીર્દિ હાંસલ કરે તે આશયથી વ્યાખ્યાન યોજાયું હતું.જેમાં ડૉ. સમીર પટેલે વિદ્યાર્થીઓને રમત-ગમતના માધ્યમથી શારીરિક ફિટનેસ પ્રાપ્ત કરી અને જ્યારે તેઓ ભણવામાં ઉદાસીનતા સેવે છે ત્યારે ભણવામાં અથાગ પરિશ્રમ કરી ઉચ્ચ કારકીર્દિ પ્રાપ્ત કરે તે માટે દિશા સૂચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન વાય-૨૦નાં કો-ઓર્ડીનેટર ડૉ.માલતી પટેલે કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રો.રૂક્સાના નાગોરીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમને કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ હાજર રહી સફળ બનાવ્યો હતો.

### એચ.પી.સી.એલ. કંપની દ્વારા

# આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ થરાના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાઈ



**હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ થરાના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવી હતી.** (તસ્વીર : ગજુભા વાઘેલા - કાંકરેજ)

કાંકરેજ, તા.૭

શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરા સંચાલિત શ્રી એસ.એ. સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ, થરામાં હિંદુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા પ્રથમ સેમેસ્ટર બી.એ., બી.કોમ.ના એસ.સી. એસ.ટી., ઓબીસી વિદ્યાર્થી ભાઈ-બહેનોને કંપનીના આર. ઉમાપતિ અને સુરેશભાઈ લેઉઆના વરદ હસ્તે કાંકરેજ તાલુકા કેળવણી મંડળના પ્રમુખ ધીરજભાઈ કે. શાહ અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ.ડી. એસ. ચારણને રૂા.૨૨,૪૮,૨૦૦ (બાવીસ લાખ અડતાલીસ હજાર બસો)નો ચેક અર્પણ કરેલ. આ અર્પણ કરેલ ચેકના રૂપિયા ઓનલાઈન જે-તે વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં એચપીસીએલના આર. ઉમાપતિએ વિદ્યાર્થીઓને આ સ્કોલરશીપ ત્રણ વર્ષ સુધી સતત યુનિવર્સિટી પરીક્ષામાં ૫૦ ટકા પ્રાપ્ત કરશે તેમને આ લાભ મળશે તેમ જણાવેલ અને

**કૉલેજમાં અભ્યાસ કરતા પ્રથમ સેમેસ્ટર બી.એ., બી.કોમના વિદ્યાર્થીઓને લાભ મળશે**

જીવનમાં ખૂબ મહેનત કરીને આગળ વધવા માટેની પ્રેરણા આપેલ હતી.

સુરેશભાઈ લેઉઆએ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ લેવા માટે સમજ આપેલ હતી. કાંકરેજ તાલુકા કેળવણી મંડળના પ્રમુખ ધીરજભાઈ કે. શાહે વિદ્યાર્થીઓને શિક્ષણમાં સારી પ્રગતિ કરવા માટે માર્ગદર્શન આપેલ હતું.

આ કાર્યક્રમમાં કોલેજના પ્રિ.ડૉ. ડી. એસ. ચારણ દ્વારા વિદ્યાર્થીઓને એચપીસીએલ સ્કૉલરશીપ બાબતે માર્ગદર્શન આપી વધુ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લે તે અંગે માહિતી આપેલ હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન પ્રા.આર. ટી. રાજપૂતે કર્યું હતું.



### પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીના અધ્યક્ષ પદે આયોજન કરાયું

# મોટા કોટડા પ્રાથમિક શાળામાં શિક્ષકનો વય નિવૃત્તિ સમારોહ યોજાયો

ઈડર, તા. ૭

ઈડર તાલુકાના મોટા કોટડા પ્રાથમિક શાળામાં સતત ૨૮ વર્ષે ગામના નરસિંહભાઈ પુંજાભાઈ પટેલનો વયનિવૃત્તિ સમારંભ પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી સાબરકાંઠાના હર્ષદભાઈ એચ. ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આશીર્વચન મહંત સુનીલદાસજી મહારાજ સંયુક્ત મહામંત્રી અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાત પ્રદેશ મુખ્ય મહેમાનોમાં વિરેન્દ્રભાઈ વાઘેલા સહિત અનેક મહાનુભાવોની હાજરી ઉપસ્થિત રહી હતી.

નિવૃત્ત શિક્ષક નરસિંહભાઈ પુંજાભાઈ પટેલ રૂ. ૧,૦૦,૦૦૦ લાખનું દાન પ્રાથમિક શાળા મોટા કોટડા તેમજ મહંત સુનિલદાસ મહારાજ-ગૌશાળા ઈડરમાં ૧૧

**નિવૃત્ત શિક્ષકે જરૂર પડે ત્યારે હાજર રહેવાનું વચન આપ્યું**

હજારનું દાન અર્પણ કર્યુ હતું.

નિવૃત્ત શિક્ષકે શાળાનું ઋણ અદા કરવા શાળામાં જ્યારે જરૂર પડે ત્યારે ઉપસ્થિત રહેવાનું વચન આપ્યું હતું.

અધ્યક્ષ સ્થાનેથી હર્ષદભાઈ ચૌધરી શિક્ષણાધિકારીએ નરસિંહભાઈને બિરદાવ્યા હતા. શાળાના આચાર્ય મહેશભાઈ પટેલ શાળાના સમગ્ર સ્ટાફ, બાળકોએ અને ગ્રામજનો વિગેરે વિવિધ મોમેન્ટો, શાલ, સન્માનપત્ર અર્પણ કરી નરસિંહભાઈ અને તેમના ધર્મપત્નિ પ્રેમીલાબેનનું અભિવાદન કર્યુ હતું.

## મજાદરમાં ઘરમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

છાપી, તા.૭

છાપી પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન બાતમી મળેલ કે મજાદર ગામે શૈલેશજી મોહનજી ઠાકોર પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપાર કરે છે. જેથી પોલીસે બાતમીવાળા મકાનની તલાસી લેતા મકાનમાંથી ૨૫ બોટલ વિદેશી દારૂ (કિંમત રૂ. ૭૫૦૦) ઝડપી પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જોકે દારૂનું વેચાણ કરનાર ઈસમ રેડ દરમિયાન હાજર ન મળતા ફરાર આરોપીને ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા હતા.

### સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે માહિતી અપાઈ

# થરા કોલેજમાં કારકિર્દી સંદર્ભે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



**કાંકરેજ તાલુકાની થરા કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.** (તસ્વીર : ગજુભા વાઘેલા - કાંકરેજ)

કાંકરેજ, તા.૭

તાલુકાના થરા કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો. શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ થરા સંચાલિત શ્રી એસ. એ. સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ, થરામાં ડૉ.હેમરાજભાઈ આર. પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત કારકિર્દી માર્ગદર્શન

**કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં**

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કેળવણી મંડળના પ્રમુખ ધીરજભાઈ કે. શાહ ઉપસ્થિત રહ્યા હતા.

કોલેજના પ્રિન્સિપાલ ડૉ.ડી. એસ. ચારણે મહેમાનોનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને જણાવ્યુ કે આવા વ્યાખ્યાનોનું કારકિર્દી ઘડતરમાં અનેરું મહત્વ હોય છે. આ કાર્યક્રમમાં પૂર્વ.પ્રિ.ડૉ. એચ. આર. પટેલ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમના મુખ્ય વક્તા મહેસાણા કોમર્સ કોલેજના પ્રિ.ડૉ.જે. કે. પટેલે વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને જણાવ્યુ કે સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યા પછી ૨૩ જેટલા જુદા-જુદા ક્ષેત્રે નોકરી કેવી રીતે મેળવી શકાય તે અંગે એક-એક ક્ષેત્ર વિશે માહિતી આપી તેમજ આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા કેવી રીતે મહેનત કરવી તે વિશે માહિતી પૂરી પાડી હતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતી તમામ માહિતીવાળી પીડીએફ વિદ્યાર્થીઓ સાથે શેર કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન પ્રા. આર. ટી.રાજપૂતે કર્યું હતું.

### માટી બચાવોના ઉદ્દેશ્ય સાથે યાત્રા શરૂ કરી

# ભારત ભ્રમણ કરતા સાયકલીસ્ટનું અંકલેશ્વરમાં આગમન થયું

અંકલેશ્વર, તા.૭

કલકત્તાના ૧૭ વર્ષીય સાયકલિસ્ટે માટી બચાવવાના ઉદ્દેશ સાથે લોકોમાં જનજાગૃતિ ફેલાવવા સાયકલ યાત્રા શરૂ કરી ૧૦ રાજ્યોમાંથી પસાર થઇ અંકલેશ્વર ખાતે આગમન થતા સરદાર પટેલ હોસ્પિટલ ખાતે તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે રહેતા ૧૭ વર્ષીય સાહિલ ઝા એ સાયકલ યાત્રા દ્વારા દેશભરમાં ભ્રમણ કરી માટી બચાવવા જનજાગૃતિ અભિયાન હાથ ધર્યું છે. સાહિલે મે-૨૦૨૨માં માટી બચાવવાના સંદેશા સાથે સાયકલ યાત્રા શરૂ કરી છે, તે લોકોમાં અને નવી પેઢીને માટીના મૂલ્યના સંદેશ સાથે ૧૦ રાજ્યોમાંથી પસાર થઇ અંકલેશ્વર ખાતે આવી પહોંચ્યો હતો. અંકલેશ્વરની સરદાર પટેલ હોસ્પિટલ ખાતે આગમન થતા આગેવાનોએ સ્વાગત કર્યું હતું અને સાહિલે માટીના ફાયદા અને મહત્વ વિષે જાણકારી આપી હતી અને માટી બચાવવા લોકોને અપીલ કરી હતી. માટી બચાવવાના ઉમદા સંદેશા સાથે નીકળેલ સાહિલ સમગ્ર ભારતમાં ભ્રમણ કરશે અને તેને બે વર્ષ જેટલો સમય લાગશે ત્યારે માટી બચાવો અભિયાન શરૂ કરી અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બન્યો છે.

### બે શખ્સોએ દંપતીને જાનથી મારવાની ધમકી આપી

# બસુમાં જમીનમાં ભાગ મામલે દંપતી પર ધોકા વડે હુમલો કરાયો

છાપી, તા.૭

વડગામ તાલુકાના બસુ ગામે જમીનના ભાગને લઈ બે ઈસમોએ દંપતી ઉપર હુમલો કરી ઈજાઓ પહોંચાડવા સાથે જાનથી મારી નાંખવાની ધમકી આપતા બન્ને વિરુદ્ધ પીડિત મહિલાએ છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ વડગામના બસુ ગામે ‘જર, જમીન અને જોરૂ ત્રણેય કજિયાના છોરૂ’ યુક્તિને સાચી ઠેરવતો બનાવ બનવા પામ્યો હતો. બસુ ગામના નીતાબેન તેમજ તેમના પતિ વિજયજી અનારજી ઠાકોર સાંજના ટાઈમે પશુ દોહવાનું કામકાજ કરતા હતા તે વેળા ફરિયાદીના સસરાના દિકરા દેવજીભાઈ તેમજ રાહુલજી ઠાકોર આવીને કહેવા લાગેલ કે, જમીનમાં અમારો ભાગ આપી દો તેમ કહેતા ફરિયાદીના પતિએ કહેલ કે, તમારો ભાગ આપી દીધેલ છે. આ જમીન મારી છે તેમ કહેતા બન્ને જણ ઉશ્કેરાઈ ધોકા વડે હુમલો કરી માથા તેમજ પગમાં ગંભીર ઈજાઓ પહોંચાડતા લોહીલુહાણ

**ઈજાગ્રસ્તોને સારવાર માટે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા**

થતા પતિને છોડાવવા વચ્ચે પડેલ પત્નીને ધોકા વડે ફટકારતા ઘાયલ થતા અન્ય લોકો વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવેલ. જો કે જતા-જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જયારે ઈજાગ્રસ્ત દંપતીને ૧૦૮ દ્વારા સારવાર માટે પાલનપુર ખસેડવામાં આવ્યાં હતા. દરમિયાન હુમલો કરનાર દેવજી કેશાજી ઠાકોર, રાહુલજી કેશાજી ઠાકોર (રહે.બસુ, તા.વડગામ) વિરુદ્ધ નીતાબેન વિજયજી ઠાકોરે છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

અરજદારના વિ.વ. શ્રી એસ.એમ. બાકરોલીયા

મેઘરજના મહે.જ્યુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ, જી.અરવલ્લી

કિ.પ.અ.નં. ૧૭/૨૦૨૩

આંક: ૦૪

અરજદાર: કુલ્સુમબેન બાબુભાઈ ચડી,
રહે. ઘાંચીવાડા, મેઘરજ, તા.મેઘરજ, જી. અરવલ્લી
વિ.
સામાવાળા: તલાટી કમ મંત્રી/જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મેઘરજ ગ્રામ પંચાયત, તા.મેઘરજ, જિ.અરવલ્લી

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે હાલના અરજદારે આ અદાલત સમક્ષ ઉપરોક્ત નંબરથી કિ.પ.અરજી દાખલ કરી અરજદાર: કુલ્સુમબેન બાબુભાઈ ચડીના પુત્ર મહંમદહનીફ બાબુભાઈ ચડીનો જન્મ તા.૧-૦૬-૧૦૮૬ના રોજ ઘરે મેઘરજ મુકામે થયેલ હોઈ જેઓના જન્મની નોંધણી કરાવવા સારુ અરજી દાખલ કરેલ છે. જે કામે કોઈ પણ વ્યક્તિને વાંધો યા તકરાર હોય તો તેઓએ આ અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વ્યક્તિ અથવા વકીલશ્રી મારફતે તા.૨૭-૦૨-૨૦૨૩ સુધીમાં વાંધા રજૂ કરવા અને જો તેમ કરવામાં ન આવે તો આ બાબતે કોઈ પણ વ્યક્તિને વાંધો યા તકરાર નથી તેમ માની નામદાર કોર્ટથી યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તારીખ: ૬ઠ્ઠી માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| | | | |
|---|---|---|---|
| તૈયાર કરનાર (પી.ડી. પરમાર) આસી. | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર (આર.એ.રહેવર) હેડ કલાર્ક | હુકમથી, (આર.બી. ભટ્ટ) રજીસ્ટ્રાર કમ નાઝર - જ્યુડી. મે.જી.ફ.ખ., કોર્ટ, મેઘરજ |

### કારના પતરા કાપી મૃતદેહો બહાર કઢાયા

# મોડાસાના વોલ્વા ગામના પરિવારના ચાર જણાના માર્ગ અકસ્માતમાં મોત



(તસવીર અને અહેવાલ સંજય ગાંધી-શામળાજી, આફતાબ દુરાની-મોડાસા અને ફારૂક ચૌહાણ-વઢવાણ)

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વોલ્વા ગામના પરિવારની ઈકો કાર લીમડી-રાજકોટ હાઈવે પર ટ્રક સાથે અથડાતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. કારમાં સવાર પિતા, બે પુત્ર અને ભત્રીજાનું ઘટના સ્થળે મોત થયું હતું.

અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી જતાં કારના પતરા કાપી મૃતદેહોને બહાર કાઢવા પડ્યા હતા. સ્થાનિક લોકોની મદદથી પોલીસે ચારે મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. વોલ્વા ગામના એક જ પરિવારના ચાર સભ્યોને કાળ ભરખી જતા અરેરાટી વ્યાપી હતી મૃતકના પરિવારજનો અને સગા-સંબંધીઓએ આક્રંદ કર્યો હતો.

**લીંબડી-રાજકોટ હાઈવે પર ચાર જણાનું મોત થતા અરેરાટી ફેલાઈ**

પ્રાપ્ત માહિતી અનુસાર વોલ્વા ગામના ધીરાભાઈ ખાંટના નાના પુત્ર અજય ખાંટ (ઉ.વ. ૧૫)ને હૃદયની બીમારી હોવાથી ઈકો કારમાં તેમના બે પુત્રો અને ભત્રીજા સાથે વહેલી સવારે રાજકોટની હોસ્પિટલમાં સારવાર અર્થે નીકળ્યા હતા ઈકો કાર તેમનો મોટો પુત્ર વસંત ખાંટ હંકારી રહ્યો હતો.લીંબડી-રાજકોટ હાઈવે પર વહેલી સવારે ધુમ્મસના પગલે વિઝિબિલિટીઘટતા ઈકો કાર-ટ્રક વચ્ચે અકસ્માત થતા કારના આગળના ભાગના કુરચે કુરચા નીકળી જતા કારમાં સવાર ચાર જણાને ગંભીર ઈજાઓ પહોંચતા ચારે લોકોના મોત નિપજ્યા હતા. અકસ્માત પગલે ટ્રાફિક જામ સર્જાયો હતો.

અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં ધીરાભાઈ જેઠાભાઈ ખાંટ (પિતા), વસંતભાઈ ધીરાભાઈ ખાંટ (પુત્ર), અજયભાઈ ધીરાભાઈ ખાંટ (પુત્ર) અને કાળાભાઈ ચંદુભાઈ ખાંટ (ભત્રીજા)નો સમાવેશ થાય છે.



શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ અંતર્ગત જિલ્લા કલેક્ટરે મા અંબાના રથનું પાલનપુરથી પ્રસ્થાન કરાવ્યું હતું. (તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

### શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રચાર કરાશે

# શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ અંતર્ગત પાલનપુરમાંથી શક્તિરથનું પ્રસ્થાન કરાયું

પાલનપુર, તા.૭

રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે આગામી તા.૧૨ થી ૧૬ ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નુ ગબ્બર તળેટી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર આનંદ પટેલ દ્વારા પાલનપુર કલેકટર કચેરી ખાતેથી ૭ ફેબ્રુઆરીના રોજ "શક્તિરથ"નું માં અંબાના જયઘોષ સાથે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું જે રથ ઉત્તર ગુજરાતના દરેક જિલ્લાના ગામમાં પરિભ્રમણ કરશે. શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ અંતર્ગત વિશ્વભરમાં બિરાજમાન ૫૧ શક્તિપીઠના એક સાથે દર્શનના લ્હાવા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સૌ ભાવિક ભક્તોને આમંત્રિત કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે પાંચ શક્તિરથ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા સહિત પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જેવા જિલ્લાઓમાં ગામેગામ ફરશે અને શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રચાર પ્રસાર કરશે. જે પાંચ શક્તિરથ પૈકીના બે રથને કલેક્ટર આનંદ પટેલે માં અંબાની ધ્વજ-પતાકા ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. પરિક્રમા મહોત્સવના પ્રચાર-પ્રસાર અર્થે નીકળેલ શક્તિરથ જે ગામમાં

**આગામી વર્ષોમાં લોકો સ્વયંભૂ જોડાય તેવું આયોજન કરવામાં આવ્યું**

પ્રવેશ કરશે એ ગામના ભાદરવી પૂનમના મેળામાં અંબાજી આવતા યાત્રાસંઘો દ્વારા રથનું સ્વાગત અને સામૈયું કરવામાં આવશે તેમજ રથની શોભાયાત્રા અને આરતી જેવા ધાર્મિક પ્રસંગો દ્વારા દરેક માઈભક્તોને પરિક્રમા મહોત્સવનો લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવશે.

આ પ્રસંગે કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું કે, આગામી તા.૧૨ થી ૧૬ ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ' યોજાઈ રહ્યો છે ત્યારે વહીવટીતંત્ર દ્વારા પરિક્રમા પથ પર ભાવિક ભક્તો માટે સેવા, સુરક્ષા, મેડિકલ, સફાઈ માટેની સગવડો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતની વ્યવસ્થાઓ અને ગંગા આરતીની જેમ માં અંબાની આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં જેમ ભગવાન શિવના ચરણોમાં લીલી પરિક્રમા યોજાય છે એમ માં અંબાના ચરણે પરિક્રમા યોજાય એ પ્રકારનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જેથી ધર્મમય માહોલમાં શ્રધ્ધાળુઓ આ મહોત્સવનો લાભ લઈ શકે અને આગામી વર્ષોમાં જેમ ભાદરવી પૂનમના મેળાની પ્રથા પડી છે અને એમાં લાખો માઈભક્તો સ્વંયમભૂ ઉમટી પડે છે એમ પરિક્રમા મહોત્સવમાં સ્વંયમભૂ લોકો જોડાય એ રીતનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવી સૌ માઈભક્તોને પરિક્રમા મહોત્સવમાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે, નિવાસી અધિક કલેક્ટર આર. એન. પંડ્યા, શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહિવટદાર અને નાયબ કલેક્ટર સિદ્ધિ વર્મા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહી શક્તિરથને પ્રસ્થાન કરાવ્યું હતું.



જીવદયા ફાઉન્ડેશન દ્વારા શ્રી માનપુરીયા પ્રાથમિક શાળા નંબર-૨માં વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીવદયા ફાઉન્ડેશનના પ્રમુખ ઠાકોરદાસ ખત્રી વગેરે હાજર રહ્યાં હતાં. (તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

### જમ્મુ-કાશમીરમાં યોજાયેલ

# ૯મી નેશનલ આઈસ સ્ટોક સ્પોર્ટ્સ સ્પર્ધામાં સતત ત્રીજો મેડલ મેળવતી દ્રષ્ટિ વસાવા

અંકલેશ્વર, તા.૭

"અડગ મનના મુસાફરને હીમાયલ પણ નડતો નથી" આ પ્રેરણાત્મક ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે. ગુજરાતના પ્રાચીન નગર એવા ભરૂચના અંતરિયાળ વિસ્તારમાં રહેતી નાનકડાં થવા ગામની દ્રષ્ટિ વસાવાએ ગુજરાત રાજયમાં આદિવાસી સમાજમાંથી આવતી ડાંગની ગોલ્ડ ગર્લ સરીતા ગાયકવાડ બાદ આશાનું કિરણ લઈને આવી છે. ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાની થવાં ગામની આઈસ ગર્લ તરીકે ઓળખાતી દ્રષ્ટિ વસાવા. જયારે નેશનલ આઈસ સ્ટોક સ્પોર્ટસ ચેમ્પિયનશીપમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ દ્રષ્ટિ વસાવાએ કરનારી પ્રથમ રમતવીર બની છે. વધુમાં આવનારા વર્ષ ૨૦૨૬માં દરિયાપાર યોજાનાર ઓલમ્પિકમાં ભારત દેશ તરફથી પ્રથમવાર યજમાની કરશે. માતા-પિતાના વિશ્વાસને સાચા અર્થમાં સાર્થક કરી બતાવીને તેનું પરિણામ આ રમતમાં પોતાના કાંડાનું કૌવત્ત બતાવીને ૯મી નેશનલ આઈસ સ્ટોક સ્પોર્ટસ ચેમ્પિયનશીપમાં સતત ત્રીજી વખત મેડલ મેળવીને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ઈન્ડિયન આઈસ સ્ટોક સ્પોર્ટ્સ ફેડરેશન દ્વારા આયોજીત ૯મી "આઈસ સ્ટોક વિન્ટર નેશનલ ચેમ્પિયનશીપ-૨૦૨૩"નું ગુલમર્ગ કાશ્મીર ખાતે ૨ થી ૪ ફેબ્રઆરી યોજાઈ હતી. જેમાં ભારતના ૧૮ રાજયએ ભાગ લીધો હતો. તેમાં ગુજરાત રાજયથી ૨૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના ટીમ ગેમ ઈવેન્ટમાં ૧ ગોલ્ડ, ૨ સિલ્વર, ૧ બ્રોન્ઝ અને ટીમ ટાર્ગેટમાં ૧ સિલ્વર, ૨ બ્રોન્ઝ



ભરૂચ જિલ્લાને દ્રષ્ટિ વસાવાએ વિશ્વના ફલક પર ગૌરવ અપાવ્યું હતું. (તસ્વીર : અયાઝ શેખ - અંકલેશ્વર)

તેમજ ટીમ અને ઇન્ડિવિઝ્યુઅલ ડિસ્ટન્સમાં ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ મેળવી ૯મી આઈસ સ્ટોક વિન્ટર નેશનલ ચેપિયનશિપ-૨૦૨૩માં ગુજરાત રાજયને નામનાં અપાવી હતી. આ ૯મી આઈસ સ્ટોક વિન્ટર નેશનલ ચેપિયનશિપ-૨૦૨૩માં

**વર્ષ ૨૦૧૬માં યોજાનાર ઓલિમ્પિકમાં દેશ તરફથી પ્રતિનિધિત્વ કરશે**

ગુજરાત રાજયમાંથી ૮ વિદ્યાર્થીઓ ખેલો ઈન્ડિયામાં પસંદગી પામ્યા છે.

પોતાના અનુભવને આગળ વધારીને સિનિયર ગર્લ દ્રષ્ટિ વસાવા તથા ગુજરાતની ટીમના કોચ વિકાસ વર્માએ પૂરી ટીમ તૈયાર કરી કુલ-૨૦ ખેલાડીની ટીમ સાથે પૂરા આત્મવિશ્વાસથી રમતમાં પોતાનું કૌશલ્ય દાખવતા ગુજરાત તરફથી ભાગ લીધો હતો. પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે કાશ્મીરનું તાપમાન ૭ ડિગ્રી હોવા છતાં ગુજરાતના ખેલાડીઓએ ખૂબ સારૂ પ્રદર્શન કરી દરેક ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જેમને આઈસ સ્ટોક સ્પોર્ટ્સ એસોસિએશન ગુજરાતના પ્રેસિડેન્ટ મહેશભાઈ વસાવા અને સેકેટરી રંજનબેન વસાવા તરફથી શુભેચ્છા પાઠવી હતી.

આઈસ સ્ટ્રોક વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ટાર્ગેટ અને લોન્ગ ડિસ્ટન્સ બન્નેમા દ્રષ્ટિ ભાગ લીધો હતો. આ રમતમાં બે થ્રો વચ્ચે અંતર ૩૦ મીટર જેટલું અંતર હોઈ છે અને આઈસ સ્ટોકનું વજન અંદાજે ૬ થી ૧૦ કિલોગ્રામ હોય છે. વિભાગ પ્રમાણે અપડેટ્સ આ રમતમા હોય છે.

ખેલાડીઓ નામની યાદી આ મુજબ છે : જુનિયર ગર્લ :- હિવા પ્રજાપતિ, હેત્વી બલર, રવિના પ્રસાદ, વનશ્રી દેસાઈ. જુનિયર બોય :- મંતવ્ય ચલોડિયા, પ્રિયદર્શી તિવારી, પ્રિન્સ પટેલ, પ્રિયદર્શન તિવારી. સિનિયર ગર્લ :- સીમરન અગ્રવાલ, અંકિતા વારલેકર, દ્રષ્ટિ વસાવા, ઈસા વર્મા, ઈવા પટેલ. સિનિયર બોય:- વિકાસ વર્મા, પ્રવીણ શર્મા, મિહિર પટેલ, નિખિલ શર્મા, પૃથ્વી ભોંયે, ધર્મેશ વાર્લેકર, વિષ્ણુ કેજરીવાલનો સમાવેશ થાય છે.

### બનાસ નદીના પટમાંથી રેતીનું ખનન થતું હતું

# જામપુર અને ખારીયા બનાસ નદીના પટમાંથી રેતી ભરેલી ટ્રકો ઝડપાઈ

કાંકરેજ, તા.૭

કાંકરેજ તાલુકાની જીવાદોરી સમાન ગણાતી બનાસ નદીના પટમાંથી રેતી ખનન કરતા તત્ત્વો ઉપર કાંકરેજ મામલતદાર ભરતભાઈ દરજી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે હવે જામપુર અને ખારીયા બનાસ નદીના પટમાંથી રેતી ખનન કરતા હોવાના અહેવાલો મળ્યાં હતા. કાંકરેજ મામલતદાર ભરતભાઈ દરજીએ રેતી ભરેલ ટ્રકોમાં વધુ વજન છે કે રોયલ્ટી પાસ વગરની કાંકરેજ તાલુકાના વડા પાસેથી ગાડી નંબર : જી.જે.૦૮.એ.વી. - ૭૧૦૩, જી.જે.૦૮.એ.ડબ્લ્યુ. - ૭૩૨૫, જી.જે.૦૮.એ.ઈ. - ૬૧૦૭એ રોયલ્ટી પાસ રજૂ કરેલ નહિ અને બે ગાડીઓના ચાલકો પાસે એકમાં ચાર ટન રેતીનું વજન વધારે હોવાથી બિનઅધિકૃત રીતે રેતી ખનન કરતા ટ્રકોને થરા પોલીસ સ્ટેશનમાં જમા કરાવીને દંડનીય કાર્યવાહી કરી પાલનપુર ભૂસ્તર શાસ્ત્રીને રિપોર્ટ તૈયાર કરી મોકલી આપવામાં આવ્યો છે.

**કલેક્ટરે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હોવા છતાં રેતી ખનનની પ્રવૃત્તિ ચાલી રહી છે**

કંબોઈ ખાતે ખાણ-ખનિજ વિભાગ દ્વારા ચેકપોસ્ટ ઉભી કરી દીધી છે. સ્થાનિક પોલીસ તંત્ર અને કાંકરેજ મામલતદાર ભરતભાઈ દરજીએ લાલ આંખ કરતાં ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

બનાસકાંઠા જિલ્લાના કલેક્ટરના જાહેરનામા મુજબ સાંજે છ વાગ્યા પછી કોઈપણ ભોગે ખોદકામ કરવું કે રેતી, માટી વહન કરવા બાબતે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. હવે શું આ રીતે બિનઅધિકૃત રીતે રેતી ખનન કરતા તત્ત્વો ઉપર કડક પગલાં લેવામાં આવશે કે નહીં? તેવી ચર્ચા થઈ રહી છે.

# અદાણી પોર્ટ અને સેઝનો EBITDA ૧૯ ટકા વધ્યો

અમદાવાદ, તા. ૭

૩૧ ડિસેમ્બર ૨૦૨૨ના પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરના નવ માસના પરિણામો અદાણી પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ. (એપીએસઈઝેડ)એ આજે જાહેર કર્યા છે.

નવ મહિનાના સમયગાળામાં અત્યાર સુધીની સૌથી વધુ આવક અને EBITDA સાથે અદણી પોર્ટ અને સેઝ એ તેની સંપૂર્ણ વર્ષની આવક અને નાણાંકીય વર્ષ-૨૩ માટે પૂરા પાડવામાં આવેલા EBITDA માર્ગદર્શનના ઉપલા અંતને હાંસલ કરવા માટે સારૂ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. એમ જણાવતા અદાણી પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.ના મુખ્ય કારોબારી અધિકારી અને પૂર્ણ કાલિન ડાયરેક્ટર કરણ અદાણીએ કહ્યું હતું કે કંપનીએ હાઈફા પોર્ટ કંપની, એઓટીએલ, આઈસીડી ટમ્બ, ઓશન સ્પાર્કલ અને ગંગાવરમ પોર્ટના વ્યવહારો પણ આખરી કર્યા છે અને તેના બિઝનેસ મોડલને ટ્રાન્સપોર્ટ યુટિલિટીમાં બદલવામાં કંપની સંગીન પ્રગતિ કરી રહી છે.

વૃધ્ધિ તરફની અમારી સફરમાં આગળ વધવા સાથે નાણાંકીય વર્ષ-૨૪માં EBITDA રૂા. ૧૪,૫૦૦ થી ૧૫૦૦૦ કરોડનો કંપનીનો લક્ષ્યાંક છે. રૂા. ૪૦૦૦ થી રૂા. ૪૫૦૦ કરોડના અંદાજિત મૂડી ખર્ચ ઉપરાંત કુલ લોનની ચુકવણી અને આશરે રૂા. ૫૦૦૦ કરોડની પૂર્વ ચુકવણી માટે અમે વિચારણા કરી રહ્યા છીએ, જે અમારા ચોખ્ખા દેવાથી EBITDA ગુણોત્તરમાં નોંધપાત્ર રીતે સુધારો કરશે અને ૨૦૨૪ના માર્ચ સુધીમાં તેને ૨.૫ની નજીક લાવશે એમ પણ કરણ અદાણીએ ઉમેર્યુ હતું.

**વર્ષ ૨૦૨૪માં EBITDA રૂા. ૧૪૫૦૦થી ૧૫૦૦૦ કરોડનો લક્ષ્યાંક**

મજબૂત ઓપરેશનલ કામગીરી નાણાકીય કામગીરી નાણાકીય વર્ષ-૨૩ના પ્રથમ નવ માસ દરમિયાન એપીએસઈઝેડએ દેશના કુલ કાર્ગો પૈકી ૨૪ હેન્ડલ કરીને ભારતના સૌથી મોટા પોર્ટ ઓપરેટર તરીકેની તેની નેતૃત્વ સ્થિતિ જાળવી રાખી છે. પોર્ટનો વાર્ષિક ધોરણે EBITDA ૨૦ % વધીને રૂા. ૯૫૬૨ કરોડ થયો છે. જે વસુલાત અને કાર્ગો વોલ્યુમ વૃદ્ધિમાં મજબૂત સુધારો દર્શાવે છે. પોર્ટના ૭૦ % EBITDA માર્જિન સાથે અદાણી પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ. વૈશ્વિક સ્તરે સૌથી વધુ નફાકારક પોર્ટ કંપનીઓ પૈકીની એક બની રહી છે.

### હવા એકત્રિત કરી લેબમાં મોકલવામાં આવશે

# પાટણમાં પ્રદૂષણ માપવા પાલિકાની ટેરેસ પર બે મશીન મૂકવામાં આવ્યાં

પાટણ, તા.૭

નેશનલ એર ક્વોલિટી પ્રોગ્રામ હેઠળ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મદદથી હવાની ગુણવત્તા માપવા માટે ની સિસ્ટમ કાર્યરત બનાવવામાં આવી છે ત્યારે સ્ટેટ એર ક્વોલિટી મોનિટરીંગ પ્રોગ્રામ હેઠળ પાટણ શહેરની હવાની ગુણવત્તા માપવા માટે રાજ્ય સરકાર દ્વારા પાટણ નગરપાલિકાને આ સિસ્ટમ આપવામાં આવી છે જે સિસ્ટમ પાલિકાના ટેરેસ ઉપર ફીટ કરવામાં આવી છે. જે સિસ્ટમનું મોનિટરીંગ કર્યાબાદ કાર્યરત કરવામાં આવનાર હોવાનું પાટણ નગરપાલિકાના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ જય રામીએ જણાવ્યું હતું. દર વર્ષે ૨ ડિસેમ્બરને રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો હેતુ પ્રદૂષણથી મુક્તિ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે અને લોકોને તેના વિશે જાગૃત કરવાનો છે.પાટણ શહેરમાં વિવિધ પ્રકારના પ્રદૂષણ જેવા કે હવા, માટી, પાણી, ધ્વનિ પ્રદૂષણને માપવા માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા બે મશીનો ઉપલબ્ધ બનાવવામાં આવ્યા છે જે મશીનો દ્વારા કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, હાઈડ્રોજન, ઓઝોન, નાઈટ્રિક ઓક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, હાઈડ્રોજન સલ્ફાઈડ, આયોડિન સોડિયમ ક્લોરાઈડ અને ફાર્માલીડ હાઈડના રજકણોના નમૂના લઈ તે નમૂના અદ્યત્તન લેબમાં મોકલી આપી કયા રજકણોમા કયા તત્ત્વોનું પ્રમાણ વધુ છે તેનો રિપોર્ટ તૈયાર કરી લેબ દ્વારા પાલિકા અને સરકારને સુપ્રત કરશે અને તે રિપોર્ટ આધારે પાલિકા દ્વારા પ્રદૂષણને અટકાવવા માટેના પગલા લેવામાં આવશે.

# સુરતમાં ક્રિકેટ રમતો યુવાન અચાનક બેભાન, મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત, તા.૭

હજુ થોડા સમય પહેલા જ રાજકોટનો એક દર્દનાક કિસ્સો બન્યો હતો જેમા એક યુવાન ક્રિકેટ તો એક યુવાન ફુટબોલની રમત રમતાં રમતાં હાર્ટએટેક આવવાથી બન્ને યુવાનોનાં મોત થયા હતા. તો આજે આવી જ એક ઘટના સુરત ખાતે બની છે. આ ઘટના સુરતના સેલુટ ગામના મેદાનમાં ક્રિકેટ રમતી વખતે અચાનક બેભાન થઈ ઢળી પડતા યુવાનનું મોત થવાની ઘટના સામે આવી છે.

આજે સુરતના સેલુટ ગામના મેદાનમાં ક્રિકેટ રમતી વખતે અચાનક બેભાન થઈ ઢળી પડતા યુવાનનુ મોત થવાની દુખદ ઘટના બની હતી. યુવકના મોતના કારણે સમગ્ર શેખપુર ગામમાં શોકની લાગણી ફરી વળી હતી. મળતી વિગતો મુજબ કામરેજ તાલુકાના શેખપુર ગામનો નવયુવાન રોજ સવારે ક્રિકેટ રમવા જતો હતો. પરંતુ આજે તેના મિત્રો સાથે ઓલપાડ તાલુકાના સેલુટ ગામના મેદાનમાં ક્રિકેટ રમવા ગયો હતો. જ્યા તે ક્રિકેટ રમતા રમતા અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો.ક્રિકેટ રમતા રમતા અચાનક ઢળી પડતા બેભાન થઈ ગયો હતો તેથી તેને તાત્કાલિક સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યા હાજર તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. જેથી યુવકના મોતના કારણે સમગ્ર શેખપુર ગામમાં શોકમાં ડુબી ગયુ હતું.

# ટુરિઝમ મલેશિયા દ્વારા અમદાવાદમાં રોડ શો યોજાયો

અમદાવાદ, તા. ૭

અમદાવાદના ક્રાઉન પ્લાઝા હોટલ ખાતે આજે મલેશિયન એસોસિયેશન ઓફ ટૂર એન્ડ ટ્રાવેલ્સ એજન્ટસના સહયોગથી ટુરિઝમ મલેશિયાએ આ વર્ષે ભારતમાં તેનો પાંચમો અને છેલ્લા રોડ શોનું આયોજન કર્યું હતું. ટુરિઝમ મલેશિયા દ્વારા આ રોડ શોની સિરીઝ દેશના પાંચ શહેરોમાં ૩૦ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી કરવામાં આવી હતી. આ રોડ શો ચેન્નાઈ શહેરમાંથી શરૂ થયો ત્યારબાદ બેંગલુરૂ, હૈદરાબાદ, મુંબઈ અને અમદાવાદ જેવા શહેરોની મુલાકાત લઈ સમાપ્ત થયો હતો.

**ભારતીય પ્રવાસીઓને આકર્ષવાનો પ્રયાસ**

આ મિશનની લીડરશીપ ટુરિઝમ મલેશિયાના સિનિયર ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ ઈન્ટરનેશનલ પ્રમોશન (એશિયા અને આફ્રિકા) મોહમ્મદ અમીરૂલ રિઝાલ અબ્દુલ રહીમ કરી રહ્યા છે. આ રોડશોનો ઉદ્દેશ્ય ભારતીયોમાં પ્રવાસન ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જવા માટે ઈન્ડસ્ટ્રી કોમ્યુનિટીને પ્લેટફોર્મ પુરૂં પાડવાનો છે.

પર્યટન મલેશિયા વૈશ્વિક સ્તરે તેના માર્કેટિંગ પ્રયાસોને વેગ આપી રહ્યું છે, જેમાં ભારતના બજારમાં મલેશિયાની પ્રોફાઈલ વધારવાનો સમાવેશ થાય છે. અમને આશા છે કે ભારતીય બજાર અમારા માટે આ નંબર મેળવવામાં એક મહતવની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે.





વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનની ફાઈનલમાં પ્રવેશ મેળવવા માટે પ્રવાસી ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફી સીરીઝની ૯ ફેબ્રુઆરીએ નાગપુરમાં રમાનારી પ્રથમ ટેસ્ટ મેચ જીતીને ટેસ્ટમાં પણ વિજયકૂચ જારી રાખવાનાં નિર્ધાર સાથે ભારતીય ટીમ નાગપુરના મેદાનમાં તનતોડ પ્રેકટિસ કરી રહી છે, તો ઓસ્ટ્રેલિયાની ટીમ પણ પીછેહટ જરાપણ જોખમ લેવા તૈયાર નથી, તસ્વીરોમાં ડાબેથી ઓસ્ટ્રેલિયાની ટીમના ખેલાડીઓ નાગપુરના મેદાન પર પ્રેક્ટિસ કરી રહ્યા છે, પછીની તસ્વીરમાં નાગપુરમાં વિદર્ભ ક્રિકેટ એસોસિએશનના ગ્રાઉન ખાતે ભારતીય ટીમના ખેલાડીઓ બોલીંગ કોચ વિક્રમ રાઠોડ, હેડ કોચ રાહુલ દ્રવિડ અને કેપ્ટન રોહિત શર્મા સાથે ટીમના ખેલાડીઓ પ્રેકટીસ કરી રહ્યા છે, ત્રીજી અને અંતિમ તસ્વીરમાં ભારતીય ટીમનો ઓપનર શુભમન ગિલ બંને હાથમાં એક એક બેટ લઈને પ્રેકટિસ સેશનમાં ભાગ લેવા આવેલો નજરે પડે છે.

# નાગપુર ટેસ્ટની પીચ સ્પીન ફ્રેન્ડલી ન લાગતા દ્રવિડે રાતોરાત બદલાવી નાખી

નવી દિલ્હી,તા.૭

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ મેચની સિરીઝની પહેલી મેચ ૯ ફેબ્રુ.થી નાગપુરના જામથામાં શરૂ થઈ રહી છે. ત્યારે આ બધા વચ્ચે એવા સમાચાર આવ્યા છે કે વિદર્ભ ક્રિકેટ એસો.ને (વીસીએ) જે પિચ તૈયાર કરી હતી એ ટીમ ઈન્ડિયાના હેડ કોચ રાહુલ દ્રવિડને પસંદ નથી. આવી. એસો. સાથે જોડાયેલાં સૂત્રોનું માનીએ તો કોચ દ્રવિડે તૈયાર કરેલી પિચની જગ્યાએ બીજી પિચ પર જ ટેસ્ટ માટે પિચ તૈયાર કરવા જણાવ્યું છે.

ટીમ ઈન્ડિયાના કોચના આ આદેશ પછી વીસીએને હવે ઘણા ફેરફારો કરવા પડ્યા છે. સાઈટ સ્ક્રીનની પોઝિશનિંગમાં પણ બદલાવ કરવો પડ્યો છે. આ ઉપરાંત મેચના લાઈવ ટેલિકાસ્ટ માટે લગાવવામાં આવેલા કેમેરાની જગ્યા પણ બદલાવી દેવામાં આવી છે. ત્યારે આ સ્ટોરીમાં આ બધું કેમ થયું અને સાથે એ પણ જાણીશું



કે આ ટેસ્ટ માટે પિચને કેમ આટલું મહત્વ આપવામાં આવે છે?

વીસીએ ટેસ્ટ મેચ માટે જે પિચ તૈયાર કરી રહી હતી એ સ્પિચ ફ્રેન્ડલી દેખાતી નહોતી. ઘર આંગણે ટીમ ઈન્ડિયાને એવી પિચ વધુ પસંદ છે, જે પહેલા દિવસથી સ્પિન બોલિંગ માટે મદદરૂપ થાય છે. જ્યારે દ્રવિડે પિચનું નિરીક્ષણ કર્યું ત્યારે તેમને જાણવા મળ્યું કે, આ પિચ સ્પિન ફ્રેન્ડલી નહોતી. આ પછી તેમણે ટેસ્ટ માટે બીજી નજીકની પિચ તૈયાર કરવાની સૂચના આપી હતી.

સાઈટ સ્ક્રીન અને બ્રોડકાસ્ટિંગ કેમેરાની સ્થિતિ પિચ પ્રમાણે કરવામાં આવે છે. પિચમાં ફેરફારને કારણે આમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. આગળના ગ્રાફિકમાં જુઓ કે જામથામાં ટીમ ઈન્ડિયાનો

**જ્યારે સૌરવ ગાંગુલી નાગપુરની પિચ જોઈને બીમાર પડી ગયા હતા!**

અત્યાર સુધી રેકોર્ડ કેવો રહ્યો છે અને આ પછી આપણે એ સ્ટોરી વિશે જાણીશું કે જ્યારે સૌરવ ગાંગુલી નાગપુરની પિચ જોઈને બીમાર પડી ગયા હતા!

વિદર્ભ ક્રિકેટ એસો.ને અગાઉ પણ ટીમ ઈન્ડિયાની સૂચના પ્રમાણે પિચ નથી બનાવી. આ ઘટના ૨૦૦૪ની છે એ સમયે પણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાવાની હતી. ટીમ ઈન્ડિયા બેંગલુરુમાં પહેલી ટેસ્ટ હારી ગઈ હતી. કેપ્ટન સૌરવ ગાંગુલીએ સૂચના આપી હતી કે પિચ સ્પિન ફ્રેન્ડલી હોવી જોઈએ. આમ છતાં પિચ પર ઘણું ઘાસ બચ્યું હતું.

એટલે કે, એને ફાસ્ટ બોલિંગ ફ્રેન્ડલી બનાવવામાં આવી હતી. એવું કહેવાય છે કે આનાથી ગાંગુલી ખૂબ ગુસ્સે થયા હતા અને તેમણે પોતાને બીમાર છે એવું કહી દીધું હતું અને તેઓ એ મેચ રમ્યા નહોતા. એ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે, એ સમયે જામથા ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યું નહોતું અને ઈન્ટરનેશનલ મેચ નાગપુરના અન્ય ગ્રાઉન્ડમાં રમાતી હતી.

# ઓસિઝના પૂર્વ કેપ્ટન ચેપલની ધારણા: પંતની ગેરહાજરીથી ટીમ ઈન્ડિયાની તાકાત અડધી થઈ

નવી દિલ્હી,તા.૭

ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન ઈયાન ચેપલનું માનવું છે કે, એક ખેલાડીના ન હોવાના કારણે ટીમ ઈન્ડિયાની તાકાત અડધી થઈ ગઈ છે. ઈયાન ચેપલનું માનવું છે કે, ઋષભ પંતની હાજરીથી પેટ કમિન્સ અને તેમના સાથીઓની રાતોની ઊંઘ જતી હતી. પરંતુ આમ છતાં ગુરુવારે ૯ ફેબ્રુ.થી નાગપુરમાં શરૂ થનારી પહેલી ટેસ્ટ મેચમાં ભારત જીતના પ્રબળ દાવેદાર તરીકે શરૂઆત કરશે. ઋષભ પંત ડિસેમ્બર ૨૦૨૨ના અંતમાં કાર દુર્ઘટનામાં ઘાયલ થયો હતો. ત્યારબાદ તેના ઘૂંટણ અને એડીના અનેક ઓપરેશન કરાવવા પડ્યા. ઋષભ પંતને હજુ પણ હોસ્પિટલમાંથી રજા મળી નથી.



ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન ઈયાન ચેપલે કહ્યું કે, ભારતને વાસ્તવમાં ઋષભ પંતની કમી નડશે. ઓસ્ટ્રેલિયાની ટીમ ખુશ થશે. ઋષભ પંત જવાબી હુમલો કરનારો ખેલાડી છે. ઝડપથી સ્કોર કરે છે અને એક સેશનમાં મેચનું પાસું પલટી નાખે છે. ઈયાન ચેપલે વધુમાં કહ્યું કે, રવિચંદ્રન અશ્વિન નિશ્ચિતપણ મોટું જોખમ હશે પરંતુ ઓસ્ટ્રેલિયાના બેટર્સે તેમના વિરૂધ્ધ સક્રિય વલણ અપનાવવું જોઈએ.


ઈયાન ચેપલે કહ્યું કે, 'રવિચંદ્રન અશ્વિનથી જોખમ કેમ હોઈ શકે છે? કારણ કે, તે સ્માર્ટ ખેલાડી છે. અશ્વિન હંમેશા તમારા માટે સમસ્યા પેદા કરશે. ચેપલે કહ્યું કે, તમારે સક્રિય વલણ અપનાવવા અંગે વિચારવું પડશે. જો તમે તમારી શરતો પર નથી રમી રહ્યા તો આગળ જઈને પરેશાનીમાં મૂકાશો. તમારે એક-બે રન લઈને સ્ટ્રાઈક રોટેટ કરવી પડશે.

**ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન ઈયાન ચેપલે કહ્યું કે, ભારતને વાસ્તવમાં ઋષભ પંતની કમી નડશે**

# ઓસ્ટ્રેલિયાના ટી૨૦ કેપ્ટન એરોન ફિંચે પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી લીધી નિવૃત્તિ

નવી દિલ્હી,તા.૭

ઓસ્ટ્રેલિયાના ટી૨૦ કેપ્ટન એરોન ફિંચે આજે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. ફિંચે ગયા વર્ષે વન-ડેમાંથી નિવૃત્તિ લીધી હતી. તેણે ટી૨૦માંથી પણ નિવૃત્તિ લઈ લીધી છે. ફિંચ ઓસ્ટ્રેલિયાની ૨૦૨૧ ટી૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હતો. તેની જ કેપ્ટનશિપમાં ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન બની હતી. ફિંચે ઓસ્ટ્રેલિયા તરફથી ટી૨૦માં સૌથી વધુ રન બનાવનાર બેટર પણ છે.



ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાનો સૌથી સફળ ફિંચ બિગ બેશ લીગ (બીબીએલ)માં મેલબોર્ન રેનેગેડ્સ માટે રમવાનું ચાલુ રાખશે. કેપ્ટન તરીકે ફિંચ માટે વર્ષ ૨૦૨૨ સારું રહ્યું નથી. યજમાન ઓસ્ટ્રેલિયા ટી૨૦ વર્લ્ડ કપમાં નોકઆઉટ સ્ટેજમાં જગ્યા બનાવવામાં નિષ્ફળ રહ્યું હતું. આ કારણે તેની કેપ્ટનશિપ પણ શંકાના દાયરામાં આવી ગઈ હતી.

નિવૃત્તિ માટે જાહેર કરેલા નિવેદનમાં એરોન ફિંચે કહ્યું હતું કે, 'મને લાગે છે કે, હું ૨૦૨૪નો ટી૨૦ વર્લ્ડ કપ રમી શકીશ નહીં. તેથી હવે નિવૃત્તિ લેવાનો યોગ્ય સમય છે. મારે મેનેજેન્ટને આગામી ટી૨૦ વર્લ્ડ કપ માટે ટીમ બનાવવા અને નવા કેપ્ટનને સેટ કરવા માટે સમય આપવો જોઈએ. ૧૨ વર્ષ સુધી કેપ્ટનશિપ કરવી અને વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ સાથે રમવું શાનદાર હતું. એરોન ફિંચે ટી૨૦ ક્રિકેટમાં ઘણાં રેકોર્ડ્સ બનાવ્યા છે. ફિંચ ઓસ્ટ્રેલિયાના સૌથી લાંબા સમય સુધી આપનાર કેપ્ટન બન્યો હતો. ફિંચે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કેપ્ટન તરીકે સૌથી વધુ મેચ રમી છે. ફિંચે ૩૧૨૦ રન સાથે ઓસ્ટ્રેલિયાનો સૌથી વધુ ટી૨૦ ઈન્ટરનેશનલ રન બનાવનાર ખેલાડી પણ છે.

એરોન ફિંચે ઓસ્ટ્રેલિયા માટે ૨૦૧૧માં ઈંગ્લેન્ડ સામેની વન-ડે મેચમાં ડેબ્યૂ કર્યું હતું. ફિંચે કુલ ૧૪૬ વન-ડે રમી છે અને ૫૪૦૬ રન બનાવ્યા છે. ટી૨૦માં તેણે ૧૦૩ મેચ રમી છે. અને ૩૧૨૦ રન બનાવ્યા છે. ફિંચે ઈન્ટરનેશનલ ક્રિકેટ માં કુલ ૧૯ સદી ફટકારી છે. ફિંચે તેની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ ૩૧ ઓકટોબર ૨૦૨૨ના રોજ આયર્લેન્ડ સામે રમી હતી. જેમાં તેણે ૬૩ રનની ઈનિંગ રમી હતી.

**ફિંચ ૩૧૨૦ રન સાથે ઓસ્ટ્રેલિયાનો સૌથી વધુ ટી૨૦ ઈન્ટરનેશનલ રન બનાવનાર ખેલાડી પણ છે**

# જાવેદ મિયાંદાદને રવિચંદ્રનનો સણસણતો જવાબ:એશિયા કપને શ્રીલંકામાં શિફ્ટ કરી દો

નવી દિલ્હી,તા.૭

જ્યારથી બીસીસીઆઈએ એશિયા કપ ૨૦૨૩ માટે પાકિસ્તાન ન જવાની વાત કરી છે, ત્યારથી પાકિસ્તાન ક્રિકેટમાં હલચલ મચી ગઈ છે. પૂર્વ ક્રિકેટર જાવેદ મિયાંદાદે

**પાક. ખેલાડી જાવેદે કહ્યું હતું કે, ભારત વિના પણ અમારુ ક્રિકેટ ખૂબ સારી ચાલશે**

બીસીસીઆઈ વિશે ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું હતું. હવે રવિચંદ્રન અશ્વિને તેને જડબાતોડ જવાબ આપ્યો છે.

રવિચંદ્રન અશ્વિને કહ્યું કે, આવું ઘણી વખત થાય છે જ્યારે આપણે સાંભળીએ છીએ કે પાકિસ્તાને ભારતમાં ન આવવાનું કહ્યું છે. પરંતુ એવું બને છે કે, ટૂર્નામેન્ટ બહાર ક્યાંક શિફ્ટ કરવી પડે છે. અશ્વિને કહ્યું કે, આ વખતે એશિયા કપને શ્રીલંકામાં શિફ્ટ કરી દેવો




જોઈએ. કારણ કે, દરેક વખતે તે દુબઈ પહોંચે છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલની બેઠકમાં બીસીસીઆઈ સેક્રેટરી જય શાહે ભારતની સ્થિતિ સ્પષ્ટ કરી હતી. બીસીસીઆઈએ કહ્યું છે કે, સુરક્ષાના કારણોસર ટીમ ઈન્ડિયા પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે, જો એશિયા કપને ત્યાંથી શિફ્ટ કરવામાં આવે તો ટીમ ઈન્ડિયા તેમાં ભાગ લેશે.

આ નિવેદનના જવાબમાં પાકિસ્તાન તરફથી ધમકી આપવામાં આવી હતી કે, જો ટીમ ઈન્ડિયા પાકિસ્તાન નહીં આવે તો પાકિસ્તાનની ટીમ ઓડીઆઈ વર્લ્ડ કપ માટે ભારતનો પ્રવાસ નહીં કરે. આ બોલાચાલી વચ્ચે જાવેદ મિયાંદાદે કહ્યું હતું કે, ભારત વિના પણ અમારું ક્રિકેટ સારું ચાલે છે, જો ટીમ ઈન્ડિયા પાકિસ્તાન નહીં આવે તો આપણે પણ તેમની જગ્યાએ ન જવું જોઈએ. ભારતીય ટીમ ઘણા સમયથી પાકિસ્તાનના પ્રવાસે નથી. કારણે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજકીય સંબંધો હજુ સારા નથી. અત્યારે બંને ટીમો માત્ર આઈસીસી ટૂર્નામેન્ટમાં જ એકબીજા સામે રમે છે.

# માત્ર IPL બચશે, બાકીની લીગ ટકે તેવી શક્યતા ઓછી: ગાંગૂલી

નવીદિલ્હી, તા.૭

ભારતના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગૂલીએ મહત્ત્વનું નિવેદન આપતાં

**અત્યારે ખેલાડીઓ પોતાના દેશ કરતા ફ્રેન્ચાઈઝી ક્રિકેટને વધુ મહત્ત્વ આપી રહ્યા છે તે વધુ ચાલવાનું નથી**

કહ્યું કે ખેલાડીઓનું ટી-૨૦ લીગને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પર મહત્ત્વ આપવું બહુ લાંબા સમય સુધી ટકવાનું નથી કેમ કે ભવિષ્યમાં આર્થિક રીતે મજબૂત હશે તેવી અમુક જ લીગ ટકી શકશે. દુનિયાભરમાં ટી-૨૦ લીગની વધી રહેલી સંખ્યા વચ્ચે હવે ખેલાડીઓ



દેશ માટે રમવા કરતાં ફ્રેન્ચાઈઝી ક્રિકેટને મહત્ત્વ આપી રહ્યા છે. બિગબેશ લીગ બાદ હવે યુએઈ અને દક્ષિણ આફ્રિકામાં લીગ રમાઈ રહી છે. આ ઉપરાંત વર્ષના અંતમાં અમેરિકામાં પણ એક લીગની યોજના છે. સૌરવ ગાંગૂલીએ એક કાર્યક્રમમાં કહ્યું કે અમે દુનિયાભરમાં રમાઈ રહેલી લીગ અંગે વાત કરી રહ્યા છીએ. આઈપીએલ એકદમ અલગ પ્રકારની લીગ છે. ઑસ્ટ્રેલિયાની બીગબેશ લીગ પણ સારું કરી રહી છે અને આ રીતે બ્રિટેનમાં ધ હન્ડ્રેડે સારું કર્યું છે. જો કે મારું માનવું છે કે આવનારા ચાર-પાંચ વર્ષમાં અમુક જ લીગ બચેલી રહેશે અને મને એ પણ ખબર છે કઈ લીગ ટકવાની છે.

# ૪ માર્ચથી મુંબઈમાં વુમેન્સ આઈપીએલ યોજાશે, ૧૩મીથી ખેલાડીઓની હરાજી થશે

નવી દિલ્હી,તા.૭

વુમન્સ ઈન્ડિયન પ્રીમિયર લીગની પહેલી એડિશન ૪ માર્ચથી ૨૬ માર્ચ સુધી મુંબઈમાં રમાઈ શકે છે. બ્રેબોર્ન સ્ટેડિયમ અને ડીવાય પાટિલ સ્ટેડિયમ ટૂર્નામેન્ટની બધી જ મેચ યજમાની કરશે. જેમાં મુંબઈ અને ગુજરાતની ફ્રેન્ચાઈઝની વચ્ચે પહેલી મેચ રમાઈ શકે છે. આઈપીએલ પ્રેસિડેન્ટે આની જાણકારી આપી હતી.

**લગભગ ૧૫૦૦ ખેલાડીઓએ લીગ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે**

ડબલ્યુ આઈપીએલનું ઓકશન ૧૩ ફેબ્રુ.એ યોજાશે. લગભગ ૧૫૦૦ ખેલાડીઓએ લીગ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. અને આની ફાઈનલ લિસ્ટ આ અઠવાડિયાના અંતમાં જાહેર થવાની સંભાવના છે. મુંબઈના જિઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં એક દિવસ માટે મેગા ઓકશન થશે. એવા સમાચારો આવતા હતા કે, બીસીસીઆઈને ઓકશન માટે હોટેલ મળતી નથી. લગ્નની સિઝન હોવાના કારણે મુંબઈ અને દિલ્હીમાં મોટાભાગની હોટેલ બુક થઈ ગઈ છે.

# શ્રીલંકાના પૂર્વ કેપ્ટન જયવર્દને જ્યોતિષની અદામાં ભવિષ્ય ભાખ્યુ:ભારત હારી જશે

નવી દિલ્હી,તા.૭

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી અત્યંત રોમાંચક બનશે તેવી તમામને અપેક્ષા છે. કાગળ ઉપર અને ઘર આંગણાના રેકોર્ડને ધ્યાનમાં રાખતા ભારત વધારે મજબૂત જણાય છે પરંતુ શ્રીલંકાના ભૂતપૂર્વ સુકાની મહેલા જયવર્ધનેએ ભવિષ્યવાણી કરી છે કે, પેટ કમિન્સના નેતૃત્વ હેઠળની કાંગારું ટીમ ભારતે ૨-૧થી હરાવશે. જયવર્ધનેએ જણાવ્યું હતું કે, આ શાનદાર અને રોમાંચક શ્રેણી બનશે તેમાં કોઈ શંકા નથી. ભારતની પરિસ્થિતિમાં ઓસ્ટ્રેલિયન બેટ્સમેન કેવી રીતે રમે છે તેની ઉપર તમામ બાબતનો મદાર રહેશે.



ઓસ્ટ્રેલિયા પાસે બેલેન્સ બોલિંગ એટેક છે. બંને ટીમ શ્રેણીની કેવી શરૂઆત કરે તે રસપ્રદ બની રહેશે.

જયવર્દનેએ જણાવ્યું હતું કે, બંને ટીમની સ્ટ્રેન્થ જોતાં ભવિષ્યવાણી કરવી મુશ્કેલ છે. પરંતુ ઓસ્ટ્રેલિયા ૨-૧થી શ્રેણી જીતી શકે છે પરંતુ તેના માટે આ સહેજ પણ આસાન રહેશે નહીં. ઓપનર શુભમન ગિલના સંદર્ભમાં જયવર્દનો એ જણાવ્યું હતું કે, તે ટેકનિકલી ઘણો મજબૂત છે. તે અત્યારે શાનદાર ફોર્મમાં છે અને જો તે ૨૩ બોલ ક્રિકેટમાં આ ફોર્મને પરિવર્તિત કરશે તો ગિલ માટે ભારત માટે મેચવિનર ખેલાડી સાબિત થઈ શકે છે. તે આક્રમક શરૂઆત કરીને હરીફ ટીમના બોલિંગ આક્રમણને દબાણમાં લાવી શકે છે.

### ઘરમાંથી બહાર નીકળ્યા બાદ ટીનાનું થયું હૃદય પરિવર્તન

# 'બિગ બોસ'ની જર્નીને ખૂબ એન્જોય કરી : ટીના દત્તા



બિગ બોસ ૧૬ના ઘરમાંથી હાલમાં બહાર થયેલી ટીના દત્તાએ ઈન્ટરવ્યૂમાં તેની જર્ની અને વિવાદાસ્પદ રિયાલિટી શોમાં તે કેવી રીતે ટકી રહી તેના વિશે વાત કરી હતી. તેણે સુમ્બુલ તૌકીરના પિતાના ફોન વિશે અને તેની સાથેના સંબંધો કેમ ખરાબ થયા એ અંગે પણ ઉલ્લેખ કર્યો હતો. આ સાથે તેણે શાલિન ભનોત પર ગુસ્સો કાઢ્યો હતો તેને એવી વ્યક્તિ ગણાવ્યો હતો, જે બધાની સાથે છળકપટ કરતો રહે છે. તેણે કહ્યું હતું કે, માત્ર બિગ બોસ ૧૬ના કન્ટેસ્ટન્ટ્સ જ નહીં પરંતુ બહાર પણ સૌ તેના એન્ગર ઈશ્યૂ વિશે જાણે છે. ઘણા ઉતાર-ચડાવ સાથે મારી જર્ની સુંદર રહી. મેં સારા અને ખરાબ દિવસો જોયા. હું ઘરમાં અલગ-અલગ લાગણીઓમાંથી પસાર થઈ છું. સામાન્ય જીવનમાં જેમ આપણા સારા અને ખરાબ દિવસો આવે છે. દુઃખ અને સુખમાંથી પસાર થઈએ છીએ. તે જ રીતે બિગ બોસ ૧૬ની જર્નીને પણ અલગ-અલગ રીતે એન્જોય કરી. હું અત્યારસુધીમાં જેમને પણ મળી છું તે તમામનું કહેવું છે કે, ફિનાલે પહેલા બહાર થઈ તેનાથી તેઓ નિરાશ થયા છે. તેઓ મને ફાઈનાલિસ્ટ તરીકે જોતા હતા. મારા ફેન્સ અપસેટ છે. હું તેમની માફી માગવા ઈચ્છું છું કારણ કે હું તેમની અપેક્ષા પર ખરી ઉતરી શકી નહીં. મેં શોમાં ૨૦૦ ટકા આપ્યા હતા. હું તમને હંમેશા મનોરંજન પૂરું પાડીશ તેવું વચન આપું છું'. સુમ્બુલના પિતાએ મારા માટે જે વાત કહી તેને અવગણવી મુશ્કેલ છે. તેમણે જે વાત કહી તેને અવગણી શકાય નહીં. સુમ્બુલ વિશે મેં જે કંઈ કહ્યું તે અવલોકન કરીને કહ્યું હતું. મને નથી લાગતું કે હું ખોટી હતી. આ શો એવો છે જ્યાં તમારે પોતાના મત શેર કરવા પડે છે અને તે સિવાય તમે કંઈ કરી શકતા નથી. તમને તમારો મત રાખવાનો પૂરતો હક છે. મને લાગે છે કે જે કંઈ થયું તે સુમ્બુલના તરફેણમાં હતી કારણ કે હવે જે સુમ્બુલને જોઈએ છીએ તે પહેલા કરતાં અલગ છે. સુમ્બુલ હવે એકદમ અલગ વ્યક્તિ બની ગઈ છે. તે સુંદર વ્યક્તિ છે અને પોતાનો પક્ષ રાખવા લાગી છે. શાલિન તેવું દેખાડી રહ્યો હતો કે, તેની દયાથી સુમ્બુલ ઘરમાં છે. તે તેની સાથે છળકપટ કરી રહ્યો હતો. હું તેને કેવી રીતે કહેત કે તે પોતાના દમ પર આ શોનો ભાગ છે. તે પોતાની ઉપલબ્ધિના કારણે ઘરમાં છે. શાલિન હંમેશાથી મારી પાછળ હતો અને શોમાં તે મને ઈમ્પ્રેસ કરવામાં રહેતો હતો. બાદમાં અમે સારા મિત્રો બન્યા હતા. ઘરમાં રહીને શાલિન ભનોત રિયલમાં શું છે તે જાણવા મળ્યું. તે ચાલાક છે. તે કેટલો ગુસ્સાવાળો છે એ વાત કોઈનાથી છુપી નથી. ગુસ્સામાં વસ્તુઓ ફેંકવી અને તેને તોડી નાખવી..

**શાલિનને ચાલાક ગણાવતાં ટીનાએ કહ્યું તે એવું દેખાડતો હતો કે સુમ્બુલ તેના લીધે ઘરમાં છે**



જેસલમેરમાં આજે સૂર્યગઢ રિસોર્ટ ખાતે બોલિવુડ સેલિબ્રિટી કિઆરા અડવાણી અને સિધ્ધાર્થ મલહોત્રા લગ્નના બંધને બંધાયા હતા. સાત ફેરા ફર્યા બાદ એકબીજાને મન વચન અને કર્મથી જોડાવાની શુભેચ્છાની આપલે કરી હતી.

### લગ્ન પછી પાલી હિલનું ઘર છોડી દેશે

# ૭૦ કરોડના બંગલામાં કિયારા સાથે રહેવા જશે સિદ્ધાર્થ

સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીના પ્રી-વેડિંગ ફંક્શનની શરૂઆત થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, ૫ ફેબ્રુઆરીએ કિયારાની મહેંદી સેરેમની યોજાઈ હતી. જે બાદ ૬ ફેબ્રુઆરીએ કપલની સંગીત સેરેમની યોજાઈ. ૭ ફેબ્રુઆરીએ કિયારા અને સિદ્ધાર્થ પતિ-પત્ની બની ગયા છે. લગ્ન બાદ મિસ્ટર અને મિસિસ મલ્હોત્રા ક્યાં રહેવા જશે તેની પણ વિગતો સામે આવી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, સિદ્ધાર્થ મલ્હોત્રાના સી-ફેસિંગ ઘરમાં કિયારા અડવાણી તેની સાથે રહેશે. આ ઘરના ઈન્ટિરિયર ડિઝાઈનિંગનું કામ જાણીતી ડિઝાઈનર અને શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાને કર્યું છે. જોકે, આ ઘરમાં તેઓ થોડો જ સમય રહેશે. લગ્ન પહેલાના થોડા મહિનાઓથી જ સિદ્ધાર્થ નવું ઘર શોધી રહ્યો હતો. રિપોર્ટ પ્રમાણે, સિદ્ધાર્થને જૂહુમાં ૩૫૦૦ સ્ક્વેર ફૂટમાં ફેલાયેલો એક બંગલો પસંદ આવ્યો છે. આ બંગલાની કિંમત ૭૦ કરોડ રૂપિયા છે. બધા જ ઓપ્શન જોયા પછી સિદ્ધાર્થ આ બંગલા પર મહોર મારશે તેવી ચર્ચા છે. દેખીતી રીતે જ સિદ્ધાર્થ પાલી હિલના પોતાના ઘરની જેમ સી-ફેસિંગ મકાન શોધી રહ્યો છે. સિદ્ધાર્થના હાલના ઘરમાંથી અરબી સમુદ્રનો સુંદર નજારો જોવા મળે છે. થોડા વર્ષો ડેટિંગ કર્યા પછી સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી લગ્નના બંધનમાં બંધાવા તૈયાર છે. રાજસ્થાનના જેસલમેરમાં કપલના રોયલ વેડિંગ યોજાશે. સિદ્ધાર્થ-કિયારાના લગ્ન સૂર્યગઢ પેલેસમાં થવાના છે. કરણ જોહરથી લઈને ઈશા અંબાણી સુધીના સેલેબ્સ સિદ્ધાર્થ-કિયારાના લગ્નમાં સામેલ થવા માટે જેસલમેર પહોંચી ગયા છે. ઈશા અંબાણી કિયારાની બાળપણની મિત્ર છે ત્યારે તે પોતાના પતિ આનંદ પિરામલ સાથે રવિવારે રાત્રે જેસલમેર પહોંચી હતી. કરણ જોહર, શાહિદ કપૂર અને પત્ની મીરા રાજપૂત, આરતી શેટ્ટી, શાહબીના ખાન, અમૃતપાલ સિંહ બિંદ્રા વગેરે જેવા સેલેબ્સ પહોંચ્યા છે. કિયારા અને સિદ્ધાર્થ પોતાના પરિવારો સાથે ૪ ફેબ્રુઆરીએ જેસલમેર પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, અગાઉ કપલના લગ્નની તારીખ ૬ ફેબ્રુઆરી હોવાનું ચર્ચાતું હતું. પરંતુ હવે મળેલી લેટેસ્ટ માહિતી પ્રમાણે, સિદ્ધાર્થ-કિયારા ૭ તારીખે સાત ફેરા લેશે. જે બાદ કપલ બે રિસેપ્શન યોજશે. એક રિસેપ્શન મુંબઈમાં અને એક દિલ્હીમાં યોજાવાનું છે.

**આ ઘરના ઈન્ટિરિયર ડિઝાઈનિંગનું કામ જાણીતી ડિઝાઈનર અને શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાને કર્યું છે**

### છકડાની મજા લીધી અને કચ્છી વાનગીઓ ખાધી

# દેવોલિના ભટ્ટાચાર્જી રણોત્સવની મહેમાન બની



મુંબઈ, તા.૭

ડિસેમ્બર ૨૦૨૨માં જિમ ટ્રેનર શાહનવાઝ શેખ સાથે લગ્ન કરીને ચર્ચામાં આવેલી સાથ નિભાના સાથિયાની ગોપી વહુ ઉર્ફે દેવોલિના ભટ્ટાચાર્જી હાલ કચ્છમાં યોજાતો વિશ્વ પ્રખ્યાત રણોત્સવની મુલાકાતે આવી હતી. તેની સાથે આ ટ્રિપમાં મમ્મી, BFF ભાવિની પુરોહિત, તેનો પતિ ધવલ દવે તેમજ અન્ય એક મિત્ર પણ જોડાયા હતા જ્યારે પતિ કોઈ કામથી સાથે જઈ શક્યો નહોતો. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતી એક્ટ્રેસે કેટલીક સુંદર તસવીરો શેર કરી છે. જેમાં તે છકડાની રાઈડ માણતી, મોતીકામ, માટીકામ અને બ્લોક પ્રિન્ટિંગમાં હાથ અજમાવતી, શોપિંગ કરવા સહિતની ઈનડોર અને આઉટડોર એક્ટિવિટી કરતી તેમજ સફેદ રણમાં સૂર્યાસ્ત સમયે ટ્રેડિનશલ આઉટફિટમાં પોઝ આપતી જોવા મળી. ભુજમાં ૩૫ હજાર સ્ક્વેર ફીટમાં ફેલાયેલું સ્વામિનારાયણ પણ ત્યાંના મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. દેવોલિના ભટ્ટાચાર્જીએ આ મંદિરની મુલાકાત લીધી હતી અને ભગવાન સમક્ષ શીશ નમાવી ધન્યતા પ્રાપ્ત કરી હતી. તેણે ત્યાં ક્લિક કરાવેલી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેમાં તે પેસ્ટલ ગ્રીન ડ્રેસ-પાયજામામાં જોવા મળી. આ પોસ્ટની સાથે તેણે મંદિર વિશેની કેટલીક માહિતી પણ આપી છે. તેણે અન્ય જે વીડિયો શેર કર્યો છે, જેમાં તે અલગ-અલગ એક્ટિવિટી કરતી જોવા મળી. આ ક્લિપમાં રણોત્સવની સુંદરતા જોતા જ આંખને ગમી જાય તેવી છે. અલગ-અલગ એક્ટિવિટી સિવાય ટેન્ટમાં બેસીને પરંપરાગત ભોજનનો આનંદ લેતી પણ જોવા મળી. આ વીડિયોની સાથે પણ તેણે રણોત્સવની પૂરતી માહિતી લખી થે અને અહીંયાની મુલાકાત લેનારા લોકો શું-શું કરી શકે છે તે વિશે જણાવ્યું છે.

**દેવોલિના ભટ્ટાચાર્જીએ મંદિરની મુલાકાત લીધી હતી અને ભગવાન સમક્ષ શીશ નમાવી ધન્યતા પ્રાપ્ત કરી હતી**



તાજની સાક્ષીમાંઃ બોલીવુડ એક્ટ્રેસ- એકટર કાર્તિક આર્યન અને કૃતિ સેનને પ્રેમના પ્રતિક સમાન વાહ તાજની મુલાકાત લીધી તે પ્રસંગની તસ્વીરની કેપ્શનમાં લખ્યું હતું- શહેજાદા, તાજ ઔર મુમતાઝ.

# શૈલેષ ભગવા રંગની ધોતી પહેરીને કપાળ પર રાખ લગાવેલા જોવા મળ્યા

ટીવી એક્ટર શૈલેષ લોઢાએ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શૉ છોડ્યો ત્યારથી સતત ચર્ચામાં છે. તેમણે શો છોડવા પર વિવિધ સમાચાર અને અફવાઓએ જોર પકડ્યું હતું. હવે સાચું કારણ તો એક્ટર શૈલેષ લોઢા અને શૉના મેકર્સ જ જાણે છે. પરંતુ હાલમાં તેમની એક તસવીરને કારણે તેઓ ચર્ચામાં આવી ગયા છે. આ તસવીર જોઈને ચાહકો ચોંકી ગયા છે અને એક્ટરને શૉમાં પરત ફરવા વિનંતી કરી રહ્યા છે. વાત જાણે એમ છે કે એક્ટર શૈલેષ લોઢા આ તસવીરમાં ભગવા રંગની ધોતી અને ગમછા પહેરેલા તેમજ કપાળ પર રાખ લગાવેલા જોવા મળે છે. તેમના ગળામાં માળા લટકાવવામાં આવી છે અને કપાળ પર ટીકા પણ લગાવવામાં આવ્યો છે. આ તસવીર શૈલેષ લોઢાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે, જે ખૂબ જ વાયરલ થઈ રહી છે. જે શેર કરતા શૈલેષ લોઢાએ કેપ્શનમાં લખ્યું કે, 'અમને મનની શક્તિ આપો, મન જીતી લો. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો છેલ્લા લાંબા સમયથી ટીવી સ્ક્રીન પર પ્રસારિત થઈ રહ્યો છે અને આ દરમિયાન તેની કાસ્ટમાં ઘણા ફેરફાર થયા છે. સતત ૧૪ વર્ષ સુધી કામ કર્યા બાદ 'તારક મહેતા'ના પાત્રમાં જોવા મળેલા શૈલેષ લોઢાએ જ્યારે શોને અલવિદા કહ્યું ત્યારે દર્શકોને જબરદસ્ત આંચકો લાગ્યો હતો. તેમની એક્ઝિટ પાછળ ઘણી અટકળો લગાવવામાં આવી. કેટલાક રિપોર્ટ્સમાં મેકર્સ સાથે તેમના ઝઘડો થયો હોવાનું કહેવામાં આવ્યું તો કેટલાકમાં નવા શોના કારણે તેમણે આ નિર્ણય લીધો હોવાનો ઉલ્લેખ કરાયો હતો. જો કે, ચોક્કસ કારણની પુષ્ટિ હજી સુધી થઈ નથી. તેઓ શો છોડીને ગયા તેને છ મહિના થઈ ગયા છે

### દેશમાં દર વર્ષે ૧૦૦૦ જેટલા ભૂકંપ આવે છે

# ભારતમાં ભૂકંપના પાંચ ઝોનમાં ૧૩ રાજ્યોમાં ખતરો

નવી દિલ્હી, તા.૭

તુર્કી-સીરિયામાં આવેલા ભૂકંપે આખી દુનિયાને હચમચાવી દીધી છે. જો આપણે આપણા દેશની વાત કરીએ તો ગયા વર્ષે ભારતમાં લગભગ ૧૦૦૦ જેટલા ભૂકંપ આવ્યાં હતા. જેમાંથી ધરતી ૨૪૦ વખત ધ્રૂજી. ભૂકંપના વિસ્તારોને પાંચ ઝોનમાં વહેંચવામાં આવ્યાં છે. ભારતમાં પાંચમા ઝોનમાં આવતા વિસ્તારોને જોખમી ગણવામાં આવે છે.ભારતમાં દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦૦ વખત ભૂકંપ આવે છે. ક્યારેક થોડું વધારે તો ક્યારેક થોડું ઓછું. પૃથ્વી ધ્રૂજારી ૨૦૦થી ૨૫૦ વખત અનુભવાય છે. આપણા દેશની લગભગ ૫૯ ટકા જમીન ભૂકંપના હાઈ ડેન્જર ઝોનમાં છે. હિમાલયના પ્રદેશો સૌથી વધુ જોખમમાં છે. આ વિસ્તારમાં કેટલાક મજબૂત ભૂકંપ આવ્યાં છે, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ખૂબ જ વધુ હતી.

૧૮૯૭માં શિલોંગ પ્લેટુ પર ૮.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. કાંગડામાં ૧૯૦૫માં ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ, ૧૯૩૪માં બિહાર-નેપાળ સરહદ પર ૮.૩ની તીવ્રતાનો ભૂકંપ, ૧૯૫૦માં અરુણાચલ-ચીન સરહદ પર ૮.૫ની તીવ્રતાનો ભૂકંપ અને પછી ૧૨૫૦માં નેપાળમાં ૭.૯ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ વિસ્તારમાં મધ્યમથી ખતરનાક સ્તરના ભૂકંપ આવે છે. કારણ કે બે ખંડોની ટેકટોનિક પ્લેટો આ વિસ્તારોની નજીક જોવા મળે છે.ભારતીય ટેકટોનિક પ્લેટ અને તિબેટીયન પ્લેટ એકબીજા સાથે અથડાય છે અને દબાણ મુક્ત કરે છે. જેના કારણે ભૂકંપ આવે છે. આ સમગ્ર ૨૪૦૦ કિલોમીટર વિસ્તારમાં સૌથી વધુ ખતરો છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ)એ દેશને પાંચ અલગ-અલગ ભૂકંપ ઝોનમાં વિભાજિત કર્યો છે. પાંચમો ઝોન દેશમાં સૌથી ખતરનાક અને સક્રિય માનવામાં આવે છે. આ ઝોનમાં આવતા રાજ્યો અને વિસ્તારોમાં વિનાશની સંભાવના સૌથી વધુ છે.પાંચમા ઝોનમાં દેશની સમગ્ર જમીનનો ૧૧ ટકા હિસ્સો છે. ચોથા ઝોનમાં ૧૮ ટકા અને ત્રીજા-બીજા ઝોનમાં ૩૦ ટકા ઝોન ૪ અને ૫ રાજ્યો સૌથી વધુ જોખમમાં છે. રાજ્ય કે તેનો વિસ્તાર કયા ઝોનમાં આવે છે. આ સમજવું જરૂરી છે. કારણ કે એક જ રાજ્યના જુદા જુદા વિસ્તારો જુદા જુદા ઝોનમાં આવે છે. સૌથી પહેલા જાણો સૌથી નબળા ઝોન વિશે.ધરતીકંપ ઝોન ૧ : આ ઝોનમાં આવતા વિસ્તારોને કોઈ ખતરો નથી. તેથી જ તેમના વિશે કહેવાનો કોઈ અર્થ નથી.

ભૂકંપ ઝોન ૨ : રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તામિલનાડુના કેટલાક ભાગો ભૂકંપ ઝોન-૨ હેઠળ આવે છે.

ભૂકંપ ઝોન ૩ : આ ઝોનમાં કેરળ, ગોવા, લક્ષદ્વીપ જૂથ, ઉત્તર પ્રદેશ અને હરિયાણાના ભાગો, ગુજરાત અને પંજાબના કેટલાક ભાગો, પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારો, પશ્ચિમ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, બિહારના કેટલાક વિસ્તારો, ઝારખંડનો ઉત્તર ભાગ અને છત્તીસગઢ અમુક વિસ્તાર આવે છે. મહારાષ્ટ્ર, ઓડિશા, આંધ્રપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ અને કર્ણાટકનો પણ કેટલોક ભાગ છે.

ભૂકંપ ઝોન ૪ : જમ્મુ અને કાશ્મીરનો ભાગ, લદ્દાખ, હિમાચલ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારો ચોથા ઝોનમાં આવે છે. આ ઉપરાંત હરિયાણા, પંજાબ, દિલ્હી, સિક્કિમ, ઉત્તર પ્રદેશનો ઉત્તરીય ભાગ, બિહારનો નાનો ભાગ અને પશ્ચિમ બંગાળ, ગુજરાત, પશ્ચિમ કિનારે નજીકનો મહારાષ્ટ્રનો કેટલોક ભાગ અને પશ્ચિમ રાજસ્થાનનો નાનો ભાગ આ ઝોનમાં આવે છે.

સૌથી ખતરનાક ઝોન ૫ : આ ઝોનમાં જમ્મુ અને કાશ્મીરનો ભાગ (કાશ્મીર ખીણ), હિમાચલનો પશ્ચિમ ભાગ, ઉત્તરાખંડનો પૂર્વ ભાગ, ગુજરાતનો કચ્છ, ઉત્તર બિહારનો ભાગ, ભારતના તમામ ઉત્તરપૂર્વીય રાજ્યો, આંદામાન અને નિકોબાર ટાપુ સમૂહ.

## ભૂકંપના હાઈ ડેન્જર ઝોનમાં હિમાલયના પ્રદેશો સૌથી વધુ જોખમમાં

# તા.૪ ફેબ્રુઆરી સુધીના દસ્તાવેજ અને સ્ટેમ્પ પેપરમાં જૂની જંત્રીનો ભાવ ચૂકવવો પડશે

ગાંધીનગર,તા.૭

હાલ નવી જંત્રી અમલમાં રહેશે તેમજ ગત તા.૪ ફેબ્રુઆરી સુધીના દસ્તાવેજ- સ્ટેમ્પ પેપરમાં જૂની જંત્રીનો ભાવ ચુકવવો પડશે. તેમ રાજ્યના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

તેમજ ઉમેર્યું હતું કે, પેપરલીક બાબતે કડક કાર્યવાહી કરવા બાબતેનું વિધેયક વિધાનસભા સત્રમાં લાવવામાં આવશે.

જાણવા મળતી માહિતી અનુસાર તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા જંત્રીનો દર બમણો કરવામાં આવ્યો છે આ બાબતે આજે રાજ્યના પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યું હતું કે, ગત તા.૪ ફેબ્રુઆરી સુધીમાં જેટલા દસ્તાવેજ કરવામાં આવ્યા હશે તેમાં જુની જંત્રી મુજબ ભાવ ચુકવવા પડશે નવી જંત્રીનો ભાવ તા.૫ ફેબ્રુઆરીથી લાગુ પડશે. મુખ્યમંત્રીએ બિલ્ડર એસોસીએશનની જંત્રી બાબતે રજૂઆતો સાંભળી હતી. જંત્રી બાબતે કોઈ ફેરફાર આવશે તો જાણ કરવામાં આવશે. આજે મુખ્યમંત્રીએ જંત્રી બાબતે અધિકારીઓ હાજરીમાં વિવિધ ડેલિગેટ સાથે ચર્ચા કરી હતી.

મહેસુલ વિભાગના જણાવ્યા મુજબ જંત્રીના સુધારેલ દરનો

### હાલ નવી જંત્રી યથાવત્:ફેરફાર કરાશે તો જાણ કરવામાં આવશે: ઋષીકેશ પટેલ

અમલ તા.૫-૨-૨૦૨૩થી શરૂ કરવાનો થાય છે તેમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે, ગત તા.૪-૨-૨૦૨૩ના રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં iORAમાં દાખલ થયેલ/ મળેલ પ્રિમીયમની ઓનલાઈન અરજીઓમાં જુના જંત્રીદર મુજબ પ્રિમીયમ વસુલવાનું રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારની નવી જંત્રીની જાહેરાત બાદ કેડાઈ- ગારેડ અને અન્ય બિલ્ડર એસોસીએશનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક કરી તેઓને આ નવી જંત્રીમાં સુધારા કરવા વિનંતી કરી હતી. તેનો અમલ તા.૧મેથી કરવા સહિતની વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં લેવાયેલી જુનીયર કલાર્કની પરીક્ષાનું પેપર લીક થયું હતું. તે બાબતે આગામી બજેટ સત્રમાં રાજ્ય સરકારનું નવું વિધેયક રજુ કરશે તેમ જણાવી મંત્રી ઋષીકેશ પટેલે ઉમેર્યું હતું કે, ૩ થી ૭ વર્ષની સજાની જોગવાઈ સાથેનું વિધેયક લાવવામાં આવશે.

પેપર લીક કરનાર અને લેનાર બન્નેની સામે કડક કાર્યવાહી કરતું વિધાયક લવાશે સરકારી પ્રેસમાં પેપર છાપવા બાબતે પણ વિચારણા કરાશે.

## પેપર લીક બાબતે કડક કાર્યવાહી કરતું બીલ બજેટ સત્રમાં લાવવામાં આવશે



જી-૨૦ સમિટ અનુસંધાને વિવિધ દેશના ડેલીગેટ્સ કચ્છના મહેમાન બન્યા છે ત્યારે ધોરડો સફેદરણ ખાતે કેમલ સફારી અને સાંસ્કૃતિક કાર્યક્રમની ઝાંખીઓ રજૂ કરીને તેમનું કચ્છી પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું.

# શહેરમાં લૂંટ ચલાવનારા પકડાયા

અમદાવાદ,તા.૭

શહેરના વાડજ અને ઓઢવમાં લૂંટ ચલાવનાર ત્રિપુટીને પોલીસે ઝડપી પાડી હતી. જાણવા મળતી માહિતી અનુસાર ડીસીબીના એસીપી ભરત પટેલના માર્ગદર્શન હેઠળ પીઆઇ પરમાર, પીએસઆઇ ગોહિલની ટીમે બાપુનગર ખાતેથી દિલીપ ઉર્ફે ડીસી રણવીરસીંગ બધેલ (ઉ.વ.૨૪, રહે. સુંદર શેઠની ચાલી, કુબેરનગર), આરીફખાન ઉર્ફે શેરૂ પઠાણ (ઉ.વ.૨૩, રહે. પંડિતની ચાલી, નરોડા પાટિયા) અને અભય ઉર્ફે ટૂંટા યાદવ (ઉ.વ.૨૩, રહે. પુષ્પાનગર, ભાર્ગવરોડ, કુબેરનગર)ને ઝડપી પાડ્યા હતા. તેઓની પાસેથી



પોલીસે ઓટોરિક્ષા, બાઇક તથા મોબાઇલ ફોન મળી કુલ રૂા.૧,૩૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેઓએ ગત તા.૩૧ જાન્યુઆરીના રોજ સવારે બાઇક ચાલકનો પીછો કરી વાડજ સર્કલ પાસે તેને આંતરી તમારી બાઇકના હપ્તા ભરેલ નથી તેમ કહી તકરાર કરી છરી બતાવી બાઇક, મોબાઇલ ફોન, રૂા.૫ હજાર તેમજ પાકીટની લૂંટ કરી હતી.

તેવી જ રીતે ગત તા.૨૯ જાન્યુ.ના રોજ કૃષ્ણનગરથી સીટીએમ તરફના રોડ ઉપર તેઓએ એક વ્યક્તિને મુસાફર તરીકે બેસાડી વિરાટનગર ચાર રસ્તા બ્રિજ ખાતે રિક્ષા ઉભી રાખી તેની સાથે રિક્ષા ભાડા બાબતે ઝઘડો કર્યો હતો તેમજ અન્યએ મોબાઈલ ફોનની લૂંટ ચલાવી હતી.

## વાડજ- ઓઢવમાં લૂંટ ચલાવનાર ત્રિપુટી પાસેથી ઓટો રિક્ષા, બાઇક અને મોબાઇલ કબજે કર્યા

# રાજ્યમાં બેવડી ઋતુનો અહેસાસ

અમદાવાદ,તા.૭

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનું પ્રમાણ ઘટતા લોકોને રાહત થઈ છે. સવારે ઠંડી અને બપોરે ગરમી એમ બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. નલિયામાં આજે ૧૩ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી, જ્યારે અમદાવાદમાં ૧૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં આગામી ૪-૫ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થવાની સંભાવના નહિવત છે.

### મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ઉચકાયો

રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ઉંચે જતા ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે બપોરના સમયે ઓફિસ તથા દુકાનોમાં પંખા ધમધમી રહ્યા છે. જો કે, મોડી રાત્રે ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક શહેરોમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. ધુમ્મસના કારણે સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડી ગાયબ થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા નોંધાયેલા લઘુત્તમ આંકડા પ્રમાણે ભૂજમાં ૧૭, કંડલાપોર્ટ અને કંડલા એરપોર્ટમાં ૧૯ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. જ્યારે ભાવનગરમાં ૧૮, દ્વારકા- ઓખામાં ૨૦, પોરબંદરમાં ૧૬, રાજકોટમાં ૧૭, વેરાવળમાં ૧૯, દીવમાં ૧૫, સુરેન્દ્રનગર, મહુવામાં ૧૮, કેશોદમાં ૧૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### પ્રથમ પ્રવાસન કાર્યકારી જૂથની બેઠકની શરૂઆત

# જી-૨૦નું પ્રમુખપદ સંભાળવું એ ભારત માટે સન્માન અને જવાબદારીની બાબત:રેડ્ડી

ગાંધીનગર, તા. ૭

જી-૨૦ અંતર્ગત પ્રવાસન મંત્રાલય દ્વારા આયોજિત પ્રવાસન કાર્યકારી જૂથની પ્રથમ બેઠક સામુદાયિક સશક્તિકરણ અને ગરીબી નાબૂદી માટે ગ્રામીણ પ્રવાસન પર પેનલ ડિસ્કશનના સહકાર્યક્રમ સાથે આજે શરૂ થઈ હતી. આજના આ સહકાર્યક્રમાં કેન્દ્રીય સાંસ્કૃતિક, પ્રવાસન અને ઉત્તર પૂર્વી પ્રદેશ વિકાસ વિભાગના મંત્રી જી. કે. રેડ્ડી મુખ્ય વક્તવ્ય આપ્યું હતું.

પેનલ ડિસ્કશનમાં ઈન્ડોનેશિયા, ઈટાલી, સ્પેન, જાપાન, યુએનઈપી સાથે આઈએલઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ભારતમાંથી ઓયો અને ગ્લોબલ હિમાલયન એકસપિડિશન સાથે મધ્ય પ્રદેશ, ગુજરાત અને નાગાલેન્ડ સરકારના પ્રતિનિધિઓએ ચર્ચામાં ભાગ લીધો હતો.

### આજના મુખ્ય કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે

કેન્દ્રીય સંસ્કૃતિ, પ્રવાસન અને ઉત્તર-પૂર્વી પ્રદેશ વિકાસ વિભાગના મંત્રી જી. કે. રેડ્ડીએ સંબોધન કરતાં કહ્યું હતું કે, જ્યારે વિશ્વ અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે, ત્યારે આ કટોકટીની ઘડીએ જી-૨૦નું પ્રમુખપદ સંભાળવું એ ભારત માટે સન્માન અને જવાબદારીની બાબત છે. ભારતનાં જી-૨૦નાં પ્રમુખપદ દરમિયાન સ્થાયી વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવા માટેનાં એક વાહન તરીકે પ્રવાસનનો ઉપયોગ કરવા પર ભારત ધ્યાન કેન્દ્રિત કરે છે. મહાત્મા ગાંધીને ટાંકીને જી. કે. રેડ્ડીએ જણાવ્યું હતું કે, ભારતનો આત્મા તેના ગામડાઓમાં વસે છે અને આ રીતે આપણાં ગામડાઓ પ્રદર્શિત કરીને દેશની જીવનશૈલી, દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસત અને દેશની કુદરતી સુંદરતા પ્રદર્શિત કરવામાં આવી રહી છે. આત્મનિર્ભર ગામડાં

(અનુસંધાન બીજા પાને)






JAIHIND - AHMEDABAD, REGD. No. GAMC-127/2021-2023, Valid upto 31-12-2023. R.N.I. Regn. No. 6301/62 • Daily Posted at Ahmedabad RMS